**આજનો સુવિચાર**

જે નથી દેખાતું તે જોવાની કળા તેનું નામ જ દર્શન

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૭ અંક : ૨૪૮ જૂનાગઢ તા.૦૬-૧૦-૨૦૨૩ શુક્રવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 47 Volume : 248, Junagadh : Date : 06 October, 2023, Friday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh, GUJARAT, India. • Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor Abhijeet K. Upadhyay

## સતત ચોથી વખત વ્યાજદર યથાવત : EMI નહી વધે

### રીઝર્વ બેંકે રેપોરેટ ૬.૫ ટકા યથાવત રાખ્યો : ચાલુ વર્ષે ફુગાવો ૪.૫ ટકા રહેવાની ધારણા

મુંબઈ તા. ૬

રીઝર્વ બેંકે સતત ચોથી વખત વ્યાજ દરો ૬.૫ ટકા પર યથાવત રાખ્યા છે. એટલે કે તમારો **EMI** વધશે નહીં. રીઝર્વ બેંકનાં ગવર્નર શક્તિકાંત દાસે આજે મોનેટરી પોલિસી કમિટીના નિર્ણયો વિશે માહિતી આપી હતી. નાણાકીય નીતિ સમિતિની બેઠક ૪ ઓક્ટોબરના રોજ શરૂ થઈ હતી. હાલમાં, રેપો રેટ ૬.૫૦ટકા છેઅને નિષ્ણાતો પહેલેથી જ તે સ્થિર રહેવાની અપેક્ષા રાખતા હતા. ગત વર્ષે કેન્દ્રીય બેંક તેની ટોચે પહોંચેલા મોંઘવારી દરને અંકુશમાં લેવા માટે, આ દર એક પછી એક ઘણી વખત વધારવામાં આવ્યો હતો. મે ૨૦૨૨માં રેપો રેટ ૪ ટકા હતો, જે ફેબ્રુઆરી ૨૦૨૩ સુધીમાં ૬.૫૦ ટકા સુધી પહોંચી ગયો હતો. જો કે ત્યારપછી તેને યથાવત રાખવામાં આવ્યો છે. શક્તિકાંત દાસે કહ્યું કે વિશ્વમાં પડકારો હોવા છતાં, ભારત ગ્રોથ એન્જિન બનેલું છે.

## ચૂંટણી પહેલા લોભામણી જાહેરાતો મામલે સુપ્રિમ કોર્ટે કેન્દ્ર સરકાર, ચૂંટણીપંચ, મધ્યપ્રદેશ, રાજસ્થાન સરકારને નોટીસ ફટકારી

નવી દિલ્હી તા. ૬

આગામી ટુંક સમયમાં દેશનાં પાંચ રાજયોમાં વિધાનસભાની ચૂંટણી યોજાવાની છે ત્યારે લોકોને લોભામણી યોજનાઓની જાહેરાત બાબતે સુપ્રિમ કોર્ટમાં જાહેરહિતની અરજી દાખલ કરવામાં આવી હતી. જેમાં જનતાનાં પૈસાનો દુરૂપયોગ રોકવાની માંગ કરવામાં આવી હતી. પીઆઈએલમાં એવું કહેવાયું હતું કે, ચૂંટણી પહેલા લોકલુભાવન યોજનાઓ જાહેર કરવી તે એક પ્રકારની લાંચ છે. નામદાર સુપ્રિમ કોર્ટે પીઆઈએલ પર સુનાવણી હાથ ધરતા કેન્દ્ર સરકાર, ચૂંટણીપંચ રાજસ્થાન સરકાર અને મધ્યપ્રદેશ સરકારને નોટીસ ફટકારી આ મામલે ચાર સપ્તાહમાં જવાબ આપવા જણાવ્યું છે.

### ચૂંટણીપંચે આજે મહત્વની બેઠક બોલાવી : બે-ત્રણ દિવસમાંજ પાંચ રાજયોની ચૂંટણી તારીખો જાહેર થશે

નવી દિલ્હી તા. ૬ : દેશનાં ચૂંટણીપંચે આજે પાંચ રાજયોનાં ચૂંટણી અધિકારીઓની બેઠક બોલાવી છે. આધારભૂત સુત્રોનાં જણાવ્યા મુજબ બે-ત્રણ દિવસમાં જ પાંચ રાજયોનીવિધાનસભા ચૂંટણીનો કાર્યક્રમ જાહેર થઈ જશે તેવું જાણવા મળે છે.

### સમાચાર રાઉન્ડ અપ

- રાજૌરીમાં સૈન્ય શિબીરમાં મેજરે અંધાધુંધ ગોળીબાર અને ગ્રેનેડ હુમલો કર્યો : ત્રણ અધિકારી ગંભીર
- યુક્રેન પર રશિયાનાં ડ્રોન હુમલામાં ૪૯ લોકોનાં મોત
- સીરીયાનાં હોમ્સ શહેરમાં મીલીટ્રી એકેડેમી ઉપર ડ્રોન હુમલો : ૧૦૦થી વધુનાં મોત : ૧૨૫ ઘાયલ
- વિશ્વમાં મંદીનો માહોલ : માંગ ઘટતા ક્રુડ ઓઈલનાં ભાવમાં ૬ ટકાનો ઘટાડો
- કેરળમાં સગીરા પર બળાત્કારનાં કેસમાં આરોપીને ૮૦ વર્ષની જેલની સજા

## મુંબઈનાં ગોરેગાંવમાં ૬ માળની ઈમારતમાં આગ લાગતા ૭નાં મોત

મુંબઈ તા. ૬

મુંબઈનાં ગોરેગાંવમાં ૬ માળની ઈમારતમાં આગ લાગતા બે બાળકો તથા બે મહિલાઓ સહિત ૭લોકોના આગમાંદાઝી જવાથી અને ગુંગળાઈ જવાથી મૃત્યુ થયા છે જયારે ૪૦ લોકો ગંભીર રીતે દાઝી જતા તેઓને સારવાર માટે નજીકની હોસ્પીટલમાં દાખલ કરાયા હતા જેમાં અનેકની હાલત ગંભીર માનવામાં આવે છે. આ આગના કારણે ઈમારતના પાર્કીંગમાં રહેલા ૪૦ બાઈક તથા ૩ કાર પણ સંપુર્ણ સળગી ગયા હતા.

મુંબઈના ગોરેગાવના આઝાદનગરની 'જય ભવાની' નામની બહુમાળી ઈમારતમાં આજે વહેલી સવારના ૩ વાગ્યે અચાનક જ આગ ફાટી નીકળી હતી. આગ પાર્કીંગ એરીયાથી જ શરુ થઈ હતી અને જોતજોતામાં તેણે ઈમારતના એક બાદ એક માળને ચપેટમાં લેવાનું શરુ કરતા ચીસાચીસ મચી ગઈ હતી. ફાયરબ્રિગેડે લગભગ ચાર કલાકની જહેમતબાદ આગને કાબુમાં લીધી હતી. કુલ ૭ લોકોના મોત થયા છે જયારે ૪૦ લોકોને બચાવી લેવાયા છે પણ તેમાં અનેક લોકો દાઝી જવાથી અને ગુંગળાઈ જવાથી ગંભીર ઈજાગ્રસ્ત બન્યા છે.

**સી.સી. પડદાવાળા**

**PRODUCTS**

- ડાઈનીંગ ટેબલ
- મોડયુલર કિચન
- મેઈનડોર
- બેડ વીથ સાઈડટેબલ
- મંદિર વર્ક
- ટી.વી. યુનિટ
- બાથરૂમ એસેસરીઝ
- સોફાસેટ
- વોલપેપર
- સેન્ટર ટેબલ
- કાર્ટન
- ક્રોસીંગ યુનિટ
- મેટ્રસ

તળાવ ગેટ, રેલ્વે ક્રોસીંગ પાસે, પહેલા માળે,, સહયોગ ચેમ્બર સામે, જૂનાગઢ - ૩૬૨૦૦૧
મો. ૯૯૭૮૬ ૫૪૧૫૫

ધોરણ-૧૦-૧૨ પાસ/નાપાસ તેમજ અન્ય યુવાનો માટે સુવર્ણ તક

**NIT® ટેકનીકલ કોલેજ**

સર્ટીફીકેટ કોર્ષ
- ૧૦૦% પ્રેક્ટીકલ
- સરળ ભાષામાં થિયરી
- હોસ્ટેલ સુવિધા
- બસસ્ટેન્ડથી તદ્દન નજીક
- રેલ્વે સ્ટેશનથી નજીક
- ફ્રી ડેમો ટ્રાયલ


⇨ કોમ્પ્યુટર હાર્ડવેર, નેટવર્કીંગ, મધરબોર્ડ, લેપટોપ રીપેરીંગ શીખો
⇨ કિપેડ વાળા એન્ડ્રોઈડ, I-Phone ટેબ્લેટ રીપેરીંગ શીખો.
⇨ LED, LCD TV રીપેરીંગ, CCTV કેમેરા ફીટીંગ તથા રીપેરીંગ શીખો
⇨ ફ્રીઝ, એ.સી., વોશીંગ મશીન વગેરે તમામ વસ્તુનાં રીપેરીંગ કોર્ષ ૧૦૦% ગેરંટી સાથે શીખો

Mo.: 95861 11213 / 90811 52535
સંકલ્પ કોમ્પ્લેક્ષ, ત્રીજા માળે, બસસ્ટેન્ડ પાસે, જૂનાગઢ
Web : www.nitjnd.com

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)

**ડૉ. ધવલ સંઘવી**

ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો




બી.એ.એમ.એસ. (B.V.P.U.). Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે
નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩

તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત

વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક

**દરેક જગ્યાએ ઉપલબ્ધ**


કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
**અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...**

ઓપરેશનો મફત... ઓપરેશનો મફત.. ઓપરેશનો મફત
● પીએમજય / આયુષ્યમાન કાર્ડ ધારકો માટે જ

**હરિ-કલા+ યુરોસર્જીકલ હોસ્પિટલ**

**ડો. જયંત એચ. પંડયા**

જનરલ લેપ્રોસ્કોપી સર્જન અને એનોરેકટલ સર્જન



ઉપલબ્ધ સેવાઓ :
- હરસ, મસા, ભગંદર માટેની અદ્યતન IRCA,HAL LASER મશીનથી એક દિવસમાં સર્જરી અને રજા અને ગેરેંટીથી નાબૂદ થશે
- પથરી, પ્રોસ્ટેટ, સારણ ગાંઠ, એપેન્ડીકસના લેપ્રોસ્કોપી દૂરબીનથી ઓપરેશનો

પહેલો માળ, શ્રીજી ટાવર, કોર્ટ રોડ, જુના બસસ્ટેશન સામે, જૂનાગઢ-૧ ફોન : (૦૨૮૫) હો. ૨૬૨૪૫૯૪,
મો. ૯૪૨૮૫ ૭૫૮૮૭, ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪

બીજી બ્રાંચ: હેલ્થ પ્લસ મલ્ટીસ્પેશ્યાલીટી હોસ્પીટલ અને રીસર્ચ સેન્ટર
લાલબહાદુરશાસ્ત્રી સોસાયટી, બસસ્ટેશન રોડ, જૂનાગઢ
મો. ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪

**રાજકોટથી કોઈ પણ વસ્તુ મગાવો અમારી સાથે**




CALL : 99097 06464 | 97263 77707

ભકિત નગર સ્ટેશન પ્લોટ, ગોડાઉન રોડ, મનહર પ્લોટ, શેરી નં.-૧૦, ગુજરાત પાન સામે, રાજકોટ- ૩૬૦૦૦૨

### મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ ગુજરાતના તમામ ગામોમાં ઘર આંગણે પશુ સારવાર સેવા વિનામૂલ્યે ઉપલબ્ધ કરાવવાનો રાજ્ય સરકારનો મક્કમ નિર્ધાર

# ‘૧૦ ગામ દીઠ એક મોબાઈલ પશુ દવાખાના’ યોજના હેઠળ ચાલુ વર્ષે ૨૫૦ નવીન મોબાઈલ પશુ દવાખાના શરૂ કરાશે

ગાંધીનગર તા.૬

ગુજરાતના સર્વાંગીણ વિકાસ માટે ઉદ્યોગસહિતના અન્ય ક્ષેત્રો સાથે પશુપાલન ક્ષેત્રને પણ એટલું જ મહત્વ આપવામાં આવી રહ્યું છે. રાજ્યની પોણા ત્રણ કરોડ જેટલી પશુ સંપદા-સમૃદ્ધિને આરોગ્ય રક્ષા કવચ પુરૂં પાડી ‘દરેક જીવને અભયદાન‘નો મંત્ર સાકાર કરવા રાજ્ય સરકાર પ્રતિબદ્ધ છે. પશુપાલકોના આર્થિક ઉત્થાન માટે રાજ્ય સરકાર દ્વારા સમયાંતરે અનેકવિધ પશુ કલ્યાણકારી પ્રયાસો હાથ ધર્યા છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ રાજ્યમાં શરૂ કરેલી પશુ આરોગ્ય સેવાનો વ્યાપ વધારવા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ એક મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. પશુ સારવાર માટેની મહત્વપૂર્ણ યોજના ‘૧૦ ગામ દીઠ એક મોબાઈલ પશુ દવાખાના‘ અંતર્ગત રાજ્યમાં ચાલુ વર્ષે EMRI-GHS મારફતે ૨૫૦ નવા ફરતા પશુ દવાખાના શરૂ કરવામાં આવશે. પશુપાલન મંત્રી શ્રી રાઘવજી પટેલે આ અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે, ગુજરાત આજે દરેક ક્ષેત્રે અગ્રીમ હરોળ તરફ આગળ વધી રહ્યું છે. પશુપાલન ક્ષેત્રે પણ ગુજરાત હરહંમેશ અગ્રેસર રહે તે માટે રાજ્ય સરકાર દ્વારા મહામૂલા પશુધન માટે ઘર આંગણે પશુ ચિકિત્સા સેવાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી છે. ‘૧૦ ગામ દીઠ એક મોબાઈલ પશુ દવાખાના‘ યોજના હેઠળ ગુજરાતમાં કાર્યરત ૪૬૦ મોબાઈલ પશુ દવાખાના થકી અત્યારે ૫,૩૦૦ થી વધુ ગામના પશુઓને વિનામૂલ્યે સારવાર સેવાઓ પૂરી પાડવામાં આવી રહી છે. રાજ્યના મહત્તમ ગામડાઓને આ સેવાનો લાભ મળે તે માટે નવા ફરતા પશુ દવાખાના શરૂ કરી વધુ ગામડાઓને આવરી લેવાની રાજ્ય સરકારની નેમ છે. મંત્રી પટેલે ઉમેર્યું હતું કે, આ નેમને પરિપૂર્ણ કરવા મુખ્યમંત્રીશ્રીના નેતૃત્વ હેઠળ ચાલુ વર્ષ ૨૦૨૩-૨૪માં જ નવા ૨૫૦ ફરતા પશુ દવાખાના શરૂ કરવાનો રાજ્ય સરકાર દ્વારા પશુ હિતલક્ષી નિર્ણય કરવામાં આવ્યો છે. જે પૈકીના ૨૦૦ નવીન ફરતા પશુ દવાખાના બિન-આદિજાતિ વિસ્તારમાં અને ૫૦ નવીન ફરતા પશુ દવાખાના આદિજાતિ વિસ્તારમાં શરૂ કરવામાં આવશે. જેના માટે કુલ રૂ. ૧૭.૭૫ કરોડ મંજૂર કરવામાં આવ્યા છે.

પશુપાલન મંત્રીએ વધુમાં ઉમેર્યું કે, નવા ૨૫૦ ફરતાં પશુ દવાખાનાના માધ્યમથી રાજ્યના વધુ ૨૫૦૦ જેટલા ગામના પશુઓને ઈમરજન્સીમાં ઓન કોલ ૧૯૬૨ નંબર પર ફોન કરવાથી ઘર આંગણે જ પશુ સારવારની સેવાઓ વિનામૂલ્યે પૂરી પાડવામાં આવશે. ગામોમાં આ સેવા ઘરબેઠા ઉપલબ્ધ થવાથી જે તે વિસ્તારમાં પશુચિકિત્સા સેવાના વ્યાપમાં પણ વધારો થશે. કુદરતી હોનારત અને રોગચાળો ફાટી નીકળે તેવી વિકટ સ્થિતિમાં પણ રોગચાળા નિયંત્રણની કામગીરી માટે આ ફરતાં પશુ દવાખાના ઉપયોગી સાબિત થશે, તેમ મંત્રીશ્રીએ ઉમેર્યું હતું.

# રાજકોટના કુશળ નાટ્યકાર દિગ્દર્શન, લેખન, અભિનય, નિર્માણ ક્ષેત્રે ઉત્કૃષ્ટ પ્રદાન આપી ચૂકેલા નિર્લોક પરમારને રાજ્ય સરકારનો “કલા ગૌરવ પુરસ્કાર”





### ૪૧ વર્ષની કલાયાત્રા દરમ્યાન ૧૧૭ આકાશવાણી સ્વર નાટકો, ૭૩ નાટકો, ૫૩ ટેલીફિલ્મ, ૬ ગુજરાતી ફિલ્મ સહિત ૩૧૩ કૃતિઓનું કર્યું નિર્માણ

(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ તા. ૬

રાજ્ય સરકાર દ્વારા વર્ષ ૨૦૧૯-’૨૦નો “કલા ગૌરવ પુરસ્કાર” ૬૮ વર્ષના અડીખમ અને કુશળ નાટ્યકાર શ્રી નિર્લોક પરમારને અર્પણ કરવામાં આવ્યો છે. ત્યારે ૪૧ વર્ષની તેમની કલાયાત્રા દરમિયાન તેઓ દિગ્દર્શન, લેખન, અભિનય, નિર્માણ ક્ષેત્રે ઉત્કૃષ્ટ પ્રદાન આપી ચૂકયા છે. જામનગર જિલ્લાના ભાવાભી ખીજડીયા ગામે જન્મેલા શ્રી નિર્લોક પરમારના ચિત્તમાં નાનપણથી જ લોકગીતો, લોકનાટય ભવાઈ અને સંતવાણીના બીજ રોપાયા હતા. જે રંગનગરી રાજકોટની કલાભૂમિ પર વટવૃક્ષ બનીને ખીલી ઉઠયા. આ કલાયાત્રા દરમ્યાન તેઓ રંગભૂમિ, રેડિયો, ટેલિવિઝન (સ્મોલ સ્ક્રીન), ફિલ્મ (મૂવી) અને પ્રિન્ટ મીડિયા આ તમામ ક્ષેત્રે વિશિષ્ટ અને ગૌરવપ્રદ યોગદાન આપી રહ્યા છે. તેમણે નાટયક્ષેત્રે ૪૭ એકાંકી નાટકો અને ૨૬ દ્વિઅંકી નાટકો મળી કુલ ૭૩ નાટકો કર્યા, જે પૈકી ૨૭ નાટકો એવોર્ડ વિનર થયા. ૪૩ નાટકોનું દિગ્દર્શન, ૧૮ નાટકોમાં અભિનય અને ૨૧ નાટકોનું તેમણે લેખન કર્યું છે. ગુજરાત રાજય સંગીત નાટક અકાદમીની નાટય સ્પર્ધાઓમાં નિર્લોકભાઈ દ્વારા દિગ્દર્શિત-લિખિત અને નિર્મિત દ્વિઅંકી નાટક : ’રાજધર્મ’ પાંચ એવોર્ડ સાથે ગુજરાત રાજયમાં પ્રથમ નંબરે વિજેતા થયું. જયારે એકાંકી નાટક : ’કરૂણાંતિકા’ ત્રણ એવોર્ડ સાથે રાજયમાં પ્રથમ નંબરે વિજેતા થયું હતું. અખિલ ભારતીય નાટય સ્પર્ધા બરેલી ખાતે એકાંકી હિન્દી નાટક : ’કરૂણાંતિકા’ દ્વિતીય નંબરે વિજેતા થયું હતું તેમજ મોનો એક્ટિંગ: પૃથ્વી’ (લેખક) તેમજ ’દિકરી–ઢીંગલી’ (લેખક) ગુજરાત રાજયમાં પ્રથમ અને દ્વિતીય નંબરે વિજેતા થયા છે તેમજ તેમના અનેક નાટકો દ્વિતીય અને તૃતીય નંબરે વિજેતા થયા છે. નિર્લોકભાઈના અનેક નાટકો ભારત અને ગુજરાતના અનેક નગરો, મહાનગરોમાં ભજવાયા છે. ઉપરાંત, તેમણે ગુજરાત રાજય યુવા ઉત્સવો, યુવક મહોત્સવો, કલા મહાકુંભ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, G.T.U. તેમજ નેશનલ સાયન્સ ડ્રામા ફેસ્ટીવલ, રાજય કક્ષા બાળ પ્રતિભા શોધ વિગેરેમાં પણ નિર્ણાયક તરીકે સેવાઓ આપી છે. નિર્લોકભાઈએ છેલ્લા એક દશકાથી એકલપંડે નિઃશુલ્ક નાટયશાળા ’ઉત્સવ એક્ટિંગ એકેડેમી’ ચલાવી સેંકડો રંગકર્મીઓને રંગભૂમિ પર રમતા કર્યા છે. બે વર્ષથી બાલભવન, રાજકોટમાં નિઃશુલ્ક ચિલ્ડ્રન થિયેટર ચલાવી અનેક બાળકોને નાટ્ય તાલીમ આપી નાટ્યક્ષેત્રે વિશિષ્ટ અને ગૌરવપ્રદ કાર્ય કર્યુ છે. નિર્લોકભાઈએ આકાશવાણી, રાજકોટ (AIR)માં B-હાઈ ગ્રેડ ડ્રામા આર્ટિસ્ટ તરીકે નેશનલ પ્લે, નાટય શ્રેણીઓ સહિત ૧૧૭ નાટકોમાં સ્વર અભિનય આપ્યો છે. દૂરદર્શનના માન્ય કલાકાર તરીકે હ્રદ્ધ્રદ્મમાં કુલ ૫૩ જેટલી કૃતિઓ કરી છે, જે પૈકી ૧૧નું દિગ્દર્શન કર્યું છે. ૨૭ કૃત્તિઓમાં અભિનય અને ૧૮નું લેખન કરેલ છે. તેમની ટેલિફિલ્મ : ’ધર્મયોદ્ધા’ સમગ્ર દૂરદર્શન કેન્દ્ર, દિલ્હીની સ્પર્ધામાં ભારતમાં પ્રથમ નંબરે વિજેતા થઈ અને આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે ચીન–શાંગહાઈ ખાતે તેણે ભારતનું પ્રતિનિધિત્વ પણ કર્યું હતું. પ્રીન્ટ મીડિયા ક્ષેત્રે પણ નિર્લોકભાઈએ પ્રદાન આપ્યું છે. તેમના કટાર લેખોનું પુસ્તક ’ફાઈલ ચાલે છે’ પ્રકાશિત થયું છે, વિશ્વકોષ અધિકરણો તેમજ અખબારો, મેગેઝીનોમાં નાટકોના રિવ્યુ, ફિલ્મના રિવ્યુ, વ્યકિત વિશેષ, ધાર્મિક સહિત અનેક લેખો તેમણે લખ્યા છે. તેમણે ૬ ગુજરાતી ફિલ્મો (મૂવી) પણ કરેલ છે. આમ, નાટક, આકાશવાણી સ્વર નાટક, ટેલીફિલ્મ, ગુજરાતી ફિલ્મ, આલ્બમ ડોકયુમેન્ટ્રી સહિત ૩૧૩ કૃતિઓ સાથે ૪૧ વર્ષની અવિરત કલાયાત્રા દરમિયાન અનેક દિગ્ગજ કલાકારો, કલા સંસ્થાઓ, ધાર્મિક, શૈક્ષણિક સંસ્થાઓ સાથે સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ કરનાર નાટયકાર નિર્લોક પરમાર આજે ૬૮ વર્ષે અડિખમ બનીને કલાક્ષેત્રે વિશિષ્ટ ગણનાપાત્ર અને ગૌરવપ્રદ કલાકર્મ કરી રહ્યા છે.

આલેખન-ડો. દિવ્યા ત્રિવેદી

## શ્રી પ્રેમાનંદ વિદ્યા મંદિરની વિદ્યાર્થીનીએ રિસર્ચ પેપર રજૂ કર્યું અને તેમાં વિજેતા બની



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૬

થોડા સમય પહેલા જૂનાગઢમાં નેશનલ ચિલ્ડ્રન્સ સાયન્સ કોંગ્રેસ ૨૦૨૩નું આયોજન થયું હતું. આ જિલ્લા કક્ષાના બાળ વૈજ્ઞાનિકોના રિસર્ચ પેપર પ્રેઝન્ટેશનમાં સમગ્ર જિલ્લામાંથી લગભગ પોણા ત્રણસો જેટલી કૃતિઓ આવી હતી. જેમાંથી શ્રી પ્રેમાનંદ વિદ્યા મંદિરની વિદ્યાર્થીની ઓરા આનંદી પ્રતાપભાઈ એ "સોશિયલ એન્ડ કલ્ચરલ પ્રેક્ટિસિસ ફોર ઈકો સિસ્ટમ એન્ડ હેલ્થ" થીમ ઉપર પોતાનું પેપર રજૂ કર્યું હતું અને તેમાં તેઓ તૃતીય ક્રમે ઉત્તીર્ણ થયા છે. આ વિદ્યાર્થીની હવે રાજ્ય કક્ષાએ પ્રેઝન્ટેશન કરવા માટે જશે. જે માટે મુક્તાનંદજી બાપુ, ગિજુભાઈ ભરાડ તથા ડો. માતંગભાઈ પુરોહિત અને પ્રેમાનંદ સ્કૂલના સ્ટાફએ તેમને અભિનંદન સહ શુભેચ્છાઓ પાઠવે છે.

# ભવનાથના ગેસ્ટ હાઉસ, ધર્મશાળામાં ચેકીંગ : એન્ટ્રી ન કરનાર સામે ગુનો દાખલ

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૬

ભવનાથ તળેટીમાં આવેલ ગેસ્ટ હાઉસો, ધર્મશાળામાં એસઓજીએ ચેકીંગ હાથ ધરી ૨ ગેસ્ટ હાઉસ, ૨ હોટેલ અને ૧ ધર્મશાળા સંચાલક સામે મુસાફરોની ઓનલાઈન એન્ટ્રી નહિ કરવા સબબ ગુનો નોંધીને કાર્યવાહી કરી હતી. જૂનાગઢ એસઓજીના પીઆઈ એ. એમ. ગોહિલના માર્ગદર્શનમાં તેમના સ્ટાફે ભવનાથ તળેટી ખાતેના ગેસ્ટ હાઉસોમાં ગત રાત્રે ઓચિંતુ ચેકિંગ હાથ ધરતાં ૨ ગેસ્ટ હાઉસ સંચાલક, ૨ હોટેલ સંચાલક અને ૨ ધર્મશાળા સંચાલકે તેમને ત્યાં રોકાતા મુસાફરો અંગેનું રજીસ્ટર નિભાવ્યું હતુ પરંતુ પથિક સોફટવેર ઓનલાઈન એન્ટ્રી કરી ન હોવાનું જણાયું હતું. જેથી જાનકી ગેસ્ટ હાઉસ (સંચાલક ચિરાગ જીવનભાઈ મોરધરા), ગીરીરાજ ગેસ્ટ હાઉસ(સંચાલક કમલેશભાઈ રમણીકભાઈ જોટાણીયા), વાંઝા જ્ઞાતિ ધર્મશાળા(સંચાલક દેવેન્દ્રભાઈ રાજશીભાઈ પાનેરા), મંગલમ હોટેલ(ભૌતિક કાનાભાઈ ગોજીયા), હોટેલ કસબા (સંચાલક ગોપાલભાઈ દુદાભાઈ પિઠીયા) વિગેરે સામે ધોરણસરની કામગીરી હાથ ધરવામાં આવી છે.

## પ્રદેશ ભાજપ દ્વારા ગીર-સોમનાથ દલિત વસ્તી સંપર્ક અભિયાન અંતર્ગત સુત્રાપાડામાં વાલ્મીકિ સમાજ સાથે લોકસંવાદ કાર્યક્રમ કરતાં પૂર્વ કેબિનેટ મંત્રી જશાભાઈ બારડ

(પ્રતિનિધિ દ્વારા)

પ્રાચી તીર્થ તા.૬




પ્રદેશ ભારતીય જનતા પાર્ટી અને ગીર-સોમનાથ જિલ્લા ભારતીય જનતા પાર્ટી દ્વારા દલિત વસ્તી સંપર્ક કાર્યક્રમ અન્વયે ગીર-સોમનાથ જિલ્લાના સુત્રાપાડા નગરપાલિકા વોર્ડ નંબર-૬માં વાલ્મીકિ સમાજના લોકો સાથે સંવાદ કાર્યક્રમ વાલ્મીકિ સમાજના આગેવાનના આંગણે સુત્રાપાડાના વતની અને ગુજરાત રાજયના પૂર્વ કેબિનેટ મંત્રી જશાભાઈ બારડના અધ્યક્ષ સ્થાને યોજાયેલ. આ કાર્યક્રમની શરૂઆત ડો. બાબા સાહેબ આંબેડકરની તસવીરને ફૂલહાર અર્પણ તેમજ વાલ્મીકિ સમાજના આગેવાનોનું સન્માન કરવામાં આવેલ હતું. સમાજમાં સમરસતા આવે અને કેન્દ્ર સરકાર અને રાજય સરકારની અનુસુચિત જાતિની યોજનાઓથી લોકો માહિતગાર થાય અને વધુમાં વધુ લોકોને આયોજનાનો લાભ મળે તે હેતુથી આ દલિત સંપર્ક અભિયાનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પૂર્વ કેબિનેટ મંત્રી જશાભાઈ બારડે કેન્દ્ર સરકાર અને રાજય સરકારની અનુચુચિત જાતી માટેની યોજના વિષે માહિતી આપી ઉપરાંત સરકારની યોજનાઓથી સમાજ માહિતગાર થાય અને વધુને વધુ લોકો આ યોજનાઓનો લાભ મળે તે વિષે લોકોને માહિતગાર કરેલ હતા. આ તકે જશાભાઈ બારડે જણાવેલ કે સુત્રાપાડા વિસ્તારમાં દરેક સમાજ એકસાથે હળીમળી અને ભાઈચારાથી કોઈ પણ જાતના ભેદભાવ વગર સાથે રહીને કામો કરે છે. સુત્રાપાડા શહેરની સફાઈમાં વાલ્મીકિ સમાજનો મહત્વનો ફાળો રહેલ છે જેથી વાલ્મીકિ સમાજના કાર્યોને પૂર્વમંત્રી જશાભાઈ બારડે બિરદાવેલ હતા. વાલ્મીકિ સમાજના વિવિધ પ્રશ્નો સાંભળ્યા હતા અને તે પ્રશ્નોનાં નિરાકરણ માટે ખાતરી આપેલ હતી. આ તકે પૂર્વ કેબિનેટ મંત્રી જશાભાઈ બારડની સાથે સુત્રાપાડા નગરપાલિકાના પ્રમુખ રમેશભાઈ વડાંગર, તેમજ નગરપાલિકાના સભ્યો જેસિંગભાઈ કામાળીયા, અજયભાઈ કાછેલા, રામસિંગભાઈ વાણવી, રાજેશભાઈ કામળીયા, જાદવભાઈ વાણવી, રામભાઈ પટેલ, નાનુંભાઈ ચૌહાણ, સુરેશભાઈ મેર તેમજ વાલ્મીકિ સમાજના આગેવાનો સંજયભાઈ ચૌહાણ, રાજુભાઈ ચૌહાણ, બાબુભાઈ ચૌહાણ, અમરસિંહભાઈ ચૌહાણ વગેરે આગેવાનો હાજર રહી અને ભારતીય જનતા પાર્ટીના આ લોક સંવાદ કાર્યક્રમને બિરદાવેલ હતો. (તસ્વીર : જાદવભાઈ ચુડાસમા)

# આગામી મંગળવારે વણઝારી ચોક સ્થિત ગેબનશા પીરની દરગાહ ખાતે ઉર્ષની શાનદાર ઉજવણી કરાશે

જૂનાગઢ તા. ૬

જૂનાગઢનાં હૃદયસમા વિસ્તાર વણઝારી ચોક ખાતે આવેલ હિન્દુ મુસ્લીમ એકતાનાં પ્રતિકસમાન હઝરત ગેબનશા પીરની દરગાહનાં ઉર્ષની આગામી તા. ૧૦ ઓકટોબર મંગળવારનાં રોજ પરંપરાગત ઉજવણી કરવામાં આવશે. જેમાં સાંજે ન્યાઝ (પ્રસાદી)નો કાર્યક્રમ અને રાત્રે મિલાદ અને કવ્વાલીનો કાર્યક્રમ રાખવામાં આવેલ છે. ઉર્ષનાં આ કાર્યક્રમમાં બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહેવા તમામ હિન્દુ-મુસ્લીમ શ્રધ્ધાળુઓને દરગાહના મુંજાવર નજીબબાપુ, તહેસીનબાપુ અને રહીશબાપુએ જાહેર નિમંત્રણ પાઠવતા અપીલ કરી છે. વણઝારી ચોક ખાતે આવેલ ગેબનાશા પીરની દરગાહ હિન્દુ-મુસ્લીમ એકતાનું અનન્ય પ્રતિક છે.

### ગરબા આયોજકો માટે પોલીસે જાહેર કરી ગાઈડલાઈન્સ

# ગરબા આયોજકોએ ખેલૈયાઓ માટે લેવી પડશે વીમા પોલિસી

અમદાવાદ, તા.૬

નવરાત્રિનું કાઉન્ટડાઉન શરૂ થતા જ ગરબા આયોજકો માટે અમદાવાદ પોલીસે ગાઈડલાઈન્સ જાહેર કરી હતી. આ ગાઈડલાઈન્સ અનુસાર, ગરબા આયોજકોએ હવે ખેલૈયાઓ માટે વીમા પોલિસી લેવી પડશે. સાથે જ ગરબા આયોજન સ્થળે CCTV અને પાર્કિંગની માહિતી પોલીસને ફરજીયાત આપવી પડશે. અમદાવાદમાં ૫૦થી વધુ પાર્ટીપ્લોટ અને ક્લબોમાં ગરબાનું આયોજન કરાયું છે. ત્યારે ગરબા આયોજકો માટે પોલીસે ૧૨ મુદ્દાની ગાઈડલાઈન્સ બહાર પાડી હતી. જેમાં પોલીસ પરમિશન લેવા માટે ફાયર સેફ્ટી, ગર્વમેન્ટ ઓથોરાઈઝ્ડ ઈલેક્ટ્રિશનનું પ્રમાણપત્ર, આર્ટિસ્ટનું સંમતિ પત્ર, મહિલા અને પુરુષ સિક્યોરિટી ગાર્ડની સંખ્યા સાથેની વિગતો ફરજીયાત આપવી પડશે. સાથે જ આયોજનના સ્થળે ટ્રાફિક જામ ન થાય તે માટે ૧૦૦ મીટર દૂર પાર્કિંગની વ્યવસ્થા કરવા સૂચના આપી દેવામાં આવી છે. નવરાત્રિ મહોત્સવ ૨૦૨૩ દરમિયાન સ્વાસ્થ્યને લગતી ખાસ વ્યવસ્થા વડોદરામાં ઉભી કરાઈ છે. છેલ્લા કેટલાક સમયથી રાજયમાં યુવાનોમાં હાર્ટ અટેકની સમસ્યા ખૂબ જ વધી ગઈ છે જેથી આ વખતે નવરાત્રિમાં ખાસ ડૉક્ટરી વ્યવસ્થા રાખવામાં આવશે. વડોદરાના ધારાસભ્ય યોગેશ પટેલે ગરબા આયોજકો દ્વારા કરવામાં આવેલી ડૉક્ટરી વ્યવસ્થાને લઈને ખુલાસો કર્યો છે, તેમણે કહ્યું હતું કે, આ વખતે વડોદરામાં ગરાબ આયોજકો દ્વારા એમ્બ્યુલન્સ અને ડૉક્ટર-નર્સના સ્ટાફને ગ્રાઉન્ડમાં જ ખડે પગે રખાશે. યોગેશ પટેલે કહ્યું કે, વડોદરાના તમામ મોટા ગરબા આયોજકોએ ગ્રાઉન્ડ ખાતે જ ડૉક્ટર સાથેની ટીમોની વ્યવસ્થા ઉભી કરી છે. ગરબા ગ્રાઉન્ડ બહાર એમ્બ્યુલન્સની પણ વ્યવસ્થા કરાઈ છે. વડોદરાના વી.એન.એફ ગરબાના આયોજક મયંક પટેલે પણ આ ખાસ વ્યવસ્થા અંગે મોટુ નિવેદન આપ્યુ છે. તેમને કહ્યું કે, નવલખી મેદાન ખાતે વડોદરા નવરાત્રિ ફેસ્ટિવલમાં એકસાથે ૪૫૦૦૦ ખેલૈયાઓ ગરબા રમશે, નવલખી મેદાન ખાતેના વી.એન.એફ ગરબા આયોજકો દ્વારા ખાનગી હૉસ્પિટલ સાથે મળી મેદાન ખાતે જ બે ડૉક્ટરો અને પાંચ નર્સ સાથેનું ક્લિનિક ઉભું કરવાનું આયોજન છે. બે એમ્બ્યુલન્સ પણ સ્થળ પર હાજર રહેશે. નવરાત્રિના નવ દિવસ સિવિલ હોસ્પિટલમાં હાર્ટ એટેક માટે ખાસ વોર્ડ ઉભો કરવામાં આવ્યો છે. રાજકોટમાં હાર્ટ એટેક ના કિસ્સાઓ વધી રહ્યા છે જેમને લઈ સિવિલ સુપ્રીન્ટેન્ડન્ટે આ ખાસ નિર્ણય લીધો છે. નવરાત્રિમાં ગરબા દરમિયાન આ વોર્ડમાં રાત્રે ડોક્ટર્સની ટીમ હાજર રહેશે. દવા ,ઈજેકશન સહિતની તમામ સારવાર મળી રહે તેવી વોર્ડમાં વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે.

# યાત્રાધામ પ્રાચી તીર્થમાં રખડુ પશુનો ત્રાસ યથાવત લોકો પરેશાન



(પ્રતિનિધિ દ્વારા)

પ્રાચી તીર્થ તા.૬

યાત્રાધામ પ્રાચી તીર્થમાં હાલ રખડુ ઢોરનો ત્રાસ દિવસેનેદિવસે વધતો રહેતો હોવાથી વારંવાર ટ્રાફિક સમસ્યા, રખડુ ઢોરે હડફેટે લેતા અકસ્માતના બનાવો વધતા જતા ગામલોકો તેમજ યાત્રિકોને ભારે પરેશાની વેઠવી પડે છે છતાં કાઈ પગલાં લેવાતા નથી. પ્રાચી તીર્થમાં વહેલી સવારે એક આખલાએ આંતક મચાવતા ત્રણ લોકોને હડફેટે લેતા ગામલોકો તેમજ પ્રાચી તીર્થ યાત્રાધામ હોવાથી પ્રાચી તીર્થ ખાતે યાત્રીઓનો ઘસારો જોવા મળે છે. જેમાં હાલ પિતૃ માસ ચાલતો હોવાથી પ્રાચી તીર્થ ખાતે રોજના હજારો યાત્રીઓ પિતૃતર્પણ માટે પ્રાચી આવતા હોવાથી યાત્રીઓમાં પણ રખડુ ઢોરના ત્રાસથી પરેશાની વેઠવી પડે છે. આ રખડુ ઢોરને લીધે નાના-મોટા અકસ્માતો સર્જાઈ છે તો ક્યારેક હાઈવે રોડ ઉપર ચડી આવતા રખડુ ઢોરને લઈ ટ્રાફિક સમસ્યાઓ પણ ઉભી થતી રહે છે જેને લઈ વારંવાર રજૂઆતો કરાઈ છતાં કાઈ પગલાં લેવાતા નથી જેને લઈ પ્રેસના માધ્યમ થી કોઈ મોટી જાન હાનિ થાઈ તે પહેલાં યોગ્ય પગલાં લેવા લોક માંગ ઉઠી હતી. (તસ્વીર : જાદવભાઈ ચુડાસમા)

# વંથલી સરકારી દવાખાનામાં ખાટલે મોટી ખોટ : દવા સામગ્રી સહિતનો જથ્થો ખલાસ

મજબૂરીવશ ગરીબ દર્દીઓને ખાનગી મેડિકલ સ્ટોરમાંથી દવા મેળવવી પડે છે : બાટલાઓનો જથ્થો ખલાસ થઈ ગયો હોવાની વાતનો સ્વીકાર કરી ઉપર રજૂઆત કરી હોવાનું અધિક્ષકે કર્યો લુલો બચાવ



(પ્રતિનિધિ દ્વારા)

વંથલી, તા.૬

હાલવરસાદના વિરામબાદ પાણીજન્ય રોગોએ માજા મુકી છે ત્યારે આ વિસ્તારના લોકો વાઈરલ તાવ, ઉધરસ, શરદીનો શિકાર બન્યા છે ત્યારે ખાનગી હોસ્પિટલોની સાથે સાથે સરકારી હોસ્પિટલો પણ કીડિયારૂની માફક દર્દીઓથી ઉભરાઈ રહ્યા છે.

વંથલીસરકારી દવાખાનામાં છેલ્લા ઘણા સમયથી ટેકનિકલી અને વહીવટી પ્રોબ્લેમનાં કારણે વંથલી સરકારી દવાખાનાને મળવા પાત્ર દવાનો જથ્થો નિયમિત અને સમયસર મળતો ન હોવાની ફરીયાદો ગરીબ દર્દીઓમાંથી ઉઠી છે. આ અંગે અધિક્ષક સિકંદર પરમારને પૂછતાં દવાનોજથ્થો ખલાસ થઈ ગયો હોવાનું મીડિયા સમક્ષ સ્વીકાર કર્યો હતો. જ્યારે પૂરતા પ્રમાણમાં વંથલી સરકારી હોસ્પિટલને દવાનો જથ્થો મળી રહે તે અંગે આ વિસ્તારના ધારાસભ્ય અરવિંદ લાડાણીએ પણ આરોગ્ય વિભાગને રજૂઆતો કરી છે. હાલતો વંથલી સરકારી દવાખાનામાં ખલાસ થઈ ગયેલા દવાના જથ્થાને લઈને ગરીબ દર્દીઓ પીડાય રહ્યા છે અને ખાનગી મેડિકલ સ્ટોરમાંથી બાટલાઓ વેચાતા લઈ સારવાર મેળવી રહયા છે. ગરીબ દર્દીઓ મફત સારવારની અપેક્ષાએ સરકારી દવાખાને આવતા હોય છે પરંતુ દવાઓનો જથ્થો ખલાસ થઈ જતાં હાલ તો ગરીબ દર્દીઓની આશા ઠગારી નીવડી રહી હોવાનું જણાઈ રહ્યું છે.

# જૂનાગઢ જીલ્લામાં કલા મહાકુંભ યોજાશે

## ૬ થી ૬૦ની વયથી વધુના કલાકારો સાહિત્ય, કલા, નૃત્ય, ગાયન, વાદન અને અભિનયમાં ભાગ લઈ શકશે

જૂનાગઢ, તા.૬

રમત-ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ ગાંધીનગર અને કમિશ્નર યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ ગાંધીનગર આયોજિત જિલ્લા યુવાઅને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી જૂનાગઢ સંચાલિત કલા મહાકુંભ ૨૦૨૩ – ૨૦૨૪ યોજાનાર છે .

જેમાં ૬ થી ૬૦ વર્ષ ઉપર સુધીના તમામ વય જૂથના કલાકારો ભાગ લઈ શકશે. વય જૂથમાં ચાર વિભાગ રહેશે. જેમાં ૬ થી ૧૪ વર્ષ,૧૫ થી ૨૦ વર્ષ,૨૧થી૫૯ વર્ષ,૬૦વર્ષથી ઉપર રહેશે. જેમાંસાહિત્ય વિભાગમાં વકૃત્વ, નિબંધ, કાવ્યલેખન, ગઝલ, શાયરી, લોક વાર્તા, દુહા છંદ, ચોપાઈ. કલા વિભાગમાં ચિત્રકલા, સર્જનાત્મક કારીગરી. નૃત્ય વિભાગમાં લોકનૃત્ય, રાસ, ગરબા, ભરતનાટ્યમ, કથક, કુચીપુડી, ઓડીસી, મોહિનીઅટમ. ગાયન વિભાગમાં શાસ્ત્રીય કંઠ્ય સંગીત (હિન્દુસ્તાની) સુગમ સંગીત, લગ્નગીત, સમૂહગીત, લોકગીત, ભજન. વાદન વિભાગમાં હાર્મોનિયમ (હળવું), તબલા ઓરગન, સ્કુલ બેન્ડ, વાંસળી, સિતાર, ગિટાર, સરોદ, સારંગી, પખાવજ, વાયોલીન, મૃદુગમ, રાવણહથ્થો, જોડીયા પાવા. અભિનય વિભાગમાં એકપાત્રીય અભિનય, ભવાઈ સ્પર્ધામાં સ્પર્ધકોએ કૃતિના નિયમો પ્રમાણે ભાગ લઈ શકશે.

તાલુકા કક્ષા, ઝોન કક્ષાની સ્પર્ધામાં ભાગ લેવા ઈચ્છુક ઉમેદવારોએ નિયત નમૂનાનું ફોર્મ, આધારકાર્ડની નકલ, બેંક પાસબુક ની નકલ સાથે રાખી તા.૨૪/૧૦/૨૦૨૩ બપોરે ૧૨ કલાક સુધીમાં ઝોન, તાલુકા કન્વીનરને મળી જાય તે રીતે મોકલવાના રહેશે. સીધી જિલ્લા કક્ષા, સીધી પ્રદેશ કક્ષા અને સીધી રાજ્ય કક્ષાએથી શરૂ થતીસ્પર્ધાઓમાં ભાગ લેવા માટે ઈચ્છુક ઉમેદવારોએ નિયત નમૂનાનું ફોર્મ, આધારકાર્ડની નકલ, બેંક પાસબુક ની નકલ સાથેરાખી તા.૨૪/૧૦/૨૦૨૩ બપોરે ૧૨ કલાક સુધીમાં જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી, બ્લોક નંબર ૧, પ્રથમ માળ, બહુમાળી ભવન સરદારબાગ જુનાગઢ ૩૬૨001 રૂબરૂ અથવા પોસ્ટ મારફતે મોકલી આપવાની રહેશે. જ્યારે સ્પર્ધાના અંગેના નિયમો ઝોન, તાલુકા કન્વીનર ની યાદી નિયત નમૂનાના ફોર્મ ની માહિતી **Dydo Junagadh** ફેસબુક આઈડી પર જોઈ શકાશે એમ જૂનાગઢ જિલ્લા યુવા વિકાસ અધિકારીની એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# જૂનાગઢ તાલુકા સેવા સદનના બિલ્ડીંગ અને ૩૦૦ મીટર આસપાસના વિસ્તારમાં અનઅધિકૃત વ્યકિતોઓને બેસવા ઉપર પ્રતિબંધ

જૂનાગઢ, તા.૬

જૂનાગઢ જિલ્લાના જૂનાગઢ શહેર ખાતે સરદારબાગ પાસે આવેલ તાલુકા સેવાસદનના બિલ્ડીંગતથા તેની આજુબાજુના વિસ્તારમાં પિટિશન રાઈટરનું લાઈસન્સ કે તાલુકા સેવા સદનના કમ્પાઉન્ડમાં બેસીને અરજીઓ લખવાની મંજૂરી ન ધરાવતા હોય તેવા અનઅધિકૃત વ્યક્તિઓ દ્વારા અરજદારોની અરજીઓ તૈયાર કરવાની કામગીરી કરવામાં આવી રહેલ છે. આવા અનઅધિકૃત વ્યક્તિઓની કામગીરીથી લોકો પરેશાની ભોગવે છે અને આવા અનઅધિકૃત લોકો જાહેર જનતા પાસેથી અરજી લખવા તેમજ કામ કરાવવાના બહાના હેઠળ પૈસા પડાવવાની વૃતિ કરે છે. તેમજ કચેરી કમ્પાઉન્ડમાં તથા કચેરીની આજુબાજુમાં બેસવાના કારણે તથા તાલુકા સેવાસદન તથા આજુબાજુના વિસ્તારમાં લારીવાળા /ફેરિયાઓ દ્વારા છુટક વેપારની પ્રવૃત્તિ કરવામાં આવે છે જેના કારણે લોકોની બિનજરૂરી ભીડ એકત્ર થતા ટ્રાફિક તેમજ કાયદો અને વ્યવસ્થા ખોલવાની સ્થિતિ અવારનવાર બને છે.

જે સબબ જાહેર તથા કાયદો વ્યવસ્થાની પરિસ્થિતિને ધ્યાને લઈ તકેદારીના પગલારૂપે આવા બિનઅધિકૃત વ્યક્તિઓ, લારીવાળા, ફેરિયાઓ, છૂટક વિક્રતાઓને કચેરી તથા કચેરીની આજુબાજુના વિસ્તારમાં બિનધિકૃત રીતે બેસવા માટે પ્રતિબંધફરમાવવાનું જાહેરનામું જૂનાગઢ સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ સુશ્રી ભૂમિ કેશવાલાએ ક્રિમિનલ પ્રોસિજર કોડ ૧૯૭૩ ની કલમ ૧૪૪ હેઠળ પ્રતિબંધ ફરમાવવામાં આવે છે. તેમજ લાયસન્સી પીટીશન રાઈટરો સીવાયના બીન અધિકૃત વ્યકિતઓ, એજન્ટો એ તાલુકા સેવા સદન તથા તેની આસપાસના ૩૦૦ મીટરના વિસ્તારમાં અરજીઓ વગેરેના લખાણો કરવા બેસવું નહિ કે કોઈ પરવાનગી વિનાની બિનઅધિકૃત કામગીરી કરવી નહિ.

આ જાહેરનામાનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર વ્યકિત ભારતીય દંડ સંહિતાની કલમ – ૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે. આ જાહેરનામું તા.૩૧/૧૨/૨૦૨૩ સુધી અમલમાં રહેશે. તેમ સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટ, જૂનાગઢ ભૂમિ કેશવાલાએ જણાવ્યું છે.

# શોકગ્રસ્તગંભીર દર્દીને ફકત પાંચ દિવસમાં તંદુરસ્ત કરી હોસ્પીટલમાંથી રજા આપવામાં આવી

## દર્દીને પેટમાં સામાન્ય ગાંઠ હોવાની શંકા જે હકિકતમાં ૮ ગાંઠ હતી : ડો.સુનિલ બાનસોડે




ઓપરેશન પછી કાઢેલ ગાંઠો

(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ, તા.૬

તાજેતરમાં એક ૫૦ વર્ષીય દર્દી સારવાર અર્થે આવેલ હતા તેઓનેપેટમાં ગાંઠ હોવાનુંનિદાન થયેલ હતું તથા ૯ મહિનાથી તેઓને આ તકલીફ હતી અને દુ:ખાવાથી પીડાતા હતા. દર્દીએ સામાન્ય સારવાર અન્ય હોસ્પિટલમાં લીધેલ પરંતુ તકલીફ વધી જતા તે હોસ્પિટલના આઈ.સી.યુ. વિભાગમાં પણ રાખવામાં આવ્યાઅને તપાસમાં માલુમ થયુ કે દર્દીના પેટમાં ગાંઠ છે. ત્યારબાદ દર્દીને બ્લડપ્રેસર લો થવાના કારણે તે સંપુર્ણ બેભાન અવસ્થામાં (શોક) હતા. વધુ સારવાર માટે તેઓનેરાજકોટની વોકહાર્ટ હોસ્પિટલમાં મોકલવામાં આવેલ હતા. વોક્હાર્ટ હોસ્પિટલના કન્સલ્ટન્ટ જનરલ અને લેપ્રોસ્કોપીક સર્જન ડો.સુનિલ બાનસોડેના દેખરેખ હેઠળ આ દર્દીની સારવાર તાત્કાલીક ધોરણે શરૂ કરવામાં આવી અને વધુ તપાસ દરમ્યાન જાણવા મળ્યું કે તેઓના પેટમાં કુલ ૮ ગાંઠ (**hydatid cyst**-પેરાસાયટીક ઈન્ફેકશનની ગાંઠ) છે.જેમાંથી એક ગાંઠ પેશાબની કોથળી સાથે જોડાયેલી છે અને તે પેટમાં જ ફુટી ગયેલ હતી. તે ગાંઠના ફુટવાથી તેનુખરાબ પાણી પેટમાં ફેલાયેલ હતું. દર્દીના શોક (એનાફાઈલેટીક શોક)માં જવાનુ એ પણ મુખ્ય કારણ છે.આ ઉપરાંત ૮માંથી એક ગાંઠ બરોડમાં પણ હતી. આવા ગંભીર કારણોસર દર્દીની તાત્કાલીક સારવાર કરવામાં આવેલ હતી.જેમાં દર્દીના પેટમાં રહેલખરાબ પાણી અને બરોડમાં રહેલ ગાંઠ લેપ્રોસ્કોપીકના ઓપરેશન દ્બારા દુર કરવામાં આવેલ હતી જેમાં સૌથી મોટી ગાંઠ **30 x25 x 25** સેમીની હતી. ત્યારબાદ દર્દીને ૨ દિવસ આઈ.સી.યુ. વિભાગમાં રાખી અને ૨ દિવસ જનરલ વિભાગમાં રાખી પાંચમાં દિવસે દર્દીને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી હતી.

# જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી દ્વારા બ્લેન્ડેડ લર્નિંગ પ્લેટફોમની અમલવારી કરવા માટે યોજાયો વર્કશોપ

જૂનાગઢ, તા.૬

જૂનાગઢ કૃષિ યુનિવર્સીટી અને આઈ.એ.એસ.આર.આઈ., ન્યુ દિલ્હીના સંયુકત ઉપક્રમે રાષ્ટ્રીય કૃષિ ઉચ્ચ શિક્ષણ કાર્યક્રમના આઈ.ડી.પી. પ્રોજેક્ટ અંતર્ગત બ્લેન્ડેડ લર્નિંગ પ્લેટફોર્મના વિષય પર પ્રાધ્યાપકો અને વિદ્યાર્થીઓ માટે ત્રણ દિવસીયવર્કશોપનું આયોજન તા. ૫ થી ૭ ઓક્ટોબર-૨૦૨૩ સુધીનું કરવામાં આવેલ છે. આ વર્કશોપનું ઉદ્‌ઘાટન સમારંભ તા.૫ ઓક્ટોબરનાના જૂનાગઢ કૃષિયુનિવર્સીટીના ઓડીટોરીયમ ખાતે યોજાયો હતો. ઉદ્‌ઘાટન સમારંભના અધ્યક્ષ ડો. આર. બી. માદરીયા, સંશોધન નિયામકશ્રી અને આઈ.ડી.પી. યોજનાના પી.આઈ.એ બ્લેન્ડેડ લર્નિંગ વિષય ઉપર વિસ્તૃત માહિતી આપી અને જણાવેલ કે બ્લેન્ડેડ લર્નિંગ દ્વારા સતત નવીન તકનીકોને શીખવાનું અને શિખવાડવાનું એક પ્લેટફોર્મ ઉભું થશે. આ ઉપરાંત, તેમણે જુનાગઢ કૃષિ યુનિવર્સીટીમાં થતા વિવિધ સંશોધનોનો વિડીયો બનાવીને બ્લેન્ડેડ લર્નિંગના પ્લેટફોર્મ દ્વારા તેનેખુબ સરળ ભાષામાં વિદ્યાર્થી સુધી પહોચાડવા જણાવ્યું હતું. આઈ.એ.એસ.આર.આઈ., ન્યુ દિલ્હીના સીનીયર સાયન્ટીસટ ડો. એસ. એન. ઈસ્લામએ જણાવેલ કે રાષ્ટ્રીય કૃષિ ઉચ્ચ શિક્ષણ કાર્યક્રમ દ્વારા બ્લેન્ડેડ લર્નિંગ માધ્યમને ખુબ વેગ મળ્યો છે. તેમજ તેમણે વરચ્યુલ રિયાલિટી માધ્યમથી વિદ્યાર્થીઓને કોઈ પણ વિષય સમજવામાં કઈ રીતે સરળતા રહે તે અંગેની સવિસ્તાર માહિતી આપી અને જૂનાગઢ કૃષિ યુનિવર્સીટી દ્વારા આઈ.ટી. ના માધ્યમથી વિદ્યાર્થીઓ લક્ષી બનવવામાં આવેલ વિવિધ પ્રોગ્રામોની પણ સરાહના કરી હતી. કુલસચિવ ડો. પી. એમ. ચૌહાણ એ પ્રાસંગિક ઉદબોધનમાં આઈ.ડી.પી. યોજના અંતર્ગત જૂનાગઢ કૃષિ યુનિવર્સીટી દ્વારા પ્રાધ્યાપકો અને વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે કરવામાં આવેલ અનેકવિધ પ્રવુતિઓ વિષે વિગતવાર જણાવી હતી. તેમણે વધુમાં જણાવેલકે કોવિડના કપરા કાળે બ્લેન્ડેડ લર્નિંગના મહત્વને વધુ ઉજાગર કરેલ છે અને ખાસ કરીને બ્લેન્ડેડ લર્નિંગના માધ્યમથી પ્રાધ્યાપકોના રેકોર્ડેડ વ્યાખ્યાનો વિશ્વના કોઈ પણ ખૂણે રહેલ વિદ્યાર્થી કોઈ પણ સમયે શીખી અને પોતાની જ્ઞાનરૂપી દીપને પ્રજવલિત કરી શકે છે. આ ઉદ્‌ઘાટન સમારોહ દરમ્યાન જૂનાગઢ કૃષિ યુનિવર્સીટીની બ્લેન્ડેડ લર્નિંગની સંપૂર્ણ માહિતી સભર ડોકયુમેન્ટરી દેખાડવામાં આવી હતી. આઈ.ટી. ક્ષેત્રનો કૃષિ શિક્ષણમાં ઉપયોગ કરનાર જુનાગઢ કૃષિ યુનિવર્સીટી એ ગુજરાતની અગ્રેસર કૃષિ યુનિવર્સીટી છે. કોરોના કાળ દરમ્યાન ૪૬૦ જેટલી ઓનલાઈન પરિક્ષાઓ લેવામાં આવેલ અને ૧૮,૦૦૦ થી વધુ વિદ્યાર્થીઓએ જેમાં ભાગ લીધેલ હતો અને તેમને સમયસર ડિગ્રી એનાયત કરવામાં આવેલ. તદુપરાંત, આઈ.સી.એ.આર.ના એગ્રી-દિક્ષા પોર્ટલ પર ૨૭૪ જેટલા સૌથી વધુ વિડીયો લેકચરો અપલોડ કરેલ છે. આ કાર્યક્રમમાં એન.એ.એચ.ઈ.પી. કોમ્પોનન્ટ-૨ના પી.આઈ. ડો. સુદીપ મારવાહ વરચ્યુઅલ મોડથી જોડાઈ અને જૂનાગઢ કૃષિ યુનિવર્સીટી દ્વારા કૃષિ શિક્ષણ અને સંશોધન ક્ષેત્રે બ્લેન્ડેડ લર્નિંગના સફળ ઉપયોગને બિરદાવેલ અને જણાવેલ કે ભારતની ૭૫ કૃષિ યુનિવર્સીટીઓમાંથી રાષ્ટ્રીય કક્ષાએ જુનાગઢ કૃષિ યુનિવર્સીટી આઈ.ટી. ના ઉપયોગમાં અગ્રીમસ્થાન ધરાવે છે. આ વર્કશોપનું સુનિયોજિત આયોજન જુનાગઢ કૃષિ યુનિવર્સીટીના માન. કુલપતિશ્રી ડો.વી. પી. ચોવટિયા ના માર્ગદર્શન હેઠળ ઈન્ફોર્મેશન સેલના નિયામક તેમજ વર્કશોપનાં કન્વીનર ડો. કે. સી. પટેલ તેમજ કો- કન્વીનર ડો.દેવેન પટેલ, મદદ. પ્રાધ્યાપક તેમજ ડો.ભાવેશ પટોળીયા, મદદ. પ્રાધ્યાપક અને ટીમ દ્વારા કરવામાં આવ્યું હતુ. જે માટે કુલસચિવશ્રી ડો. પી. એમ. ચૌહાણએ સમગ્ર ટીમને અભિનંદન પાઠવ્યા હતા.

# જાથાના સદસ્ય દ્વારા પિતૃ કાર્યને બદલે વૃધ્ધાશ્રમમાં ભોજનનું આયોજન કર્યુ

અમદાવાદ, તા.૬

વર્તમાન સમયમાં ભારતમાં ધાર્મિક દ્રષ્ટિએ શ્રાધ્ધ પક્ષના દિવસો છે. દિવંગતના માનમાં પ્રદેશ પ્રમાણે રીત–રિવાજો જોવા મળે છે. લોકો પોતાની શ્રધ્ધા પ્રમાણે અનુસરતા હોય છે. ભારત જન વિજ્ઞાન જાથાની વિચારધારાને માનનારો સમુહ મોટા પ્રમાણ છે તેથી રવિવારે સદભાવના વૃધ્ધાશ્રમમાં ૧૬૦ બુર્જગોનો સામુહિક ભોજન સમારોહ રાખવામાં આવ્યો છે. જાથાના સદસ્ય વિરડા વાજડીના દિનેશ હુંબલના પિતા રાવતભાઈનું વર્ષ ૨૦૨૧માં અવસાન થયું હતું. ધાર્મિક માન્યતા પ્રમાણે ત્રણ વર્ષે શ્રાધ્ધમાં ભળે છે. પરિવાર અને કુટુંબીજનો પિતૃ કાર્યના વિધિ–વિધાનનો મત સાથે આગ્રહ કર્યો હતો પરંતુ જાથાની વિચારધારાને માનનારા જન્મે છે. તેનું મૃત્યુ શાશ્વત છે, મૃત્યુ પછીની તમામ વિધિઓ, કાર્યો, શ્રાધ્ધ કે પિતૃ કાર્યમાં વિશ્વાસ કે શ્રધ્ધા ધરાવતા નથી. તેથી જામનગર રોડ ઉપર આવેલ સદભાવના વૃધ્ધાશ્રમમાં રવિવાર તા. ૮ મી ઓકટોબરે ૧૬૦ બુજર્ગો માટેનો ભોજન સમારંભ રાખેલ છે. માનવીય અભિગમ જ કલ્યાણકારી છે. આ પ્રસંગે પરિવારના માતા રત્નાબેન, ગીતાબેન, મિલન, માધવ અને જાથાના સદસ્યોની હાજરીમાં દિવંગતને યાદ કરી તેના કાર્યોને જીવનમંત્ર કાયમી બનાવવાનો નિર્ધાર અમલમાં છે.

# આઈજીબીસીએ સ્ટ્રેટમ @વિનસ ગ્રાઉન્ડઝને પ્લેટીનમ-રેટેડ ગ્રીન બિલ્ડીંગ તરીકે સર્ટીફાઈડ કરી


(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ, તા.૬

ધ ઈન્ડિયન ગ્રીન બિલ્ડીંગ કાઉન્સિલે (આઈજીબીસી) એ તેના આઈજીબીસી ગ્રીન ન્યૂ બિલ્ડીંગ રેટીંગ સિસ્ટમ હેઠળ સ્ટ્રેટમ @વિનસ ગ્રાઉન્ડઝ ને પ્લેટીનમરેટેડગ્રીન બિલ્ડીંગતરીકે સર્ટીફાઈડ કરી છે, જે આ કોમર્શિયલ હબની સસ્ટેનેબલ કન્સ્ટ્રક્શન અને ગ્રીન બિલ્ડીંગ પ્રણાલીઓ પ્રત્યેની કટિબધ્ધતા વ્યક્ત કરે છે.અમદાવાદના ધમધમતા નહેરૂનગર વિસ્તારમાં આવેલ સ્ટ્રેટમ @વિનસગ્રાઉન્ડઝ એ સાચા અર્થમાં એક્સકલુઝીવ કોમર્શિયલ અને શોપીંગ હબ છે, જે સહજપણે નવા યુગના કન્સેપ્ટ અને વિવિધ સમયે ચકાસાયેલ પદ્ધતિઓને અનુસરીને વિવિધ બિઝનેસનેવિકસવા માટે આધુનિક અને આરામદાયક સ્પેસ પૂરી પાડીને પર્યાવરણનો વ્યાપ ઘટાડે છે.વિનસ ગ્રુપના ડિરેક્ટર રાજેશ વાસવાણીએ જણાવ્યુંકે, “અમેધ ઈન્ડિયન ગ્રીન બિલ્ડીંગ કાઉન્સિલ તરફથી પ્રતિષ્ઠીત પ્લેટીનમ રેટિંગ પ્રાપ્ત કરતાં રોમાંચ અનુભવીએ છીએ. આ ઓળખ અમારા ગ્રાહકોને સસ્ટેનેબિલીટી માટેની સમર્પણ ભાવના વ્યક્ત કરીને ગ્રીન અને પર્યાવરણ માટે જવાબદાર વર્ક સ્પેસ પૂરૂ પાડવાની ભાવના વ્યક્ત કરે છે. અમે માનીએ છીએ કે સ્ટ્રેટમ @વિનસ ગ્રાઉન્ડઝને મળેલું આ સર્ટિફિકેશન વધુને વધુ રિયલ એસ્ટેટ ડેવલપર્સને તેમના પ્રોજેક્ટ્સમાં સસ્ટેનેબલ પ્રણાલીઓ અપનાવવા પ્રોત્સાહિત કરશે.’’ સ્ટ્રેટમ @વિનસ ગ્રાઉન્ડઝ જે ફીચર્સને કારણે ગ્રીન બિલ્ડીંગ તરીકે સર્ટિફાઈડ થયું છે તેમાં ૧૩૩ **KW** રૂફટોપ સોલાર પાવર પ્લાન્ટ, સુપિરિયર હીટ અને નોઈસ ઈન્સ્યુલેશન માટે ડબલ-ગ્લેઝ યુનિટ ગ્લાસીસ, ફ્લો વોટર ફિકસર ઉપયોગને કારણે ૩૨.૯૩ ટકા પાણીની બચત, એનર્જી-એફિશિયન્ટ લાઈટીંગનો ઉપયોગ, ઈવી ચાર્જીંગ સુવિધા, ૭૫ ટકા ડેલાઈટીંગ અને આઉટડોર વ્યૂ, સાધનોના ઈષ્ટતમ ઉપયોગ માટે ઈન્ટીગ્રેટેડ બિલ્ડીંગ મેનેજમેન્ટ સિસ્ટમ, ૧૩૪ કેએલડી સ્યુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ અને જવાબદાર વેસ્ટ વોટર મેનેજમેન્ટ માટે અલાયદી ડ્રાય એન્ડ વેટ ગાર્બેજ સ્યુટસનો સમાવેશ થાય છે. જેઓ હજુ પણ આ પ્રતિષ્ઠિત સુંદર ઈમારત નો ભાગ બનવા ઈચ્છે છે, તેઓ ૭૪૫૨૦૭૪૫૨૦ ઉપર કોલ કરી ઓફિસના થોડા વિકલ્પો શોધી શકે છે જે હજુ પણ ઉપલબ્ધ છે અને નસીબદાર અને ગૌરવશાળી માલિકોમાં સામેલ થઈ શકે છે.



મોઢું શું બગાડો છો ? તમારા પિતાજીને ચાઈનીઝ વાનગીઓ ખુબજ પ્રીય હતી માટે જ ‘કાગવાસ’ માટે મે તે બનાવી છે !



મફતની ‘ખીરપુરી’ ખાવામાં કાબુ રાખ, નાહકનું ફિગર બગડી જશે !

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

## તંત્રી લેખ

# ભારતને કોઈ દેશના એજન્ડા પ્રમાણે ચાલવા માંગતું નથી

સંયુકત રાષ્ટ્ર મહાસભામાં ભારતીય વિદેશ મંત્રી એસ.જયશંકરે એમ કહીને વિશ્વની મોટી શક્તિઓને આઈનો દેખાડવાનું જ કામ કર્યુ કે તે જમાનો ગયો, જ્યારે કેટલાક દેશો એ એજન્ડા નક્કી કરતા હતા અને એ અપેક્ષા રાખતા હતા કે બીજા તમામ દેશો તેનું અનુસરણ કરે. એ સારૂ ાયું કે તેમણે એમ કહીને કેનેડા અને અમેરિકાને પણ એ સ્પષ્ટ સંદેશ આપવાનું કામ કર્યું કે રાજનીતિક સુવિધા અનુસાર આતંકવાદ પર કાર્યવાહી સ્વીકાર્ય નથી. યાદ રહે કે જ્યાં કેનેડા ખાલિસ્તાની આતંકવાદીઓને સંરક્ષણ આપી રહ્યું છે, ત્યાં જ અમેરિકા પણ ખાલિસ્તાન સમર્થક કટ્ટરવાદીઓ પ્રત્યે નરમાઈ જ રાખી રહ્યું છે. ભલે કેનેડામાં એક ખાલિસ્તાની હરદીપ સિંહ નિજ્જરની હત્યા પર અમેરિકા ભારતને સૂફિયાણી સલાહ આપતું હોય, પરંતુ ભારતીય વિદેશ મંત્રીના કથનથી એસ્પષ્ટ છે કે ભારત કેનેડાના વડાપ્રધાન જસ્ટિન ટહડોના વાહિયાત આરોપોને કોઈ મહત્ત્વ નથી આપવાનું. આ આરોપોનો કોઈ મતલબ પણ નથી, કારણ કે દરેક વીતતા દિવસ સાથે એ સ્પષ્ટ થઈ રહ્યું છે કે જસ્ટિન ટહડોએ સંકીર્ણ રાજકીય કારણોસર નિજ્જરની હત્યામાં ભારતનો હાથ હોવાનો ખોટો આરોપ લગાવ્યો.

ભારતીય વિદેશ મંત્રીએ જે રીતે એમ કહ્યું કે હવે થોડા દેશોનો એજન્ડા નથી ચાલવાનો, તેનો અર્થ એ જ છે કે કોઈપણ દેશ ઓછામાં ઓછું ભારત પાસે એ અપેક્ષા ન રાખે કે તે તેમના એજન્ડાના હિસાબે ચાલશે. હાલના સમયમાં ભારતે પોતાના આ દષ્ટિકોણનો આંતરરાષ્ટ્રીય મંચો પર વારંવાર પરિચય પણ આપ્યો છે. યુક્રેન યુધ્ધને કારણે જ્યારે યુરોપીય દેશો એમ ઈચ્છી રહ્યા હતા કે ભારત તેમની ભાષા બોલે ત્યારે ભારતીય વિદેશ મંત્રીએ સ્પષ્ટ કહી દીધું હતું કે યુરોપ એ માનસિકતા છોડી દે કે તેની સમસ્યા વિશ્વની સમસ્યા છે, પરંતુ દુનિયાની સમસ્યાઓ સાથે તેને લેવાદેવા નથી. યુક્રેન મામલે ભારતે અમેરિકાને પણ હામાં હા મિલાવવાનો ઈનકાર કર્યો અને તેના એ પ્રસ્તાવને પણ ઠુકરાવી દીધો કે તે નાટો પ્લસનો હિસ્સો બની જાય. ભારતે એવું એટલા માટે કર્યું, કારણ કે તે પોતાની સ્વતંત્ર વિદેશ નીતિ પર અડગ રહેવા માંગે છે. એની સાથે જ એ પણ એક તથ્ય છે કે વડાપ્રધાન મોદીએરશિયાના રાષ્ટ્રપતિ પુતિનને સ્પષ્ટ કહ્યું હતું કે આ યુગ યુધધનો નથી. ભારત જે ભાષાનો ઉપયોગ અમેરિકા કે યુરોપના સંદર્ભે કરી રહ્યું છે, એનો જ ઉપયોગ ચીન માટે પણ કરી રહ્યું છે. ભારતે ચીનને એ સંદેશ આપવામાં કોઈ કસર બાકી નથી મૂકી કે જ્યાં સુધી સીમા પર પહેલાં જેવી સ્થિતિ બહાલ નહીં થઈ જાય, ત્યાં સુધી તેની સાથે સંબંધ સામાન્ય નહીં થઈ શકે. એ જ કારણે વડાપ્રધાન મોદીએ બ્રિક્સ સંમેલનમાં ચીની રાષ્ટ્રપતિને ભાવ નહોતો આપ્યો. વાસ્તવમાં આ કારણે જ ચીને નવો ખોટો નકશો જારી કરીને અરુણાચલ પ્રદેશ પર પોતાનો દાવો વ્યક્ત કરીને પોતાની ખીજ ઉતારી હતી.

### મિત્રતાના નામે પાકિસ્તાન પર ચીની ભરડો

# પાકિસ્તાનના મીડિયા પર પણ અંકુશ માટે ચીનના પ્રયાસ

ઈસ્લામાબાદ, તા.૬

મિત્રતાના નામે પાકિસ્તાનનો ભરડો લેનાર ચીન હવે પાકિસ્તાનના મીડિયાને પણ અંકુશમાં લેવા માટે પ્રયાસો કરી રહ્યુ છે તેવો ચોંકાવનારો ખુલાસો થયો છે. ચીન પાકિસ્તાન જ નહીં પણ દુનિયાભરમાં મીડિયા પર કંટ્રોલ કરીને પોતાની ઈમેજ ચમકાવવા માટે ધમપછાડા કરી રહ્યુ છે અને આ માટે તે ગમે તે હદ સુધી જવા માટે તૈયાર છે. ભારતમાં આવા જ એક મીડિયા સંસ્થાન પર ચીન પાસેથી ફંડિંગ લેવા બદલ કાર્યવાહી થઈ છે.

દરમિયાન પાકિસ્તાનમાં ચીને મીડિયા સેક્ટરમાં સારી એવી ઘૂસણખોરી કરી લીધી છે. સૌથી આસાન રસ્તો મીડિયામાં મૂડીરોકાણ કરવાનો છે અને તેના પર ચીન આગળ વધી રહ્યુ છે. ચીને મીડિયા કંપનીઓમાં હિસ્સેદારી મેળવી લીધી છે. સ્થાનિક મીડિયા સંગઠનો સાથે ભાગીદારી કરી છે અને તેનો ઉપયોગ પાકિસ્તાનમાં પોતાની છબી ઉજળી કરનારા કન્ટેન્ટને મીડિયા થકી લોકો સામે રજૂ કરવા માટે ચીન કરી શકે છે.

ચીને પોતાની સરકારી મીડિયાનુ પણ પાકિસ્તાનમાં મોટાપાયે વિસ્તરણ શરુ કર્યુ છે. પાકિસ્તાનમાં સરકારી મીડિયાની ઓફિસો શરુ કરવામાં આવી છે . જેથી ચીનનો પ્રોપોગન્ડા પાકિસ્તાની લોકોના માથે મારી શકાય. ચીન દ્વારા પાકિસ્તાનમાં ચીન પાકિસ્તાન ઈકોનોમિક કોરિડોર સહિતના ઘણા પ્રોજેકટો હાથમાં લેવાયેલા છે. ચીન મીડિયાનો ઉપયોગ કરીને આ પ્રોજેકટો માટે પાકિસ્તાનના લોકોનુ વલણ બદલવા માંગે છે. ચીનના હસ્તક્ષેપની અસર પાક મીડિયામાં દેખાઈ પણ રહી છે.

પાકિસ્તાનના મીડિયામાં ચીનની નીતિઓ, યોજનાઓ અને માનવધિકાર જેવા મુદ્દાઓ પર ચીનની ટીકા કરતુ કવરેજ બંધ થઈ રહ્યુ છે. આમ પહેલેથી જ સ્વતંત્રતા માટે ઝઝૂમી રહેલા પાકિસ્તાની મીડિયા પરનો ખતરો ઓર વધી ગયો છે.

### મધ્યપ્રદેશમાં રાજકારણમાં ગરમાવો

# મુખ્યપ્રધાન તરીકે શિવરાજની વિદાય નક્કી હોવાના સંકેત

## તાજેતરના શિવરાજ સિંહના કેટલાક ભાષણો જાણે તેઓ વિદાય જ લઈ રહ્યા હોય તેવા સંકેત આપી રહ્યા છે

ભોપાલ, તા.૬

મધ્યપ્રદેશમાં હાલમાં વિધાનસભા ચૂંટણી માટેના કાર્યક્રમની જાહેરાત તો થઈ નથી પરંતુ રાજકારણ અત્યારથી ગરમાયું છે. ખાસ કરીને મુદ્દો એ છે કે ભાજપ જીતે કે હારે... પણ મુખ્યમંત્રી કોણ બનશે? શું શિવરાજ સિંહ ચૌહાણને ફરી આ પદભાર સોંપાશે? કે પછી તેમની વિદાય નક્કી થઈ ગઈ છે.

તાજેતરના શિવરાજ સિંહના કેટલાક ભાષણો જાણે તેઓ વિદાય જ લઈ રહ્યા હોય તેવા સંકેત આપી રહ્યા છે. આ દરમિયાન ભાજપના વધુ એક કદાવર નેતાએ આ ચર્ચાને વેગ આપી દીધો છે.

મધ્યપ્રદેશમાં હાલમાં સત્તાધારી પાર્ટી ભાજપે હાલ પૂરતું પીએમ મોદીને જ ચહેરા તરીકે આગળ ધરીને ચૂંટણી લડવાની જાહેરાત કરી દીધી છે. જ્યારે બીજી બાજુ ભાજપના રાષ્ટ્રીય મહાસચિવ કૈલાશ વિજયવર્ગીયની સાથે જ કેન્દ્રીયમંત્રી નરેન્દ્ર સિંહ તોમર, પ્રહ્લાદ પટેલ અને ફગ્ગન સિંહ સહિત દિગ્ગજ નેતાઓને ચૂંટણી મેદાને ઉતારી દીધા છે. હજુ સુધી સીએમ શિવરાજની ઉમેદવારીને લઈને સસ્પેન્સ યથાવત્ જ છે.

સીએમ શિવરાજની ઉમેદવારી તરીકે વાત કરીએ તો હવે તો ભાજપને સત્તામાં વાપસી કરવા ઉપર પણ શંકા થઈ રહી છે. સસ્પેન્સ વધતો જઈ રહ્યો છે. જોકે ભાજપ તરફથી એવા સંકેત છે કે શિવરાજ હાલ પૂરતાં તેમના માટે શુભ નથી. છેલ્લા કેટલાક દિવસોથી શિવરાજ પણ વિદાયના જ સંકેત આપી રહ્યા છે.

દરમિયાન કૈલાશ વિજયવર્ગીયના એક નિવેદને ચર્ચાનું ચકડોળ શરૂ કરી દીધું છે. ઈન્દોર-૧ વિધાનસભા બેઠક પરથી ભાજપના ઉમેદવાર કૈલાશ વિજયવર્ગીયએ કહ્યું છે કે હું ફક્ત ધારાસભ્ય બનવા નથી આવ્યો પણ પાર્ટી મોટી જવાબદારી સોંપશે. વિજયવર્ગીયના આ નિવેદનથી જ અટકળો થવા લાગી છે કે શું ભાજપના નેતૃત્વએ શિવરાજને વિદાયનો સિગ્નલ આપી દીધો છે?

# જમ્યા પછી ૧૦ મિનિટ વોક કરવાથી હાર્ટ એટેક સહિત આ ૫ બીમારીથી મળશે છૂટકારો



ઘરના વડીલો પાસેથી ઘણી વખત સાંભળવા મળે છે કે જમ્યા પછી તુરંત જ સૂવું જોઈએ નહીં. પરંતુ આ નિયમનું પાલન મોટાભાગે કોઈ કરતું નથી અને પરિણામે શરીરમાં ગંભીર બીમારીઓ નાની ઉંમરમાં જ ઘર કરી જાય છે. પરંતુ જો તમે જમ્યા પછી તુરંત જ સુઈ જવાને બદલે પાંચથી દસ મિનિટ વોક કરવાનું રાખો છો તો તેનાથી શરીર સ્વસ્થ રહે છે અને સાથે જ નાની ઉંમરમાં થતી પાંચ ગંભીર બીમારીઓથી પણ છુટકારો મળી જાય છે.

જમ્યા પછી વોક કરવું ખૂબ જ જરૂરી હોય છે. વોક કરવાથી પાચન ક્રિયામાં સુધારો થાય છે સાથે જ બ્લડપ્રેશર, ડાયાબિટીસ, સ્થુળતા જેવી સમસ્યાઓ સતાવતી નથી. જમ્યા પછી ૩૦ મિનિટ સુધી વોક કરી શકાય છે પરંતુ જો તમારી પાસે એટલો સમય ના હોય તો તમે પાંચથી દસ મિનિટ પણ વોક કરી શકો છો. જો તમે ફક્ત ૧૦ મિનિટ પણ રોજ વોક કરો છો તો તેનાથી આ પાંચ સમસ્યાઓ દૂર થાય છે.

બ્લડ સુગર રહેશે કંટ્રોલમાં

જમ્યા પછી વોક કરવાથી બ્લડ સુગર લેવલ કંટ્રોલમાં રહે છે. ખાસ કરીને જો તમે ડાયાબિટીસના દર્દી હોય તો ભોજન કર્યા પછી વોક જરૂરથી કરો. નિયમિત રીતે વોક કરવાથી બ્લડ શુગર કંટ્રોલમાં રહે છે.

હાર્ટની હેલ્થ રહે છે સારી

યુવાનોમાં હાર્ટ એટેકથી મોત થયાની ઘટનાઓ દિવસેને દિવસે વધી રહી છે. તેવામાં જરૂરી છે કે હાર્ટની હેલ્થ ઉપર નાની ઉંમરથી જ ધ્યાન આપવામાં આવે. જો હાર્ટની હેલ્ધી રાખવું હોય તો જરૂરી છે કે શરીરમાં બ્લડ સર્ક્યુલેશન વ્યવસ્થિત રીતે થતું હોય. આ કામ જમ્યા પછી વોક કરવાથી સરળતાથી થાય છે. જમ્યા પછી વોક કરી લેવાથી બેડ કોલેસ્ટ્રોલ વધતું અટકે છે અને હાર્ટની હેલ્થ સારી રહે છે.

સારી ઊંઘ

ઘણા લોકોને મોડી રાત સુધી ઊંઘ આવતી નથી. જો તમે જમ્યા પછી થોડી મિનિટ માટે વોક કરો છો તો પછી સારી અને ગાઢ ઊંઘ ઝડપથી આવશે. જમ્યા પછી વોક કરવાથી શરીરમાં એવા હોર્મોન્સ રિલીઝ થાય છે સ્ટ્રેસ લેવલને ઘટાડે છે અને ઊંઘ લાવવામાં મદદ કરે છે.

મેન્ટલ હેલ્થ સુધરે છે

જમ્યા પછી વોક કરવાથી શરીરમાં એન્ડોર્ફિન નામનું હોર્મોન રિલીઝ થાય છે જે મેન્ટલ હેલ્થને સુધારે છે. તેનાથી મૂડ સુધરે છે અને સ્ટ્રેસ લેવલ પણ ઓછું રહે છે.

પાચનતંત્ર સુધરે છે

મોટાભાગના લોકો જમ્યા પછી તુરંત જ આડા પડી જાય છે જેના કારણે ભોજનનું પાચન સારી રીતે થતું નથી અને કબજિયાત, એસિડિટી અને ગેસ જેવી તકલીફ થાય છે. તેથી જરૂરી છે કે તમે જમ્યા પછી વોક કરો. વોક કરી લેવાથી પાચન તંત્ર સારી રીતે કામ કરે છે

# અવિધવાનોમ ના દિવસે દિવંગત સૌભાગ્યવતી નારીનું શ્રાદ્ધ થાય છે

આપણે ત્યાં પરિવારમાં દિવંગત આત્માઓ ને તૃપ્ત કરવા માટે શ્રાદ્ધિક્રિયાઓ કરવામાં આવે છે. સામાન્ય રીતે જે જીવ શરીર છોડીને જાય તે મહિના અને દિવસ ની સમયે કરાતા શ્રાદ્ધને "સાંવત્સરિક શ્રાદ્ધ" તરીકેઓળખવામાં આવે છે. જ્યારે પિતૃ પક્ષમાં એટલે કે શ્રાદ્ધ પક્ષમાં કરાતા શ્રાદ્ધને" મહાલય શ્રાદ્ધ" તરીકે ઓળખવામાં આવે છે.

સામાન્ય રીતે મહાલય શ્રાદ્ધમાં ભાદરવા વદ એકમથી અમાસ સુધી શ્રાદ્ધ કરવામાં આવે છે. સામાન્ય રીતે સદગતની જે તિથિ હોયતે દિવસે શ્રાદ્ધ કરાય છે. પરંતુ કેટલાક શ્રાદ્ધ ખાસ દિવસે કરવાનો મહિમા છે.

તેવો જ એક દિવસ છે ભાદરવા વદ નોમ. આ દિવસને "અવિધવાનોમ" તરીકે ઓળખવામાં આવે છે. જેમાં સૌભાગ્યવતી સદગત થયેલ નારીનુંશ્રાદ્ધ કરવાનો ખાસમહિમા છે. "અવિધવા" એ શબ્દનો સીધો મતલબ છે" જે વિધવા નથી તે" જે નારી પતિ પહેલા મૃત્યુ પામે એટલે કે સુહાગણ સ્ત્રી મૃત્યુ પામે તે નિમિત્તે ખાસ આ દિવસે જ તેનું શ્રાદ્ધ કરાય છે.

આપણા સનાતન ધર્મમાં નારીનું સવિશેષ મહત્વ છે. તેમાં પણ માતાનું સ્થાન ખૂબ જ ઊંચું છે. માટે જ સૌપ્રથમ માતૃદેવો ભવ પછી પિતૃદેવો ભવ ત્યારબાદ આચાર્ય દેવો ભવ અને પછી ભગવાનનું સ્થાન આવે છે. અહીં માતાનું મહત્વ સમજી શકાય છે. આવા સંજોગોમાં સૌભાગ્યવતી માતા ગમે તે તિથિના મૃત્યુ પામી હોયપરંતુ તેનું શ્રાદ્ધ ભાદરવા વદ નોમના કરવાનું વિધાન છે.

આ દિવસે શ્રાદ્ધમાં ખાસ સૌભાગ્યવતી સ્ત્રીને ભોજન માટે આમંત્રણ આપવાનું ધર્મ ગ્રંથોમાં કહેલું છે. તેને શાંતિથી સારી રીતે ભોજન કરાવ્યા બાદ સોળ વિવિધ શૃંગારની સામગ્રી અને દક્ષિણા અર્પણ કરવાનો નિર્દેશ જોવા મળેછે. તેની સાથે કાગવાસ, ગાયને ભોજન, શ્વાન ને ખવડાવવું, કીડી- મંકોડા ને ખવડાવવું જેવી ક્રિયા તો કરવી જ જોઈએ.

માતાને પોતાના સંતાનો પર અપાર પ્રેમ હોય તે સ્વાભાવિક છે. ત્યારે તેને ઉદેશીને શ્રદ્ધાપૂર્વક કરાયેલા શ્રાદ્ધથી તે સંતુષ્ટ થાય છે. જેનું શુભ ફળ શ્રાદ્ધ કરનાર ને પ્રાપ્ત થાય છે. સૌભાગ્યવતી નારીનું આ દિવસે શ્રાદ્ધ કરવા પાછળ નું મુખ્ય કારણ એ છે કે, નોમના દિવસે બ્રહ્માંડમાં રજોગુણી પૃથ્વી અને આપ તત્વને સંબંધિત શિવતરંગોની અધિકતા હોય છે. આજ કારણે આ તરંગોની સહાયતાથી શ્રાદ્ધ વિધિથી પ્રક્ષેપિત મંત્રોચારણ યુક્ત સૂક્ષ્મ તરંગો શિવરૂપ ગ્રહણ કરવાનુ સૂક્ષ્મ બળ તે વિશિષ્ટ સંબંધીત સૌભાગ્યવતી નારી કે જેણે સૂક્ષ્મ લિંગ દેહ પ્રાપ્ત કરેલ છે, તેને પ્રાપ્ત થાય છે. (મૃત્યુ બાદ જીવ સૂક્ષ્મ લિંગ દેહ પ્રાપ્ત કરે છે તેવું ગરુડ પુરાણ અને અન્ય ધર્મ ગ્રંથોમાં જણાવવામાંઆવ્યું છે) આ દિવસેકાર્યરત શિવ તરંગોનો પૃથ્વી તથા આપ તત્વાત્મક પ્રવાહ સંબંધીત સૂક્ષ્મ લિંગ દેહ માટે જરૂરી તરંગોના અવશોષણ કરવામાં પોષક અને પૂરક હોય છે. આ દિવસે સૌભાગ્યવતી નારીમાં નિહિત શક્તિ તત્વનો સૂક્ષ્મ શીવશક્તિના સંયોગ થવામાં સહાયતા પ્રાપ્ત થાય છે. તેમજ સૌભાગ્યવતી નારીનો સૂક્ષ્મ લિંગ દેહ ત્વરિત ઉર્ધગતિ ધારણ કરે છે.

આ દિવસે શિવતરંગોની અધિકતાના ફળ સ્વરૂપ સૌભાગ્યવતી નારીને સૂક્ષ્મરૂપી શિવ તત્ત્વનું બળ પ્રાપ્ત થાય છે તેના સ્થૂળ શિવરૂપી પુરુષ પ્રકૃતિથી જોડાયેલા પૃથ્વી તત્વના સંસ્કારોથી સંબંધિત ઘનિષ્ઠ આશક્તિ યુક્ત તંતુઓનું વિઘટન થાય છે માટે જ રજોગુણી શક્તિ રૂપની પ્રતિક સુહાગન નારીનું શ્રાદ્ધ શ્રાદ્ધના દિવસોમાં પિતૃ પક્ષમાં શિવ તરંગોની અધિકતા દર્શાવતી નોમના દિવસે થાય છે.

આ વખતે ભાદરવા વદ નોમ તા ૭-૧૦-૨૦૨૩ ના શનિવારે આવતી હોવાથી તે દિવસે "અવિધવાનોમ" નું શ્રાદ્ધ કરવું. સંજોગોવશાત આ દિવસે શ્રાદ્ધ ન થઈ શકે તો સર્વપિત્રી અમાસ ના પણ આ શ્રાદ્ધ થઈ શકે.

શ્રાદ્ધ -સરિતા

-દેવેન કનકચન્દ્ર વ્યાસ

# ફુલાવરનું સેવન કરવાથી સ્વાસ્થ્ય સંબંધિત અનેક સમસ્યાઓથી રાહત મળે છે

## ફુલાવરમાં વિટામિન સી, ફાઈબર, ફોલેટ, વિટામિન કે, પોટેશિયમ અને મેંગેનીઝ જેવા ઘણા તત્વો જોવા મળે છે

અમદાવાદ,તા.૦૬

ફુલાવરનું સેવન હૃદય માટે ખૂબ જ ફાયદાકારક સાબિત થાય છે. કારણ કે ફુલાવર એન્ટી-ઓક્સિડેન્ટ ગુણોથી ભરપૂર હોય છે, જે હૃદયને સ્વસ્થ બનાવવામાં મદદ કરે છે, ફુલાવરનું સેવન કરવાથી હૃદય સંબંધિત બીમારીઓનું જોખમ પણ ઓછું થાય છે. ફુલાવરનું સેવન હાડકા માટે ખૂબ જ ફાયદાકારક માનવામાં આવે છે. કારણ કે ફુલાવરમાં વિટામિન ૠ ભરપૂર માત્રામાં હોય છે, જે હાડકાંને મજબૂત બનાવવામાં મદદ કરે છે. આ ઉપરાંત, ફુલાવરનું સેવન ફ્રેક્ચરના જોખમને ઘટાડવામાં પણ મદદ કરે છે. જો તમારે વજન ઓછું કરવું હોય તો ફુલાવરનું સેવન કરવું જોઈએ. કારણ કે ફુલાવરમાં ફાઈબરની માત્રા વધુ હોય છે, જે વજન ઘટાડવામાં મદદરૂપ સાબિત થાય છે. ફુલાવરનું સેવન કેન્સર જેવા જીવલેણ રોગના જોખમને ઘટાડવામાં ફાયદાકારક સાબિત થાય છે. કારણ કે ફુલાવર કેન્સર વિરોધી ગુણોથી ભરપૂર હોય છે, જે કેન્સરના કોષોના વિકાસને રોકવામાં મદદ કરે છે. શરીરમાં બળતરાની સ્થિતિમાં ફુલાવરનું સેવન ફાયદાકારક માનવામાં આવે છે. કારણ કે ફુલાવરમાં બળતરા વિરોધી ગુણ હોય છે, જે સોજો ઘટાડવામાં મદદરૂપ સાબિત થાય છે. ફુલાવરનું સેવન શરીરમાં વધતા કોલેસ્ટ્રોલને ઘટાડવામાં ફાયદાકારક માનવામાં આવે છે. કારણ કે ફુલાવરમાં હાઈપોકોલેસ્ટ્રોલેમિક અસર જોવા મળે છે, જે કોલેસ્ટ્રોલ ઘટાડવામાં મદદ કરે છે. પાચન સંબંધી સમસ્યાઓમાં ફુલાવરનું સેવન ફાયદાકારક સાબિત થાય છે. કારણ કે ફુલાવરમાં ભરપૂર માત્રામાં ફાઈબર હોય છે, જે પાચનતંત્રને મજબૂત બનાવે છે



અને પાચન સંબંધી સમસ્યાઓને દૂર કરવામાં મદદ કરે છે.ફુલાવરનું વધુ માત્રામાં સેવન કરવાથી કિડની સ્ટોનની સમસ્યા થઈ શકે છે.ફૂલકોબીનું વધુ માત્રામાં સેવન કરવાથી ગેસની સમસ્યા થઈ શકે છે.જો કોઈ વ્યક્તિનું યુરિક એસિડ વધી ગયું હોય તો તેણે ફુલાવરનું વધુ પ્રમાણમાં સેવન ન કરવું જોઈએ. પરંતુ સ્વાસ્થ્ય સંબંધિત કંઈપણ અનુસરતા પહેલા નિષ્ણાતની સલાહ લેવી ખુબજ જરૂરી છે.

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

આત્મ શુધ્ધિથી જ આત્મજ્ઞાનની પ્રાપ્તિ થાય છે.

- મહાત્મા ગાંધી

### : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૭૯, શા.શાકે. ૧૯૪૫, પા.અર્દીબહેસ્ત-૧૩૯૩, મુ. રબી-ઉલ્લ-અવ્વલ-૧૪૪૫, જૈન વીર સં.-૨૫૪૯, કચ્છી સં. ૨૦૮૦, ભાદરવા વદ-૭ આઠમનું શ્રાધ્ધ, કાલાષ્ટમી, શ્રી મહાલક્ષ્મીવ્રત સમાપ્તતા.૬ ઓક્ટોબર ૨૦૨૩, શુક્રવાર, પારસી તા.૨૨, મુસ્લિમ તા.૨૦, આર્દ્રા નક્ષત્ર, પરિઘ યોગ, બાલવ કરણ, સૂ.ઉ.૬:૪૫, સૂ.અ.૬:૩૩

આજનો દિવસ અશુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી મિથુન (ક છ ઘ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ : આપની ઈચ્છા અટકીને પૂર્ણ થાય. કાર્યબોજમાં વધારો થાય.
વૃષભ :શેર-સટ્ટા, જુગારથી દૂર રહેવું. વ્યાપારમાં તેજી રહે.
મિથુન :સંપત્તિને લગતા પ્રશ્નો ઉકેલાય. વડીલવર્ગથી લાભ થાય.
કર્ક : નોકરીયાત વર્ગને બઢતી-બદલીના યોગ છે. ધંધાકીય ક્ષેત્રે પ્રગતિ થાય.
સિંહ : કૌટુંબિક વિવાદના ભોગ બનવું પડે. માંગલિક કાર્યમાં સફળતા મળે.
કન્યા : પ્રિયજનથી મિલન-મુલાકાત સફળ બને. નાણાંભીડ દૂર થાય.
તુલા : ખાવા-પીવામાં કાળજી રાખવી. નવિન શુભ સમાચાર મળે.
વૃશ્ચિક આકસ્મીક પ્રવાસના યોગ સર્જાય. વાદ-વિવાદથી દૂર રહેવું.
ધન: શત્રુઓને પીછેહટ કરવી પડે. અટકેલા કામમાં પ્રગતિ થાય.
મકર: સ્નેહિ-મિત્રની મદદથી નાણાંકીય સમસ્યા ઉકેલાય. લાભની તક સાંપડે.
કુંભ : અકારણ મનમાં ચિંતા અનુભવાય. કોર્ટ-કચેરીના કાર્યોથી દૂર રહેવું.
મીન : કોઈ નવી જગ્યાનો પ્રવાસ થાય. માનસિક પ્રસન્નતા અનુભવાય.

# સીંગતેલના ડબ્બાનો ભાવ ૨૯૪૦ રૂપિયા સુધી પહોંચ્યો

રાજકોટ,તા.૦૫

તહેવારો પહેલા ગૃહિણીઓ માટે રાહતના સમાચાર મળી રહ્યા છે. સીંગતેલના ભાવમાં ૩ દિવસમાં ૧૯૦ રૂપિયાનો ઘટાડો થયો છે. દોઢ મહિના પછી સીંગતેલનો ડબ્બો ૩૦૦૦ની નીચે પહોંચ્યો છે. સીંગતેલના ડબ્બાનો ભાવ ૨૯૪૦ રૂપિયા સુધી પહોંચ્યો છે. દિવાળી સુધી સીંગતેલના ભાવમાં ઘટાડો જોવા મળી શકે છે. નવરાત્રિથી યાર્ડમાં મગફળીની ધૂમ આવક જોવા મળી શકે છે. જેના કારણે ઓઈલ મિલ પર દબાણ આવે તો ગ્રાહકોને મોટો લાભ મળી શકે છે. સામાન્ય અને ગરીબ, મધ્યમવર્ગ માટે ખુશ ખબર સામે આવ્યા છે. સીંગતેલના ભાવની કૃત્રિમ તેજીને મગફળીની આવક શરૂ થતા બ્રેક લાગી ગઈ છે. સિંગતેલનો ડબ્બો ત્રણ દિવસમાં ૧૯૦ રૂપિયા ઘટી ૨૯૪૦ રૂપિયાએ પહોંચ્યો છે. દોઢ મહિના બાદ સિંગતેલનો ડબ્બો ૩૦૦૦ રૂપિયાની અંદર ઉતરી ગયો છે. દિવાળી સુધી સીંગતેલના ભાવમાં સતત ઘટાડો જોવા મળી શકે છે.

રાજકોટ સહિત સૌરાષ્ટ્રના માર્કેટિંગ યાર્ડમાં નવી મગફળીની આવકના પગલે તેલના ભાવમાં ઘટાડો થયો છે. તો બીજી બાજુ સંગ્રહખોરોએ



પણ જુનો જથ્થો વેચવાનું શરૂ કર્યું છે. આવનારા દિવસોમાં સિંગતેલના ભાવમાં હજી ઘટાડો થાય તેવી શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે. દિવાળી સુધી સીંગતેલના ભાવમાં સતત ઘટાડો જોવા મળી શકે છે. નવરાત્રીથી યાર્ડમાં મગફળીની ધૂમ આવક નોંધાવાની શરૂ થશે. ત્યારે બીજી તરફ સિંગતેલના ભાવોને કાબૂમાં લેવા ઓઈલ મીલ પર દબાણ આવે તો ગ્રાહકોને લાભ મળી શકે છે.

# રાજયમાં સેવા પખવાડિયા દરમ્યાન ૩ લાખથી વધુ આયુષ્યમાન કાર્ડ અપાયા





ગાંધીનગર,તા.૬

મિશન અંત્યોદયના સંકલ્પ સાથે રાજયના પ્રત્યેક ગામમાં તમામ પ્રકારની આરોગ્ય સેવાઓ પૂરી પાડવાનો રાજય સરકારનો લક્ષ્યાંક છે ત્યારે વિવિધ આરોગ્ય સંભાળ યોજનાઓ વિશે જાગૃતિ વધારવા અને દરેક ગામમાં આરોગ્ય સંભાળ સેવાઓને સંતૃપ્ત કરવા માટે કાર્યરત કરાયેલી આયુષ્માન ભવઃ અભિયાનની યોજનામાં ગુજરાતે ખુબ જ સક્રિયતા સાથે પોતાનું યોગદાન આપી સેવા પખવાડિયા દરમ્યાન તેને અનુરૂપ કાર્યક્રમોનું આયોજન યોજયા હોવાનું વિગતો જાહેર કરાઈ છે. પ્રવકતામંત્રી ઋષિકેશ પટેલે આ અંગે જણાવ્યું હતું કે તા.૧૭મી સપ્ટેમ્બરથી ૨જી ઓકટોબર દરમ્યાન સેવા પખવાડિયું તરીકે આયુષ્યમાન ભવઃઅભિયાન સમગ્ર રાજયમાં કાર્યરત રહ્યું હતું. સેવા પખવાડિયા દરમ્યાન આયુષ્યમાન આપકે દ્વાર ૩.૦ અંતર્ગત પીએમજેએવાય યોજના હેઠળ લાયક લાભાર્થીઓને આયુષ્માન કાર્ડના વિતરણ માટે ૩,૦૨,૩૩૨ આયુષ્યમાન કાર્ડ વિતરણ કરવામાં આવ્યા. તેમજ સમગ્ર રાજયમાં ૧૦,૮૭,૩૧૪ લાખ એબીએચએ કાર્ડ કાઢવામાં આવ્યા. તે ઉપરાંત હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર ખાતે ૧૮,૦૩૦ હેલ્થ મેળા યોજવામાં આવ્યા, જે ૩૧ ડિસેમ્બર સુધી દરશનિવારે ચાલુ રહેશે. ઉપરાંત સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે ઓબ્સ્ટેટ્રિક અનેસ્ત્રીરોગ, બાળરોગ, સર્જરી, ઈએનટી, આંખ અને મનોરોગ જેવા નિષ્ણાતોદ્વારા ૯૫ તબીબી કેમ્પ યોજવામાં આવ્યા છે. જેમાં ૧૮૨ જેટલી સર્જરી પણ સફળતાપૂર્ણ પાર પાડવામાં આવી. એટલું જ નાહી મેડિકલ કોલેજ દ્વારા દર ગુરૂવારે તબીબી કેમ્પનું આયોજન તા.૩૧ ડિસેમ્બર સુધી ચાલુ રહેશે. તેમણે ઉમેર્યું કે ૧૦૦ટકા આયુષ્માન કાર્ડનું વિતરણ અને આભા આઈડીનું નિર્માણ, હાઈપરટેન્શન અનો ડાયાબિટીસ માટે સ્ક્રીનીંગ/ તપાસ, ટીબીના દર્દીઓની ઓળખ અને સારવાર, સિકલ સેલ રોગની તપાસ અને કાર્ડ વિતરણ કરનાર ગામ/ શહેરી વોર્ડને આયુષ્યમાન ગ્રામ પંચયાત અથવા આયુષ્માન અર્બન વોર્ડનો દરજજો એનાયત કરવામાં આવશે. તમામ જાહેર આરોગ્ય સંસ્થાઓ ઉપર સ્વચ્છતા અભિયાન તેમજ ૧૬,૩૮૬ ગ્રામ પંચાયતોમાં આરોગ્ય સભા કરવામાં આવી હતી. તે ઉપરાંત ૫૯૫ ઓર્ગન ડોનેશન પ્લેજ ડ્રાઈવ અને ૯૭૪ રકતદાન શિબિર પણ કરવામાં આવીહતી. જેમાં ૪૫,૨૨૯બ્લડ યુનિટ મળ્યું.

# રાજયમાં ગ્રીન ગ્રોથના સંકલ્પને લઈ ગુજરાત રિન્યુએબલ એનર્જી પોલિસી જાહેર કરાઈ

## રાજ્યમાં વધુ નવા રોકાણો આકર્ષવા માટે સરકાર દ્વારા વધુ એક પોલિસીની જાહેરાત



ગાંધીનગર, તા.૬

ગુજરાત સરકારે વધુ એક પોલિસી જાહેર કરી છે. રાજયમાં વધુ નવા રોકાણો આકર્ષવા ગુજરાતે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આપેલા ગ્રીન ગ્રોથના સંકલ્પને સાકાર કરવાની દિશામાં ગુજરાત રિન્યુએબલ એનર્જી પોલિસી૨૦૨૩ની જાહેરાત કરીને ભર્યું છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે નાણાં અને ઊર્જા મંત્રી કનુભાઈ દેસાઈની ઉપસ્થિતિમાં આ નવી ગુજરાત રિન્યુએબલ એનર્જી પોલિસી૨૦૨૩ જાહેર કરી છે. આ પોલિસી વિન્ડ, સોલાર અને હાઈબ્રિડ ટેક્નોલોજી ઉપર આધારિત રિન્યુએબલ જનરેશન પ્રોજેકટસની સ્થાપનાને પ્રોત્સાહિત કરનારી અને વ્યાપકપણે રિન્યુએબલ એનર્જીના મુખ્ય સ્ત્રોતોનેઆવરી લેતી આગવી પોલિસી છે. એટલું જ નહીં, આ પોલિસી અંતર્ગત ગ્રાઉન્ડ માઉન્ટેડ સોલાર, રૂફટોપ સોલાર, ફલોટિંગ સોલાર, કેનાલટોપ સોલાર અને વિન્ડ, રૂફટોપ વિન્ડ અને વિન્ડ-સોલાર હાઈબ્રિડ પ્રોજેકટ્સને આવરી લેવામાં આવશે.

મુખ્યમંત્રીએ જાહેર કરેલી આ પોલિસીનો ઓપરેશનલ સમયગાળો નવી પોલિસી જાહેર થતાં સુધીનો અથવા ૨૦૨૮ સુધીનો રાખવામાં આવ્યો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ હરિત ઊર્જા સ્ત્રોતોનો ઉપયોગ ઉત્તરોત્તર વધારીને ભારતને વર્ષ ૨૦૭૦ સુધીમાં નેટ ઝીરો ઉત્સર્જનનોલક્ષ્યાંક રાખ્યો છે. આ લક્ષ્યાંકની સાથે ટૂંકાગાળાના લક્ષ્યાંકો પણ નક્કી કરાયા છે, જેમાં વર્ષ ૨૦૩૦ સુધીમાં ભારત રિન્યુએબલ એનર્જીની ક્ષમતા ૫૦૦ ગીગાવોટ સુધી વધારીને દેશની કુલ ઊર્જા જરૂરિયાતના ૫૦ ટકા રિન્યુએબલ એનર્જીમાંથી પ્રાપ્ત કરવાનું લક્ષ્ય નક્કી કર્યું છે. ગુજરાતે આ નેમને પાર પાડવા આ નવી રિન્યુએબલ એનર્જી પોલિસી અંતર્ગત ૨૦૩૦ સુધીમાં સમગ્ર વિજ ઉત્પાદનનો ૫૦ ટકા હિસ્સો રિન્યુએબલ એનર્જી દ્વારા પ્રાપ્ત કરવાના ઉદ્દેશસાથે આ પોલિસીમાં વિવિધ સુવિધાઓ પ્રદાન કરવાની જોગવાઈઓ કરેલી છે. રાજયની સંભવિત રિન્યુએબલ ક્ષમતાનો મહત્તમ ઉપયોગ કરવામાં આવશે તેમજ અંદાજે ૪ લાખ એકર જમીનનો ઉપયોગ આ પોલિસી હેઠળ આવનારા પ્રોજેકટ્સમાં થવાની સંભાવના રાખવામાં આવી છે. એટલું જ નહીં, ગુજરાતના રિન્યુએબલ એનર્જી પોલિસી૨૦૨૩ના પરિણામે પાંચલાખકરોડનું રોકાણ થવાની પણ સંભાવનાઓ છે. મુખ્યમંત્રીએ જાહેર કરેલી આ પોલિસી હેઠળના લાભો પ્રોજેકટ કમિશનીંગ તારીખથી ૨૫ વર્ષના અથવા રિન્યુએબલ પ્રોજેકટ્સના લાઈફ ટાઈમ સમયગાળા પૈકી જે વહેલું હોય તે માટે લાગુ થશે. આ પોલિસી અન્વયે પ્રોજેકટની નોંધણી, માન્યતા, કમિશનીંગ પ્રમાણપત્ર અને માસિક પ્રગતિ અહેવાલ રજૂ કરવા માટે નોડલ એજન્સી તરીકે ગુજરાત એનર્જી ડેવલપમેન્ટ એજન્સી-GEDA કાર્યવાહી કરશે. તેમજ પોલિસીના અમલીકરણ, સંકલન અને દેખરેખ એજન્સી તરીકે ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડGUVNL કામગીરી હાથ ધરશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ COP-26ના ગ્લાસગો ખાતે યોજાયેલા સંમેલનમાં કલાઈમેટ ચેન્જ, રિન્યુએબલ એનર્જી સોર્સમાં થતો સતત ઘટાડો તેમજ પ્રદૂષણના કારણે ઊભા થયેલા પડકારોને અવસરમાં ફેરવી વિકાસના નવા આયામો પ્રસ્થાપિત કરવા ઉપર ભાર મૂકયો છે. આ હેતુસર તેમણે ઉત્તરોતર ગ્રીન ઊર્જા સ્ત્રોતોનો ઉપયોગ વધારીને ૨૦૭૦ સુધીમાંકાર્બન ઉત્સર્જન નેટ ઝીરો કરવા માટેનો સંકલ્પ વ્યકત કર્યો છે, જેમાં ગુજરાત સોલાર, વિન્ડ, હાઈબ્રિડ જેવા ગ્રીન એનર્જીના ક્ષેત્રોમાં નીતિ નિર્ધારિત વિકાસ દ્વારા અગ્રણી રાજય બન્યું છે. રાજય સરકારે રજૂ કરેલા વિકાસના પંચ સ્તંભ આધારિત બજેટમાં ગ્રીન ગ્રોથને એક મહત્ત્વપૂર્ણ સ્તંભ ગણ્યો છે.

મુખ્યમંત્રીએ આ પોલિસી જાહેર કરી તે અવસરે મુખ્ય સચિવ રાજકુમાર, મુખ્યમંત્રીના મુખ્ય અગ્રસચિવ કે. કૈલાસનાથન, અધિક મુખ્ય સચિવો પંકજ જોષી, જે.પી. ગુપ્તા તથા અગ્રસચિવો મમતા વર્મા તથા વરિષ્ઠ સચિવો અને ઊર્જા વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા

# પીળા સમુદ્રમાં પરમાણુ સબમરીન દુર્ઘટનામાં ૫૫ ચીની ખલાસીઓ માર્યા ગયાની આશંકા : અહેવાલ

## બ્રિટન દ્વારા બહાર પડાયેલા અહેવાલને ચીને ફગાવ્યો, ૨૧મી ઓગસ્ટે મિશન દરમ્યાન દુર્ઘટના સર્જાઇ હોવાની આશંકા

નવી દિલ્હી, તા.૬

પીળા સમુદ્રમાં સબમરીન દુર્ઘટનામાં ઓછામાં ઓછા પંચાવન ચીની ખલાસીઓનાં મોત થયા હોવાની આશંકા છે. બ્રિટનના એક ગોપનીય અહેવાલ મુજબ સબમરીનની ઓક્સિજન પ્રણાલીમાં વિનાશક નિષ્ફળતાને કારણે ક્રૂ મેમ્બર્સ મૃત્યુ પામ્યા હતા જેના કારણે તેઓને પોઈઝનિંગ થયું હતું. મૃતકોમાં ચીની પીએલએ નેવી સબમરીન '૦૯૩-૪૧૭'ના કેપ્ટન કર્નલ ઝ્યુ યોંગ-પેંગ અને અન્ય ૨૧ અધિકારીઓ હતા એમ ડેઈલી મેલે યુકેના ગુપ્ત અહેવાલનેટાંકીને જણાવ્યું હતું. ડેઈલી મેઈલ મુજબ યુકેના અહેવાલમાં આ ઘટનાનું વર્ણન કરવામાં આવ્યું છે, 'ઈન્ટેલીજન્સરિપોર્ટ્સ સૂચવે છે કે ૨૧મી ઓગસ્ટે સબમરીન પીળા સમુદ્રમાં મિશન ઉપર હતી ત્યારે અચાનક અકસ્માત થયો હતો. આ ઘટના સ્થાનિક સમય મુજબ ૦૮:૧૨ વાગ્યે બની હતી, જેના પરિણામે ૫૫ ક્રૂ સભ્યોમાં ૨૨ અધિકારીઓ, ૭ ઓફિસર કેડેટ્સ, ૯ નાના અધિકારીઓ અને ૧૭ ખલાસીઓનું દુઃખદ મૃત્યુ થયું હતું. મૃત્યુનું કારણ સબમરીન પરની સિસ્ટમની ખામીને કારણે હાયપોક્સિયા હોવાનું જણાય છે. આ જહાજ એક સાંકળ અને એન્કર અવરોધ સાથે અથડાયું હતુંજેનોઉપયોગ ચીની નૌકાદળ દ્વારા યુએસ અને તેની સાથે સંકળાયેલ સબમરીનને ફસાવવામાટે કરવામાં આવે છે. આ અથડામણને કારણે સિસ્ટમ ફેલ થઈ જેના કારણે જહાજને રિપેર કરવા અને રિસરફેસ કરવા માટે છ કલાકની જરૂર પડી. આપત્તિજનક નિષ્ફળતાને પગલે ઓનબોર્ડ ઓકિસજન સિસ્ટમ દ્વારા ક્રૂને પોઈઝનિંગ થયુંહતું.' હાલમાં, સ્પષ્ટતા માટે ઉપલબ્ધ ચીની સબમરીનના શંકાસ્પદ નુકશાનની કોઈ સ્વતંત્ર પુષ્ટિ નથી. ચીને આ ઘટના અંગેની અટકળોને "સંપૂર્ણપણે ખોટી" ગણાવીને ફગાવી દીધી છે. ડેઈલી મેલે યુકેના અહેવાલમાં વિગતો ઉપર ટિપ્પણી કરવા માટે રોયલ નેવીનો સંપર્ક કર્યો હતો પરંતુ સત્તાવાર સ્ત્રોતોએ કોઈપણ નિવેદનો અથવા માર્ગદર્શન આપવાનો ઈન્કાર કર્યો હતો. સંરક્ષણ ગુપ્ત માહિતી પર આધારિત યુકેના અહેવાલને ઉચ્ચ સ્તરની ગુપ્તતામાં વર્ગીકૃત કરવામાં આવે છે. ડેઈલી મેઈલના અહેવાલ મુજબ, ચાઈનીઝ ટાઈપ ૦૯૩ સબમરીન છેલ્લા ૧૫ વર્ષથી કાર્યરત છે. ૩૫૧ ફૂટની લંબાઈ ધરાવતા આ જહાજો ટોર્પિડોથી સજજ છે. ટાઈપ ૦૯૩ સબમરીન ચીનની કેટલીક નવી નૌકાદળ સંપત્તિઓનું પ્રતિનિધિત્વ કરે છે જે તેમના ઘટાડેલા અવાજ ઉત્સર્જનનો કારણે અલગ પડે છે. આ ઘટના ચીનના શેનડોંગપ્રાંતની નજીકના પાણીમાં બની છે.

# નાંદેડ અને છત્રપતિ સંભાજીનગર ખાતે સરકારી હોસ્પિટલોમાં થયેલા મૃત્યુ અંગે હાઈકોર્ટ દ્વારા સુઓમોટો હાથ ધરાઈ

મુંબઈ તા,૬

મહારાષ્ટ્રના નાંદેડ અને છત્રપતિ સંભાજીનગરમાં રાજય સરકાર સંચાલિત હોસ્પિટલોમાં થયેલામૃત્યુ અંગે બોમ્બે હાઈકોર્ટ ખૂબ જ કડક વલણ અપનાવી રહી છે. હાઈકોર્ટે કડક વલણ અપનાવીને સમગ્ર મામલાની સુઓ મોટુ સંજ્ઞાન લીધી છે. સાથે જ કોર્ટે મહારાષ્ટ્ર સરકારને આ મામલે વિગતો આપવા જણાવ્યું છે. ચીફ જસ્ટિસ ડી.કે. ઉપાધ્યાય અને જસ્ટિસ આરિફની ડિવિઝન બેન્ચે રાજય સરકારનેઆરોગ્ય માટેરાજ્યના બજેટની ફાળવણી વિશે વિગતો આપવા જણાવ્યું હતું. મંગળવારે વકીલ મોહિત ખન્નાએ ખંડપીઠને એક પત્ર લખીને મૃત્યુ અંગે સુઓ મોટુ સંજ્ઞાન લેવાની વિનંતી કરી હતી. ખન્નાએ તેમના પત્રમાં જણાવ્યું હતું કે ૩૦ સપ્ટેમ્બરથી ૪૮ કલાકમાં નાંદેડના ડો. શંકરરાવ ચવ્હાણ સરકારી મેડિકલ કોલેજ અનેહોસ્પિટલમાં શિશુઓ સહિત ૩૧ લોકોના મોત નોંધાયા હતા. પત્રમાં એવો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે ૨થી ૩ ઓકટોબરની વચ્ચે છત્રપતિ સંભાજીનગરની સરકારી મેડિકલ કોલેજ અને હોસ્પિટલમાં શિશુઓ સહિત ૧૮ દર્દીઓના મોત નોંધાયા હતા. આ મામલાની ગંભીરતાને ધ્યાનમાં લઈને બોમ્બે હાઈકોર્ટે કહ્યું કે, તે આ મામલે આજે શુક્રવારે સુનાવણી કરાશે. મહારાષ્ટ્રના મુખ્યમંત્રી એકનાથ શિંદેએ મંગળવારે કહ્યું હતું કે સરકાર નાંદેડની હોસ્પિટલમાં થયેલા મૃત્યુના મામલાને ગંભીરતાથી લઈ રહી છે. અમે આ મામલે યોગ્ય કાર્યવાહી કરી રહ્યા છીએ અને ઊંડેથી તપાસ કરવામાં આવી રહી છે. તેમણે દવાઓ કે, સ્ટાફની અછતને લગતાં તમામ અહેવાલો નકારી કાઢ્યા હતા.

# રાજયપાલે સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં OBC અનામતના બિલને મંજૂરી આપી

અમદાવાદ તા.૬

તાજેતરમાં વિધાનસભા ગૃહમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં OBC અનામત મામલે ગૃહમાં સુધારા બિલ રજૂ કરવામાં આવ્યું હતું. બિલ

રાજયપાલની મજુરી માટે મોકલવામાં આવ્યું હતું. રાજ્યપાલ બીલને મજૂરી આપી દીધી છે. છેલ્લા કેટલાકસમયથી સ્થાનિક સ્વરાજ્ય ચૂંટણીમાં OBCઅનામત ૨૬ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો, જેથી આ સમગ્ર મામલો સુપ્રીમ કોર્ટમાં પહોંચ્યોહતો. સુપ્રીમ કોર્ટે આદેશ કરીને ઝવેરી કમીશન પંચની રચના કરી હતી, કમિશને રિપોર્ટ તૈયાર કરીને ગુજરાત સરકારને સોંપ્યો હતો અને ત્યારબાદ સરકારે વિધાનસભાના ચોમાસુ સત્રમાં આ સુધારા બિલ ગૃહમાં રજૂ કર્યું હતું. જો કે આ બીલને લઈને બંને પક્ષો વચ્ચે ભારે તર્ક વિતર્ક થયા હતા, અને અંતે સરકારે બહુમતીથી બિલ ગૃહમાં પાસ કર્યું હતું, બિલ પાસ થાય બાદ રાજયપાલની મંજૂરી માટે મોકલવામાં આવ્યું હતું. વિધાનસભા ખાતે પસાર થયેલા અનામત બિલને રાજ્યપાલ દ્વારા ૩૦ સપ્ટેમ્બરે મંજૂરી આપી દેવામાં આવી છે. જેથી હવે રાજ્ય ચૂંટણી આયોગ આગમી દિવસોમાં ચૂંટણીલક્ષી તૈયારીઓ આરંભી દેશે. રાજયપાલની મંજૂરી બાદ વિભાગ દ્વારા આગામી દિવસોમાં નોટીફિકેશન બહાર પડાશે. નોટીફિકેશન બાદ અનામત મુજબ બેઠક ફેરફાર કરવામાં આવશે. જો કે નોટિફિકેશન આવ્યા બાદ ૭ હજારથી વધુ ગ્રામ પંચાયતની ચુંટણી માટે રસ્તો સાફ થશે.

# ભારતમાં શિક્ષણ બજેટમાં વધારો : ભારતીયો કારકિર્દી બનાવવા માટે વર્ષે રૂા. ૨ લાખ ખર્ચ કરવા તૈયાર છે : રિપોર્ટ

નવી દિલ્હી તા.૬

ભારતીયો વધુ શિક્ષણ મેળવવા માટે દર વર્ષે લગભગ રૂા.૨ લાખ (US $2,500) ખર્ચવા માટે તૈયાર છે એવું એક રિપોર્ટમાં જાહેર કરવામાં આવ્યું છે. વ્યાવસાયિક શિક્ષણ પ્લેટફોર્મ, એમેરિટસ તરફથી તાજેતરમાં પ્રકાશિત થયેલ એમેરિટસ ગ્લોબલ વર્કપ્લેસ સ્કીલ્સ સ્ટડી ૨૦૨૩ દ્વારા આ માહિતી આપવામાં આવી છે. દેશના વિવિધ ક્ષેત્રોના વ્યાવસાયિકોના આ સર્વેક્ષણમાં જાણવા મળ્યું છે કેદર બેમાંથી ૧ ભારતીય આગામી ૧૨ મહિનામાં પોતાને, તેમના બાળકો અથવા તેમના પરિવાર માટે વધુ શિક્ષણ માટે ભંડોળખર્ચ કરવા માટે તૈયાર છે.

આ અભ્યાસના મુખ્ય તારણોઃ

ભારતીયોની પ્રાથમિકતામાં શિક્ષણને ઉચ્ચ સ્થાન આપવામાં આવ્યુંછે. આ સર્વેક્ષણમાંજાણવા મળ્યું છે કે, ૩માંથી ૨ ઉત્તરદાતાઓએ વૈશ્વિક સ્તરે નોકરીની છટણી અને પગારમાં કાપ વચ્ચે, આરોગ્યસંભાળ, દવા, કરિયાણા વગેરે જેવી આવશ્યક ચીજો ઉપર ધ્યાન કેન્દ્રિત કરીને સાવચેતીપૂર્વક તેમના નાણાં ખર્ચવાનું સ્વીકાર્યું છે. ભારતીયોદ્વારા ઉચ્ચ શિક્ષણ ઉપર ખર્ચ કરવાનો ટ્રેન્ડ વિશ્વના અન્ય ભાગોથી અલગ છે, જ્યાં સંસ્થાઓ દ્વારા અપસ્કિલિંગને મોટા પ્રમાણમાં ભંડોળ પૂરું પાડવામાંઆવે છે. ભારતીયો વધુ અભ્યાસ શા માટે કરવા માંગે છે ? અહેવાલ મુજબ, ભારતીય વ્યાવસાયિકો માટે ઉચ્ચ શિક્ષણ મેળવવાની મુખ્ય પ્રેરણાઓમાં નોકરીની સુરક્ષામાં વધારો, આત્મવિશ્વાસમાં વધારો, નેતૃત્વ કૌશલ્યનો વિકાસ અને ઉદ્યોગના જ્ઞાન સાથે અદ્યતન રહેવાનો સમાવેશ થાય છે. અભ્યાસમાં જાણવામળ્યુંછે કે, ઉત્તરદાતાઓ શિક્ષણ માટે સાપ્તાહિક ધોરણે સરેરાશ ૧૧ કલાક આપવા તૈયાર છે. મોટાભાગના ભારતીયો અપસ્કિલિંગ માટે ટૂંકા ગાળાના કાર્યક્રમોને પસંદ કરે છે. સરેરાશ, દેશના વ્યાવસાયિકો અપસ્કિલિંગ પ્રોગ્રામ માટે લગભગ ૫ મહિના માટે પ્રતિબદ્ધ હોવાનું જણાયું હતું. આ અભ્યાસ કહે છે કે, વ્યક્તિગત કારકિર્દી યોજનાઓ, બાંયધરીકૃત ઈન્ટર્નશીપ, નેટવર્કિંગની તકો અને કારકિર્દી વર્કશોપ લાભો ભારતીય ગ્રાહકોને પ્રોગ્રામ માટે વધારાની ચૂકવણી કરવા પ્રેરિત કરે છે. લગભગ ૧૦માંથી ૭ ઉત્તરદાતાઓએ આ વધારાના લાભોમાંથી એક મેળવવા માટે વધુ ચૂકવણી કરવાનું પસંદ કર્યું હતું. સર્વેમાં એ પણ જાણવા મળ્યું છે કે કેટલાક સૌથી આકર્ષક નોંધણી લાભોમાં માસિક હપ્તામાં ચૂકવણી કરવાની શક્યતા, કેશબેક લાભો અને ફુલ રિફંડ ગેરંટીનો સમાવેશ થાય છે. એમેરિટસે ભારત, ઓસ્ટ્રેલિયા, બ્રાઝિલ, ફ્રાન્સ, યુએસ, ચીન, યુકે, બ્રાઝિલ, મેક્સિકો, યુએઈ સહિત ૧૮ દેશોમાં ૨૧થી ૬૫ વર્ષની વયના ૬,૬૦૦ વ્યાવસાયિકોના તેના વ્યાપક સર્વેક્ષણ દ્વારા આ અભ્યાસની ત્રીજી આવૃત્તિ હાથ ધરી હતી. આ અભ્યાસમાં ૨૧થી ૬૫ વર્ષની વયના કુલ ૧,૭૨૦ ભારતીયોનો સર્વે કરવામાં આવ્યો હતો. ઉત્તરદાતાઓની સરેરાશ ઉંમર ૩૯ હતી, અને સરેરાશ કામનો અનુભવ ૧૨ વર્ષ હતો.

# ગુજરાતની એક તૃતિયાંશ વસ્તી ગરીબી રેખાની નીચે જીવન ગુજારી રહી છે : રિપોર્ટ

નવી દિલ્હી, તા.૬

ગુજરાતની એક તૃતીયાંશ વસ્તી જેમાં ૩૧ લાખથી વધુ પરિવારો સામેલ છે, તે ગરીબી રેખા (BPL) નીચે જીવન જીવે છે. ન્યૂ ઈન્ડિયન એક્સપ્રેસના અહેવાલ અનુસાર BPL થ્રેશોલ્ડ ગ્રામીણ વિસ્તારો માટે ૮૧૬ રૂપિયા પ્રતિ વ્યક્તિ પ્રતિ માસ અને શહેરી વિસ્તારો માટે ૧૦૦૦ રૂપિયા છે, જે ગ્રામીણ રહેવાસીઓ માટે ૩૨ રૂપિયા પ્રતિ દિવસ અને શહેરી રહેવાસીઓમાટે ૨૬ રૂપિયાછે. ગ્રામીણ વિકાસ રાજયમંત્રી બચુભાઈ મગનભાઈ ખાબડના જણાવ્યાઅનુસાર, ૧૪ સપ્ટેમ્બરે કોંગ્રેસના ધારાસભ્ય તુષાર ચૌધરીના પ્રશ્નના જવાબમાં ગુજરાતમાં કુલ ૩૧,૬૧,૩૧૦ BPL પરિવારોની ઓળખ કરવામાં આવી છે. તેમાંથી ૧૬,૨૮,૭૪૪ પરિવારોને અત્યંત ગરીબ તરીકે વર્ગીકૃત કરવામાં આવ્યા છે, જ્યારે ૧૫,૩૨,૫૬૬ને ગરીબ તરીકે વર્ગીકૃત કરવામાં આવ્યા છે. વધુમાં આ ડેટા દર્શાવે છે કે, બીપીએલ શ્રેણીમાં પરિવારોની સંખ્યા સતત વધી રહી છે. ૨૦૨૦-૨૧માં ૧૦૪૭ પરિવારો BPL કેટેગરીમાં આવ્યા, જેમાં માત્ર ૧૪પરિવારો જ તેમાંથી બહાર નીકળી શક્યા હતા. ૨૦૨૧-૨૨માં BPL કેટેગરીમાં ૧૭૫૧ નવા પરિવારો ઉમેરવામાં આવ્યાહતા અને માત્ર બે પરિવારોએ તેમની સ્થિતિ સુધારી હતી. ૨૦૨૨-૨૩માં BPL કેટેગરીમાં ૩૦૩ પરિવારોનોવધારોથયો છે, જેમાં માત્ર એક પરિવાર ગરીબીમાંથી બહાર આવ્યો છે. અમદાવાદમાં રહેતા અર્થશાસ્ત્રી હેમંત કુમાર શાહે અખબારને જણાવ્યુંહતું કે, જોઆપણે ૩૧.૬૪ લાખ ગરીબ પરિવારોમાં ગરીબ પરિવાર દીઠ સરેરાશ છ સભ્યો ધારીએ, તો તેનો અર્થ એ થાય છે કે, ગુજરાતમાં BPLની વસ્તી કુલ ૧ કરોડ ૮૯ લાખ છે, જે દર્શાવે છે કે, આશરે રાજયની એક તૃતીયાંશ વસ્તી ગરીબી રેખા નીચે જીવે છે.

# અમદાવાદમાં ક્રિકેટ વર્લ્ડ કપની તમામ મેચો દરમ્યાન ટ્રાફિક સહિત પોલીસના ત્રણ હજારથી વધુ કર્મચારીઓને તૈનાત કરવામાં આવ્યા

## માર્ગ ઉપર કોઈપણ જગ્યાએ અડચણરૂપ વાહનથી ટ્રાફિક ન થાય તે માટે સતત ક્રેન માર્ગ ઉપર ફરતી રહેશે : ટ્રાફિક ડીસીપી નીતા દેસાઈ




અમદાવાદ,તા.૬

અમદાવાદ શહેરમાં ક્રિકેટ વર્લ્ડ કપની મેચોની શરૂઆત થઈ છે. શહેરમાં નવરાત્રિ અને ક્રિકેટ મેચને લઈને પોલીસ તંત્રએ તમામ તૈયારીઓ કરી લીધી છે. તે ઉપરાંત શહેર પોલીસ કમિશ્નર દ્વારા ક્રિકેટ મેચોને લઈનેજાહેરનામુંબહાર પાડ્યુંછે. મોદી સ્ટેડિયમમાં વાહનો માટે ૧૫ પાર્કિગ પ્લોટ રહેશે. તેમજ સવારે ૧૧થી રાત્રે ૧૨ સુધી કેટલાક રૂટ ડાયવર્ટ કરાયા છે. ત્યારે ૫ અને ૧૪ ઓક્ટોબર, ૪,૧૦,૧૯ નવેમ્બરની વર્લ્ડ કપ મેચ રમાશે. ટ્રાફિક સહિત પોલીસનાં ૩ હજારથી વધુ અધિકારીઓ-કર્મચારીઓ તૈનાત રહેશે. આ બાબતે ટ્રાફિક ડીસીપી નીતા દેસાઈએમીડિયાને જણાવ્યુંહતું કે, આઈસીસી ક્રિકેટ વર્લ્ડ કપ ૨૦૨૩ની અમદાવાદ શહેરમાં પાંચ મેચો રમાવા જઈ રહી છે. જેને લઈ પોલીસ કમિશ્નર દ્વારા જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. તે મુજબ ટ્રાફિકને અડચણરૂપ ન થાય તેને લઈ જનપથ થી સ્ટેડિયમ મુખ્ય ગેટથી કૃપા રેસિડેન્સી થી મોટેરાટી સુધીનો માર્ગ સવારે ૧૧ વાગ્યાથી રાત્રીનાં ૧૨.૦૦ સુધી બંધ રહેશે. તેમજ આ જાહેરનામું તમામ મેચો માટે લાગુ પડશે. ટ્રાફિક ન થાય તે માટે ૧૫ જેટલા પ્લોટો છે. જેમાંથી ચાર ટુ વ્હીલર માટેનાં છે. તેમજ ૧૧ ફોર વ્હીલર માટેનાં પાર્કિગ પ્લોટો છે. આ જે પાર્કીગ પ્લોટ છે. માર્ગ ઉપર કોઈ પણ જગ્યાએ અડચણરૂપ વાહનથી ટ્રાફિક ન થાય તે માટે સતત ક્રેન માર્ગ ઉપર ફરતી રહેશે. તેમજ મેચ વખતે એડીશનલ પોલીસ કમિશ્નર, ૩ ડીસીપી, ૪ એસીપી સહિત ૧૨૫૦ જેટલા ટ્રાફિકનાં અધિકારી કર્મચારીઓ આ બંદોબસ્તમાં તૈનાત રહેશે.

### ભય, ભુખ અને ભ્રષ્ટાચાર સહિત વિવિધ પ્રશ્નોથી પિડાતી

# મહાનગર સહિત ગુજરાતની આમ જનતાના હાથમાં બે જ વિકલ્પ 'દોડો અને છોડો'

## ગુજરાતની જનતાએ ન.મો.ને સ્પષ્ટ સંદેશો આપી દેવો જોઈએ કે આ વખતે તમારા કે વિકાસના નામે કોઈ પત્થરાઓ તરશે નહીં, દ્રઢ સંકલ્પ થશે!

**મહાનગરમાં હરતા-ફરતા**
ગોરધન પાઘડાર (સિનીયર પત્રકાર)

જૂનાગઢ તા. ૬

સ્વામિ વિવેકાનંદને આજે જૂનાગઢ મહાનગરની જ નહીં સમગ્ર ગુજરાતની જનતા, આમ પ્રજાને યાદ કરવા નહીં પરંતુ તેનું સાચા હૃદયથી અનુસરણ કરવાનો સમય પાકી ગયો હોય તેવું શું? નથી લાગતું?

ઉઠો, જાગો અને ધ્યેય (લક્ષ્ય, પરિણામ, ફળ) પ્રાપ્તિ ના થાય ત્યાં સુધી આંખ વિચીને મંડયા રહો.. સ્વામિ વિવેકાનંદનું આ સુત્ર આજે આપણી ગુજરાતની જનતાને અક્ષર: લાગુ પડે છે.

આજે ગુજરાતમાં ભાજપના શાસનથી લગભગ મોટાભાગની જનતા, આમ પ્રજા એક યા બીજા પ્રકારે ત્રસ્ત, દુ:ખી જ છે. પછી નાના-મોટા સરકારી કામો હોય કે જનતાના સુખાકારીને લગતા પ્રશ્નો હોય પરંતુ મોટા ભાગનું ભાજપ એક યા બીજા પ્રકારને ભ્રષ્ટાચારની ચુંગાલમાં એવા તો અટવાળી દેવામાં આવે છે કે, જેના કારણે અવાર-નવાર આ સંબંધે રાવ-ફરીયાદ કરવામાં આવતી હોય છે પરંતુ પ્રશાસન એવંમ્ ભાજપનો સારાયે ગુજરાતમાં સામાન્ય ગામડાથી માંડીને ગાંધીનગરથી માંડીને છેક દિલ્હી સુધી એકચક્રી શાસનનો ઘંટ વાગતો હોવાથી તેમજ ગુજરાતના વિપક્ષોમાં પણ કોઈ એવું મજબુત સંગઠન ન હોવાના કારણે અથવા તો સબળ નેતાગીરીના અભાવે જનતાનો અવાજ જે પ્રકારે એટલે કે ધ્યેય પ્રાપ્તિ સુધી ઉઠાવવો જોઈએ તે ઉઠતો નથી. પરિણામે ભાજપના બહુમતી શાસન ઉપર જે પ્રકારનું વિપક્ષી અધિપત્ય એવંમ્ નિયંત્રણ હોવું જોઈએ તે પ્રકારનું જોવા ન મળતા અત્ર, તત્ર અને સર્વત્ર ગુજરાતમાં ભય, ભુખ અને ભ્રષ્ટાચારે માઝા મુકી છે. જેમ પાઘડીનો વળ છેડે તેમ આજે ગુજરાતની આમ જનતા પિલાતી જોવા મળે છે. જ્ઞાતિવાદ, કોમવાદ, ધર્મવાદ, સામ્યવાદ, સમાજવાદ, મુડીવાદ, નકસલવાદ, આતંકવાદ, પ્રાંતવાદ, ભાષાવાદ, સંપ્રદાયવાદ જેવા ખતરનાક 'વાદ' એવંમ્ વિચારસરણી માનવ સમાજ એવંમ્ લોકશાહી માટે ઘાતકવાદ છે. તેનાથી માનવની સાચી શક્તિ અવળે માર્ગે ફંટાય જતી હોય તેવા માનવનો સર્વાંગી વિકાસ થતો નથી. મતલબ કે આજે ગુજરાતની આમ જનતા જે પ્રકારે અનેક પ્રકારના 'વાદ' એવંમ્ વિચારસરણી લઈને જે પ્રકારે ચાલી રહી છે તેનો લાભ રાજકીય પક્ષો પોતાને સત્તા પ્રાપ્ત કરવા કે પછી સત્તા હાથમાં આવ્યા પછી તેને ટકાવવાની મજબુત સીડી તરીકે ઉઠાવી રહયા છે. મતલબ કે દુ:ખ ત્રાસ, હેરાનગતી, પરેશાની તો ગુજરાતની આમ જનતા તો વેઠી રહી છે પરંતુ જુદા જુદા પ્રકારના 'વાદ'ના કારણે સરકાર, પ્રશાસન સામે જે પ્રકારે અવાજ ઉઠાવવો જોઈએ તે ઉઠી શકતો નથી. મતલબ કે આવા સંકુચીત વાદના કારણે જનતાનું પ્રજાનું વજન પ્રશાસન પર પડતું નથી. કારણ કે તેઓને એવંમ્ શાસકોને તો સેવામાં નહીં પરંતુ માત્રને માત્ર પદ (ખુરશી) પૈસો (ભ્રષ્ટાચાર) અને પ્રતિષ્ઠા (રૂઆબ) માંજ રસ હોય તેમ ગુજરાતની જનતા ભાજપના મોદીના પ્રથમના પાંચ વર્ષના શાસનને બાદ કરતા ધીરે ધીરે આમ જનતા પર એવા કેટલાક 'વાદ'નું ભુત સવાર થઈ ગયું કે પછી ચડાવી દેવામાં આવ્યું હોય તેમ. જેમ એક કાળે ભારતમાં ઈન્દિરા ગાંધીના નામે રાજકારણમાં એવંમ્ ચુંટણી રૂપી પાણીમાં પત્થરા તરી જતા હતા તેમ ગુજરાતમાં મોદીના નામે પત્થરારૂપી ભાજપીઓ ધીંગી બહુમતી સાથે તરવા લાગ્યા. એટલુંજ નહીં ત્યારે ગુજરાતની વિવિધ વાદમાં ફસાયેલી જનતાને અણસાર પણ ન હતો કે ગુજરાતની જનતાનો 'વાદ' રાષ્ટ્ર માટે એક 'મોડેલ' બની જશે.!

અને ગુજરાતના નાથ, ગુજરાતના મસિહા મનાતા ન.મો.એ સારાયે રાષ્ટ્રમાં એવી તો 'વિકાસ'ની ડમરી નહીં રીતસરનું વાવાઝોડું સર્જી દીધું કે આઝાદીના કાળ પછી સૌ પ્રથમ લોકસભાની ચુંટણીમાં પુર્ણ બહુમત (એનડીએ) સાથે ગુજરાતના નાથ મટી દેશના નાથ બની ગયા.

અહીં ગુજરાતમાં દિવા પાછળ અંધારૂ, આનંદીબેનને કાઢયા, વિજય રૂપાણીને એક ખુણામાં ધકેલી દીધા. કારણ આમ જનતાનો વિરોધ ન હતો પરંતુ ભાજપના ધારાસભ્યો એવંમ્ ગુજરાતના ભાજપના આગેવાનોની જુથબંધીનું કારણ હતું? એના સ્વરૂપે એવંમ્ ભાજપની જુથબંધીનો ભાગરૂપે આપણને હાલના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈને મળેલા છે.

તેના વડપણ હેઠળનું કેવું? અને કયા પ્રકારનું પ્રજાકીય શાસન કેટલું શું વ્યવસ્થિત છે તે તો તાજેતરમાં મહાનગર જૂનાગઢને રૂપાળુ, સોહામણું અને લોકાર્ષકના ભાગરૂપે પ્રજાના પરસેવાના કિંમતી અબજો રૂપિયાના નાણાથી કરવામાં આવેલા વિકાસના કામોને જનતાને અર્પણ કરવા તાજેતરમાં જૂનાગઢ પધારેલા ત્યારે જૂનાગઢમાં સર્જાયેલી માનવસર્જીત મનાતી હોનારત એવંમ્ કાળવા નદીના વરસાદી પાણીના કુદરતી નિકાલને દેખીતા અવરોધરૂપ ગેરકાનુની બાંધકામોને દુર કરવાની તેમજ હવે પછી ભવિષ્યમાં કયારેય પણ જળ હોનારત સર્જાય નહીં તે બાબત ઉપર મનપાના શાસકો તરફ જે ઈશારો કરેલો તે થોડામાં ઘણું કહી જાય છે કે, જનતા જયાં સુધી સ્વયંમ્ જાગશે નહીં ત્યાં સુધી આવા 'ઈશારાઓ' મુખ્યમંત્રી જેવાઓને પણ કરવા પડશે.. કારણ કે બેફામ બનેલા મહાનગર જૂનાગઢના ભાજપના શાસકો તો એમજ માને છે કે જુદા જુદા 'વાદ'નું બાબરૂ ભુત પ્રથમથી જ જેના મગજમાં ઘુસાડી દેવામાં આવ્યું છે તેવી મહાનગરની આમ જનતા જશે તો જશે કયાં? મતલબ કે જનતા પાસે ભાજપનો બીજો કોઈ મજબુત બળુકો વિકલ્પ જ નથી. વિપક્ષ કોંગ્રેસ પણ મહાનગરમાં મરવાનાં વાંકે માંદગીના બિછાને પડીને કોંગ્રેસ માત્ર નામ પુરતી જીવતી જોવા મળે છે. પરિણામે બિન્દાસસ્ત પણે આપણા મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈના ગંભીર ઈશારાને પણ કહેવાતા ભ્રષ્ટ શાસકોને ઘોળીને પીતા વાર કેટલી?

મહાનગર ભાજપના શાસકોમાં બુધ્ધીનો છાંટો નથી તે વાત ખોટી છે. હકીકતે જુદા જુદા 'વાદ'માં રાચતી મનપાની જનતામાં કહીએ તો બુધ્ધીનો છાંટો નથી તે શું ખોટું છે?

જે હોય તે રાજકારણ છે, સત્તા છે, પૈસો છે, પદ છે, પ્રતિષ્ઠા છે. તો મહદઅંશે નાના મોટા 'વાદ' તો રહેવાના પણ જયારે જનતાની સુખાકારીનો પ્રશ્ન હોય ત્યારે તમામ પ્રકારના વાદને બાજુએ મુકીને 'હમ સબ એક હૈ'ના સુત્ર સાથે લડત આપવી જોઈએ. તે માત્ર હાકલા, પડકારા પુરતી નહીં પરંતુ જયાં સુધી લક્ષ્ય, ધ્યેય, પરિણામ, ફળપ્રાપ્ત ન થાય ત્યાં સુધી.!

એટલે જ સ્વામિ વિવેકાનંદને યાદ કરવા પડયા.. જો કે, હવે લોકસભાની ચુંટણી નજીકમાં હોવાથી જાગવાનો, ઉઠવાનો, ઉભો થવાનો, ચાલવાનો બધો જ સમય પુરો થઈ ગયો છે. માત્ર 'દોડવા'નો સમય હાથમાં છે. 'ફાસ્ટ' દોડો અને 'વાદ' છોડો અને ધાર્યા લક્ષ્યપ્રાપ્તી સુધી મંડયા રહો અને એક વખત બતાવી દો કે આ પત્થરા તરશે નહીં તેવું મોદીને સ્પષ્ટ સંદેશ આપી દો.

# સુહાના મસાલાએ ગુજરાત મસાલાની સ્પેશિયલ રેન્જ લોન્ચ કરી, જેની જાહેરાતમાં પદ્મશ્રી વિજેતા સરિતા જોશી અને ગુજરાતી સેલિબ્રિટી અંજલિ બારોટે ભાગ લીધો

## ગુજરાત માટે વિશેષરૂપે બનાવાયેલા નવા ઉત્પાદનની રેન્જ સુગંધ, તાજગી, રંગ અને મસાલાના સ્વાદ જેવા મહત્વના પરિબળો પર ધ્યાન આપવાની સાથે વિશિષ્ટ ખાદ્ય પદાર્થોના વપરાશની જરૂરિયાત પૂરી કરશે

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ, તા.૬

સમગ્ર દેશમાં ૬૧ વર્ષ કરતાં વધુ સમય સુધી સેવા આપ્યા પછી ભારતની લોકપ્રિય મસાલા બ્રાન્ડ સુહાનાએ આજે ગુજરાતના બજારમાં ગ્રાહકો માટે વિશેષરૂપે તૈયાર કરાયેલા મસાલાની નવી રેન્જ લોન્ચ કરવાની જાહેરાત કરી છે. કંપનીના નવા ઉત્પાદન પોર્ટફોલિયોમાં મસાલાની નવી કેટેગરીમાં સુહાના ગુજરાત સ્પેશિયલ લાલ મરચું પાવડર, સુહાના ગુજરાત સ્પેશિયલ ધાણા પાવડર, સુહાના ગુજરાત સ્પેશિયલ ધાણાજીરું, સુહાના ગુજરાત સ્પેશિયલ રેશમ કાશ્મિરી મરચું પાવડર અને સુહાના ગુજરાત સ્પેશિયલ હળદર પાવડરનો સમાવેશ થાય છે. આ ઉત્પાદનો ૧૦૦ ગ્રામ, ૨૦૦ ગ્રામ, ૫૦૦ ગ્રામ અને ૧ કિલોના પેકિંગમાં ઉપલબ્ધ છે, આ ઉપરાંત, રૂા. ૫/- અને રૂા. ૧૦/ની કિંમતે નાના પેક પણ ઉપલબ્ધ છે..

સુહાના તેના પ્રવાસના મહત્વના તબક્કામાં છે અને તેનો ધ્યેય મહારાષ્ટ્રથી આગળ અન્ય રાજ્યોમાં તેનો વિસ્તાર કરવાનો છે તેવા સમયે આ જાહેરાત કરવામાં આવી છે. સુહાના મહારાષ્ટ્રમાં જાણીતું નામ છે. બ્રાન્ડ વર્ષ ૨૦૦૯થી ગુજરાતના બજારમાં સ્પાઈસમિકસ આરટીસી સેગ્મેન્ટમાં મજબૂત ગ્રાહક આધાર ધરાવે છે અને સફળતાપૂર્વક તેની હાજરી જાળવી રાખી છે ત્યારે મસાલાની શ્રેણીમાં નવો ઉમેરો સતત મળતા ફીડબેક અને ઊંચી માગનું પરિણામ છે. ગ્રાહકોના સંશોધન અને બજારના વિશ્લેષણ મારફત મસાલા ઉત્પાદકે ગ્રાહકોના સ્વાદને અનુરૂપ સ્થાનિક ગુજરાતી સેફ્સ સાથે સહયોગ કરીને 'સુહાના ગુજરાતી સ્પેશિયલ મસાલા રેન્જ' રજૂ કરી છે.

સુહાનાને સમજાયું કે તેમના મસાલા સ્વાદ અને રંગની સાથે-સાથે વિશિષ્ટ સુગંધમાં જીતી રહ્યા છે; અને તેથી સુહાનાની ગુજરાતે સ્પેશિયલ શ્રેણી માટેની વેલ્યુ પ્રોપોઝિશનમાં જણાવાયું છે : 'સૌથી સારા રસોઈયા સ્વાદથી નહીં પરંતુ સુગંધથી મસાલાનું મૂલ્યાંકન કરે છે.' બ્રાન્ડે લેટેસ્ટ શ્રેણી માટે તેના મલ્ટી-મીડિયા પ્રચાર માટે પદ્મશ્રી એવોર્ડ વિજેતા સરિતા જોષી અને પ્રખ્યાત ગુજરાતી સેલિબ્રિટી અંજલિ બારોટ સાથે જોડાણ કર્યું છે. મલ્ટી-મીડિયા કેમ્પેન ટીવી, ડિજિટલ, આઉટ-ઓફ-હોમ અને રીટેલ એક્ટિવેશન માધ્યમ પર ચલાવાશે.

સુહાના બ્રાન્ડ મહારાષ્ટ્રમાં તેની મસાલાઓની શ્રેણી માટે બ્રાન્ડ વફાદારીનું ઊંચું સ્તર ધરાવે છે અને તે ગુણવત્તાના સાતત્યપૂર્ણ ઊંચા માપદંડો માટે પ્રખ્યાત છે. વિશેષ બ્રાન્ડ સુહાના, અંબારી, પ્રવીણ અને તૂફાન જેવી તેની બ્રાન્ડ્સના માર્કેટિંગ માટે ગુણત્તાના ઊંચા માપદંડોની ખાતરી કરવા માટે આંતરરાષ્ટ્રીય ગુણવત્તા પ્રમાણપત્ર અને ઉત્પાદન પ્રક્રિયામાં આકરી પ્રક્રિયાઓ અને બહુવિધ ચેકપોઈન્ટ્સને અનુસરે છે.

નવા મસાલાના લોન્ચિંગ અંગે વાત કરતાં પ્રવીણ મસાલાવાલે (સુહાના)ના ડિરેક્ટર, સ્ટ્રેટેજી, માર્કેટિંગ અને ફાઈનાન્સ, શ્રી વિશાલ ચોરડિયાએ જણાવ્યું હતું કે, ''અમે છ દાયકાથી વધુ સમયથી ભારતીય મસાલાની શ્રેણીમાં ઘરગથ્થુ નામ છીએ અને અમે આનાથી આગળ વિસ્તરણ, વૃદ્ધિ અને નવી ભૌગોલિક જગ્યાઓમાં પ્રવેશવાનું લક્ષ્ય રાખીએ છીએ. તેથી અમે ગુજરાત સ્પેશિયલ મસાલા શ્રેણી રજૂ કરી છે, જેમાં ભારતીય મસાલાઓમાં સામાન્ય રીતે ઉપયોગમાં લેવાતા મસાલાઓનો સમાવેશ થાય છે. ગુજરાતમાં સ્પેશિયલ પ્રોડક્ટ રેન્જ અને મલ્ટીમીડિયા માર્કેટિંગ અભિયાન સાથે નવી માર્કેટિંગ પહેલ અમારા વારસાને મજબૂત બનાવશે, અમારો ગ્રાહક આધાર વ્યાપક કરશે અને અમારા કારોબારની વિસ્તરણ યોજનાઓમાં યોગદાન આપશે.' ૩૦ વર્ષથી વધુ સમયના સમૃદ્ધ વ્યાવસાયિક અનુભવ સાથે એલ્ટિવિસ્ટ એડવાઈઝર્સના સ્થાપક વિવેક શર્માને સુહાના મસાલા માટે માર્કેટિંગ કન્સલટન્ટ તરીકે બોર્ડ પર લેવામાં આવ્યા છે જ્યાં તેઓ માર્કેટિંગ વ્યૂહરચના અને સંગઠનને આકાર આપવામાં મદદ કરી રહ્યા છે.

# બેટ દ્વારકાનાં સિગ્નેચર બ્રીજનું ખાનગી લોકાર્પણ?

## કોઈ શખ્સનો બ્રીજ ઉપર બુલેટ દોડાવતો કથિત વિડીયો વાયરલ થતા ખળભળાટ : લોકાર્પણ પૂર્વે નિયત ચકાસણી પહેલા સ્ટંટબાજીથી અકસ્માત થાય તો કોણ જવાબદાર?


(રાકેશ સામાણી દ્વારા)

દ્વારકાતા. ૬

બેટ દ્વારકાને જમીન માર્ગે જોડવા કરોડોનાં ખર્ચે સાકાર કરવામાં આવી રહેલ વડાપ્રધાન નરેન્દ્ર મોદીનાં ડ્રીમ પ્રોજેકટમાંનાં એક સિગ્નેચર બ્રીજનું લોકાર્પણ વડાપ્રધાન નરેન્દ્ર મોદીનાં જ હસ્તે થાય એવી તૈયારીઓ સરકાર દ્વારા થઈ રહી છે, પરંતુ એ પૂર્વે જ આ બ્રીજનું ખાનગી લોકાર્પણ થઈ ગયું હોય એવું ચિત્ર ઉપસાવતો કથિત વિડીયો સોશ્યલ મિડીયામાં વાયરલ થતા ખળભળાટ થયો છે.

એક શખ્સ સિગ્નેચર બ્રીજ ઉપર બુલેટ ઉપર સવાર થઈ પસાર થતો હોય એવો વિડીયો સોશ્યલ મિડીયામાં વાયરલ થયો છે. આ વિડીયો સિગ્નેચર બ્રીજનો હોવાનો દાવો વિડીયોમાં જ કરવામાં આવ્યો છે. જેને પગલે સુરક્ષાને લઈને અનેક સવાલો ઉભા થયા છે.

બેટ દ્વારકામાં દરીયામાં નિર્માણ કરવામાં આવેલ સિગ્નેચર બ્રીજનું કાર્ય પૂર્ણતાનાં આરે છે. મેગા પ્રોજેકટ બ્રીજનું ભવ્ય લોકાર્પણ થાય એ પહેલા અધિકૃત ઈજનેરી ચકાસણી વગેરે સુરક્ષાત્મક કાર્ય થવાનાં બાકી હોવાનાં સંજોગોમાં આ બ્રીજ ઉપર વાહન ચલાવવાની કથિત ઘટના કોઈ અકસ્માતમાં પરીણામે તો કોની જવાબદારી થાય? તે પણ એક મોટો સવાલ ઉભો થાય છે.




બ્રીજનાં નિર્માણ દરમ્યાન નાના-મોટા અકસ્માતોમાં માનવ ભોગ લેવાયો હોવાની ચર્ચા છે. જે અંગેની વિગતો સમુદ્રનાં પેટાળમાં જ રહે એવો પ્રયાસ થયો હોવાની પણ વાતો વહેતી થઈ છે. નિર્માણ કાર્યમાં કેટલા શ્રમિકોએ જીવ રેડી દિધો એ અંગે અધિકૃત માહિતી જાહેર કરવામાં આવી નથી. આટલા વિરાટ કાર્યમાં અકસ્માતની સંભાવના રહેલી હોય એ સ્વાભાવિક છે પરંતુ એવી ઘટનાઓ બહાર ન આવવી અસ્વાભાવિક (ગોઠવેલું) લાગે ત્યારે આવા સવાલ ઉઠવા પણ સ્વાભાવિક છે.

ઓખા-બેટ દ્વારકા વચ્ચે કરોડોના ખર્ચે તૈયાર થતાં સિગ્નનેચર બ્રિજનું હજુ કામ પુરૂં થયું નથી એ પૂર્વે "સ્ટાફ" નું નામ વટાવી અવર જવર કરતા વાહન ચાલકો ઉપર કોઈ આકસ્મીક બનાવ બનશે તો જવાબદાર કોન તેવો પણ સવાલ ઉઠવા પામ્યો છે.

# ચીન પીછેહઠ નહીં કરે ત્યાં સુધી ભારતીય વાયુ સેના LAC પર રાખશે નજર : એર ચીફ માર્શલ વી.આર. ચૌધરી



નવીદિલ્હી,તા. ૬


એર ચીફ માર્શલ વીઆર ચૌધરીએ (VR Chaudhari) મંગળવારે એક પ્રેસકોન્ફરન્સમાં જણાવ્યું હતું કે, વાયુસેના (Indian Air Force) આવનારા ૭ થી ૮ વર્ષમાં અંદાજે ૨.૫ થી ૩ લાખ કરોડ રૂપિયાના મિલિટ્રી પ્લેટફોર્મ, સાધનો અને હાર્ડવેરને સામેલ કરવા પર વિચાર કરી રહી છે. તેમણે એરફોર્સ ડે પહેલા કહ્યુ હતું કે, વાયુસેના વાસ્તવિક નિયંત્રણ રેખા (LAC) પર અને તેમાંપણ ખાસ કરીને પૂર્વી લદ્દાખની સ્થિતિ પર નજર રાખી રહી છે. વાયુસેના વધારાના ૯૭ હળવા કોમ્બેટ એરક્રાફ્ટ તેજસ માર્ક ૧છ ખરીદવાની યોજના કરી રહી છે.. એરફોર્સ ચીફે એક પ્રશ્નનો જવાબ આપતા કહ્યુ કે, એરફોર્સને જી-૪૦૦ મિસાઈલ સિસ્ટમના ૩ યુનિટ મળ્યા છે અને બાકીના ૨ યુનિટ આવતા વર્ષ સુધીમાં મળવાની આશા છે. તેમણે કહ્યું કે, અનિશ્ચિત ભૌગોલિક અને રાજકીય પરિસ્થિતિ ફરી એક મજબૂત સૈન્યની જરૂરિયાતને રેખાંકિત કરી રહી છે અને વાયુસેના આ ક્ષેત્રમાં ભારતની સૈન્યશક્તિને રજૂ કરવાનો આધાર રહેશે. વાયુસેના પ્રમુખે કહ્યું કે, અમે અગ્નિપથ યોજનાની સફળતા સુનિશ્ચિત કરવા માટે કોઈ કસર છોડી નથી. યુદ્ધ અને અભિયાનો દરમિયાન તેમના સંસાધનોનો અસરકારક રીતે ઉપયોગ કરવા માટે આર્મી, એરફોર્સ અને નેવીની ક્ષમતાઓને એકીકરણ કરવાના પ્રોજેક્ટ અંગે કામ ચાલુ છે.. ભારતીય વાયુસેના LAC પર ચીનની ગતિવિધિઓ પર સતત નજર રાખી રહી છે. LAC પર ભારત અને ચીન વચ્ચે છેલ્લા ૩ વર્ષથી તણાવની સ્થિતિ છે. ચીનને જડબાતોડ જવાબ આપવા માટે ભારત દ્વારા વધારાની સૈન્ય ટુકડીઓ પણ તૈનાત કરવામાં આવી રહી છે. બીજી તરફ, કેન્દ્ર સરકારે પ્રથમ વખત ભારત-ચીન સરહદ પર બોર્ડર ઈન્ટેલિજન્સ પોસ્ટ (BIP)ની સ્થાપનાને મંજૂરી આપી છે. LAC પાસે બેઈજિંગ દ્વારા સૈન્ય અને હથિયારોની તૈનાતી સંબંધિત ગતિવિધિઓ પર નજર રાખવા માટે સરકારે આ પગલું ભર્યું છે. દરેક BIP પર ૪ અથવા ૫ ઈન્ટેલિજન્સ બ્યુરોના અધિકારીઓ તૈનાત કરવામાં આવશે અને ITBPના જવાનો તેમની સુરક્ષા કરશે. સૂત્રએ જણાવ્યું હતું કે BIP પર તૈનાત કરાયેલા જવાનો સરહદ પારની ગતિવિધિઓ પર નજર રાખશે.

### ફાર્માસ્યુટિકલ કંપનીઓ પર લગાવ્યો પ્રતિબંધ

# અમેરિકાનો ચીનને વધુ એક ઝટકો

વોશિંગ્ટન, તા. ૬

અમેરિકા અને ચીન વચ્ચેના સંબંધોમાં તણાવ છે. તાજેતરના દિવસોમાં, અમેરિકી સરકારે આવા ઘણા પગલાં લીધા છે જેણે ચીનને આંચકો આપ્યો છે. હવે લેટેસ્ટ પગલા મુજબ અમેરિકાએ ચીનની ઘણી ફાર્માસ્યુટિકલ કંપનીઓ પર પ્રતિબંધ લગાડવાની જાહેરાત કરી છે. તમને જણાવી દઈએ કે ચીન સ્થિત આ કંપનીઓ તે રસાયણોનું ઉત્પાદન અને વિતરણ કરે છે જેનો ઉપયોગ ખતરનાક દવા ફેન્ટાનાઈલ બનાવવામાં થાય છે. તાજેતરના વર્ષોમાં, ફેન્ટાનાઈલ ડ્રગના કારણે અમેરિકામાં હજારો યુવાનો મૃત્યુ પામ્યા છે અને અમેરિકામાં મોટી સંખ્યામાં યુવાનો ડ્રગના વ્યસની બની રહ્યા છે. અમેરિકાએ તાજેતરમાં ચીનની ૨૫



કંપનીઓ અને લોકો પર પ્રતિબંધો લગાવ્યા છે અને તાજેતરના પ્રતિબંધો પણ એ જ એક કડીનો ભાગ છે.. યુએસ ટ્રેઝરી ડિપાર્ટમેન્ટે કહ્યું કે ચીન સ્થિત આ કંપનીઓ ફેન્ટાનાઈલ, મેથામ્ફેટામાઈન અને સ્ઢસ્છ જેવી દવાઓના મોટા જથ્થામાં ઉત્પાદન અને વિતરણ માટે જવાબદાર છે. આ કંપનીઓ ઝાયલિન અને નિટાઝીનની દાણચોરીમાં પણ સામેલ છે, જેનો ઉપયોગ ફેન્ટાનાઈલ અને અન્ય દવાઓ બનાવવામાં થાય છે. અમેરિકન અધિકારીઓનું કહેવું છે કે ફેન્ટાનીલ દવા અમેરિકામાં મેક્સિકોથી આવે છે પરંતુ તેને બનાવવા માટે વપરાતા કેમિકલ ચીનમાંથી આવે છે. અમેરિકાએ ચીનના વાંગ શુશેંગ અને ડુ ચેંગેન પર પ્રતિબંધો લગાવ્યા છે. વાંગ પર ફાર્માસ્યુટિકલ કંપનીઓની આડમાં દવાઓ માટે રસાયણોનું ઉત્પાદન કરતી કંપનીઓની સ્થાપના કરવામાં અન્ય લોકોને મદદ કરવાનો આરોપ છે. ડુ ચેન્જેન પણ આમાં મદદ કરે છે. અમેરિકામાં ઘણા દાણચોરો, ડાર્ક વેબ વિક્રેતાઓ, વર્ચ્યુઅલ કરન્સી અને મેક્સિકન ગુનાહિત સંગઠનોને ચીનમાંથી કાચો માલ સપ્લાય કરવામાં આવે છે.. અમેરિકાએ કહ્યુંછે કે તાલિબાને પહેલા તેમના વચનો પૂરા કરવા પડશે, ત્યારબાદ જ તેમની સરકારને કાયદેસરતા આપવામાં આવશે. યુએસ નેશનલ સિક્યોરિટી કાઉન્સિલના કોમ્યુનિકેશન્સ કોઓર્ડિનેશનના વડા જોન કિર્બીએ જણાવ્યું હતું કે 'અમે હજુ સુધી અફઘાનિસ્તાનની વહીવટી સત્તાને કાયદેસરતા આપી નથી. તેઓ આ ઈચ્છે છે પરંતુ પહેલા તેઓએ તેમના વચનો પૂરા કરવા પડશે. જ્હોન કિર્બીએ કહ્યું, 'જ્યારે તમે તમારા અડધા કર્મચારીઓ એટલે કે મહિલાઓ પર પ્રતિબંધ મૂકશો ત્યારે તમે કેવી રીતે કાર્યક્ષમ અર્થતંત્ર ધરાવી શકો? તેથી તેણે આપેલા વચનો માટે અમે તેને જવાબદાર ઠેરવી રહ્યા છીએ. જો કે, તેમણે કહ્યું કે 'અમેરિકા તાલિબાન સાથે વાત કરી રહ્યું છે.

# આત્મીય કોલેજ ખાતે ભૂકંપનું કંપન અનુભવાતા વિદ્યાર્થીઓનુ સલામત સ્થળે સ્થળાંતર






## ઘાયલ વિદ્યાર્થીઓને ફાયર વિભાગની ટીમોએ રેસ્ક્યુ કરી એમ્બ્યુલન્સમાં સ્થળ ઉપર સારવાર આપી નજીકની હોસ્પિટલે ખસેડયા

(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ તા. ૬

આત્મીય કોલેજ ખાતે કલાસરૂમમાં વિદ્યાર્થીઓનું લેકચર ચાલુ હતું તેવા સમયે અચાનક ભૂકંપના આચકા આવતા કોલેજ ખાતેની વોર્નિંગ એલાર્મ ગુંજી ઉઠી હતી. આ સાથે વિદ્યાર્થીઓમાં નાસભાગ મચી ગઈ હતી. કલાસરૂમના પ્રાધ્યાપકે સમય સૂચકતા વાપરી વિદ્યાર્થીઓને સલામત સ્થળે જવા માટે તુરત જ સૂચના આપી હતી. અને કોલેજ દ્વારા ઈમરજન્સી ફાયર વિભાગને જાણ કરવામાં આવતા નજીકના સ્થળેથી ફાયર વિભાગની ટીમો સ્થળ પર રવાના થઈ ચૂકી. આત્મીય કોલેજ કેમ્પસ ફાયર વિભાગના બંબાઓ, એમ્બ્યુલન્સની સાયરનથી ગુંજી ઉઠ્યું હતું. ફાયર વિભાગની ટીમ દ્વારા રેસ્ક્યુ સાધનો, સ્ટ્રેચર લઈને જે જગ્યાએ સૌથી વધુ અસર થઈ હતી તેવા કલાસરૂમ સુધી પહોંચી. કોલેજના એન.સી.સી.ના કેડેટસ દ્વારા તેઓને ગાઈડ કરવામાં આવ્યા હતા. ફાયર વિભાગના રેસ્ક્યુના જવાનોએ ઘાયલ લોકોને તુરત જ સ્ટ્રેચરમાં અને ખંભા ઉપર ઉઠાવી સલામત સ્થળે લઈ જઈ એમ્બ્યુલન્સમાં જરૂરી પ્રાથમિક સારવાર પૂરી પાડી હતી. જ્યારે અન્ય ટીમો દ્વારા રેસ્ક્યુના સ્પેડર, કટર, રેમજેક, ન્યૂમેટીક જેક, એર બેગ સહિતના સાધનો વડે અસરગ્રસ્ત રૂમમાં પહોંચી બાંકડા તેમજ દિવાલ નીચે દબાયેલા ઘાયલ વિદ્યાર્થીઓને સલામત રીતે બહાર કાઢી તેઓને તુરંત જ વધુ સારવાર અર્થે હોસ્પિટલે પહોંચાડ્યા હતા. જિલ્લા વહીવટી તંત્ર વતી મામલતદાર રૂદ્ર ગઢવી, સર્કલ ઓફિસર ઝાલા, તેમજ ડિઝાસ્ટર સેલના ડીપીઓ શ્રી ભરતભાઈ બારડ તેમજ કોર્પોરેશન ડિઝાસ્ટર સેલના પ્રોજેકટ ઓફિસર હસમુખભાઈ ભાસ્કરે ઉપસ્થિત રહી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

આ સમગ્ર રેસ્ક્યુ ઓપરેશનમાં ફાયર વિભાગના ડેપ્યુટી ચીફ ફાયર ઓફિસર બી. જે. ઠેબાની આગેવાનીમાં સ્ટેશન ઓફિસર મુબારક જુણેજા, રોહિત વિગોરા, લિડિંગ ફાયર ઓફિસર વિનોદ મકવાણા સહિત ફાયર વિભાગના કર્મચારીઓ જોડાયા હતા

રેસ્ક્યુ ઓપરેશન પૂર્ણ થતા મામલતદાર શ્રી રુદ્ર ગઢવીએ આ સમગ્ર ઘટનાને મોક ડ્રિલ હોવાનું જણાવતા ફાયર તેમજ ડિઝાસ્ટર સેલના અધિકારીઓ અને કર્મચારીઓ હાશકારો અનુભવ્યો હતો.

આ તકે મામલતદારે સૌને અભિનંદન પાઠવી આ મોક ડ્રીલ સફળ રહ્યાનું જણાવ્યું હતું. ગઢવીએ જણાવ્યું હતુ કે, કલેક્ટર પ્રભવ જોશી દ્વારા આ પ્રકારની કુદરતી આફતો અંગે સમયાંતરે મોકડ્રીલ યોજવાનું આયોજનના ભાગરૂપે આજરોજ આત્મીય યુનિવર્સિટી ખાતે ભૂકંપ અંગેની મોક ડ્રીલ યોજાઇ હતી આ તકે તેમણે આત્મીય કોલેજના સંચાલક, પ્રાધ્યાપક અને સ્ટાફગણનો સહકાર બદલ આભાર માન્યો હતો.

આજે અને આવતીકાલના રોજ

# બીલખામાં રાવતેશ્વર ધર્માલયના બ્રહ્મલીન મહંત પુજય ગોપાલાનંદજીબાપુની પાંચમી પુણ્યતિથી ધામધુમથી ઉજવાશે




## સંતવાણી અને પ્રસાદના ભવ્ય કાર્યક્રમનું આયોજન

(પ્રતિનિધી દ્વારા)

બીલખા તા.૬

બીલખામાં આગામી તા.૭-૧૦ને શનિવારના રોજ રાવતેશ્વર ધર્માલયના બ્રહ્મલીન મહંત પુજય ગોપાલાનંદજીબાપુની પાંચમી પુણ્યતિથી આવતી હોય શ્રી પંચ અગ્ની અખાડાના અધ્યક્ષ પુ.મુકતાનંદજીબાપુની પ્રેરણાથી અને પરમ પુજય શ્રી સંપુર્ણાનંદજીબાપુના અધ્યક્ષસ્થાને સમગ્ર ગ્રામજનો દ્વારા ઉજવવાની તડામાર તૈયારીઓ ચાલી રહી છે.

તા.૬-૧૦ના રોજ સાંજે એક વિશાળ બાઈક રેલી રાવતેશ્વર ધર્માલયમાંથી નીકળી ગામના મુખ્ય માર્ગો પર ફરીને પરત ફરી બાદમાં રાત્રે રાવતેશ્વર ધર્માલયના પટાંગણમાં સુપ્રસિધ્ધ લોકસાહિત્યકાર રાજભા ગઢવીના લોકડાયરાનું ભવ્ય આયોજન કરવામાં આવેલ છે.

તા.૭-૧૦ને શનીવારના રોજ સવારે ૯ કલાકે સાધુ-સંતો અને ગ્રામજનોની એક વિશાળ પદયાત્રા રાવતેશ્વર ધર્માલયમાંથી પ્રસ્થાન કરી રેલ્વે સ્ટેશન પાસે આવેલ બ્રહ્મલીન પરમ પુજય ગોપાલાનંદજીબાપુની પ્રતિમાએ પહોંચશે જયાં આગળ પુજન-અર્ચન કર્યા બાદ બપોરે રાવતેશ્વર ધર્માલયના પટાંગણમાં સમુહ પ્રસાદનો ભવ્ય કાર્યક્રમ યોજાશે. તો આ તમામ કાર્યક્રમોમાં ભાવિક ભકત અને ગ્રામજનોને જોડાવા હાર્દિક અપીલ કરવામાં આવી છે.

# ખંભાળિયામાં આવતીકાલે “વાઈબ્રન્ટ ગુજરાત - વાઈબ્રન્ટ દેવભૂમિ દ્વારકા” કાર્યક્રમ યોજાશે

(કુંજન રાડીયા દ્વારા)

જામ ખંભાળિયા, તા.૬

રાજ્ય સરકાર દ્વારા પ્રથમ વાઈબ્રન્ટ સમિટને વીસ વર્ષ પૂર્ણ થતાં તેના ભાગરૂપે જિલ્લા કક્ષાએ “વાઈબ્રન્ટ ગુજરાત વાઈબ્રન્ટ દેવભૂમિ દ્વારકા”નું આયોજન તા. ૭ ના રોજ સવારે ૧૦ વાગ્યે ખંભાળિયામાં નગરપાલીકા ટાઉનહોલ ખાતે યોજાશે. જેમાં મુખ્ય મહેમાન જિલ્લા પ્રભારી મંત્રી અને કેબિનેટ મંત્રી કુંવરજીભાઈ બાવળીયા, કેબિનેટ મંત્રી મુળુભાઈ બેરા, સાંસદ સભ્ય પૂનમબેન માડમ, દ્વારકા ધારાસભ્ય પબુભા માણેક, જિલ્લા પંચાયત પ્રમુખ રિધ્ધીબા જાડેજાની ઉપસ્થિતિમાં યોજાનાર છે. સરકાર દ્વારા એક્ષપોર્ટ કોક્લેવ્સ, સ્ટાર્ટઅપ, વન ડિસ્ટ્રીકટ વન પ્રોડક્ટ, Export Hub વિગેરે વિવિધ બાબતો અંગે જિલ્લાના ઉધોગ સાહસિકોને પ્રોત્સાહિત કરવા માટે અને ઉધોગોને બેંક તરફથી અને વિવિધ કચેરી મારફત કયા પ્રકારની સેવાઓ પ્રાપ્ત થાય છે અને તે સેવાઓના લાભ માટે થતી સમસ્યાઓ અંગે તાત્કાલીક સ્થળ પર નિકાલ કરવા માટે કાર્યક્રમમાં આનુષંગિક સ્ટોલ પણ રાખવામાં આવ્યા છે. આ કાર્યક્રમમાં જિલ્લા ઉધોગ કેન્દ્રની વિવિધ પ્રોત્સાહન યોજનાઓનું માર્ગદર્શન અને સાહિત્ય આપવામાં આવશે. કાર્યક્રમમાં ભાગ લેવા ઈચ્છતા ઉધોગ સાહસિકોએ https://forms.gle/Fcn82guZ6Qc4BJCGA લીંક પર રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે.

જિલ્લાનાં ઉધોગકારો તેમજ રસ ધરાવતાં પ્રજાજનોને ઉપસ્થિત રહેવા દેવભૂમિ દ્વારકા જિલ્લા ઉદ્યોગ કેન્દ્રની યાદીમાં જણાવાયું છે.

# ખંભાળિયા શહેરનો વ્યાપ, વિસ્તાર વધશે : નજીકની ચાર ગ્રામ પંચાયતોને પાલિકામાં ભેળવવા માટેનું આયોજન

(કુંજન રાડીયા દ્વારા)

જામ ખંભાળિયા, તા.૬

દેવભૂમિ દ્વારકા જિલ્લાનું મુખ્ય મથક ખંભાળિયા કે જેનો વિકાસ દિવસે-દિવસે વધી રહ્યો છે, અહીં સંલગ્ન ખાનગી કંપનીઓ તેમજ આસપાસના ગ્રામ્ય વિસ્તારોના વેપાર સહિતની બાબતોને ધ્યાનમાં રાખીને ખંભાળિયા નગરપાલિકા વિસ્તારની આજુબાજુ આવેલી જુદી-જુદી ચાર ગ્રામ પંચાયતોને ખંભાળિયા પાલિકા હેઠળ ભેળવવા માટેની તજવીજે હવે વધુ વેગ પકડ્યો છે.

ખંભાળિયા શહેરની વસ્તી આશરે ૪૦થી ૪૨ હજાર જેટલી હોવાના કારણે ખંભાળિયા નગરપાલિકા સી ગ્રેડ હેઠળ આવે છે. સી ગ્રેડમાં હોવાના કારણે સરકારના નિયમ મુજબ મર્યાદિત રકમની ગ્રાન્ટ આવે છે. ખંભાળિયા શહેર એ જિલ્લાનું મુખ્ય મથક હોવાના કારણે ખંભાળિયાનો વિકાસ થાય અને મહત્તમ લાભ મળે તે હેતુથી જિલ્લા કલેકટર અશોક શર્મા દ્વારા શહેરની આજુબાજુની ગ્રામ પંચાયતોના વિસ્તારોની જમીન ખંભાળિયામાં ભળે તે માટે અને પાલિકાનો વ્યાપ - વિસ્તાર વધુ થવા ઉપરાંત વધુ વિકાસ થાય તે બાબતના પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે.

ખંભાળિયા શહેર નજીકની ધરમપુર, રામનગર, શક્તિનગર અને હર્ષદપુર એમ ચાર ગ્રામ પંચાયતો ખૂબ જ સંલગ્ન અને જાણે એક જ વિસ્તાર હોય તે રીતે સામસામે ગલીઓમાં આવેલી છે. આ વિસ્તારમાં નગરપાલિકા તથા ગ્રામ પંચાયતની મિલ્કતો તદન બાજુ બાજુમાં છે. ત્યારે વર્તમાન પરિસ્થિતિ મુજબ ગ્રામ પંચાયતોનો વ્યાપ વિસ્તાર વધુ હોવા વચ્ચે તેમને ખૂબ જ નહિવત ગ્રાન્ટ પ્રાપ્ત થાય છે. જયારે ખંભાળિયા નગરપાલિકાને સરકાર દ્વારા કરોડો રૂપિયાની ગ્રાન્ટ મળે છે. જે માટે ક્યારેક તો પૂરતું આયોજન કરવું પણ અઘરું બની રહે છે.!

આ પરિસ્થિતિને ધ્યાને લઈ અને જિલ્લા કલેકટર અશોક શર્મા, કેબિનેટ મંત્રી મુળુભાઈ બેરા, સાંસદ પૂનમબેન માડમ તથા સ્થાનિક ગ્રામ પંચાયતો અને નગરપાલિકાના હોદ્દેદારો સાથે બેઠક યોજવામાં આવી હતી. આગામી તારીખ ૯ ઓક્ટોબરના રોજ નગરપાલિકાની સામાન્ય સભામાં પણ ગ્રામ પંચાયતોના વિસ્તારો ખંભાળિયા નગરપાલિકામાં ભેળવવા માટેનો ઠરાવ એજન્ડામાં લેવામાં આવ્યો છે. આ માટે જિલ્લા ભાજપ પ્રમુખ મયુરભાઈ ગઢવી, ધરમપુરના અગ્રણી અને જિલ્લા મહામંત્રી રસિકભાઈ નકુમ દ્વારા ચારેય ગ્રામ પંચાયતોના સરપંચ, તલાટી મંત્રી તેમજ આગેવાનો સાથે મીટીંગ કરી આ બાબતને વેગવંતી બનાવવા માટે પ્રયાસો કરવામાં આવ્યા છે.

દ્વારકા સ્થિત આરએસપીએલ કંપનીનો નવો પ્રોજેકટ

# ડેન્સ સોડા એસ અંતર્ગત પર્યાવરણ અંગે લોક સુનાવણી યોજાઈ





## ૩૬ મૌખિક તેમજ ૯ લેખિત આવેલ રજૂઆતોનું સુખદ નિરાકરણ આવ્યું

(રાકેશ સામાણી દ્વારા)

દ્વારકા તા.૬

દેવભૂમિ દ્વારકા નજીકના કુરંગા સ્થિત આવેલ RSPL લિમિટેડ (ઘડી કંપની) ના નવા પ્રોજેક્ટ ડેન્સ સોડા એસ માટે GPCB અંતર્ગત પર્યાવરણ સંદર્ભે ગઈકાલે લોક સુનાવણી યોજાઈ હતી. જેમા ૩૬ લોકોની મૌખિક રજૂઆત તથા ૯ લોકોની લેખિત અરજી સ્વીકારવામાં આવી હતી. GPCB જામનગરના પ્રાદેશિક અધિકારી કલ્પનાબેન પરમાર તથા દ્વારકા જિલ્લાના એડિશનલ ડિસ્ટ્રીકટ કલેકટર ભૂપેશ જોટાણીયાના અધ્યક્ષ સ્થાને યોજાયેલ આ પર્યાવરણીય લોક સુનાવણીમાં RSPL લિમિટેડના ઉપસ્થિત અધિકારીઓ દ્વારા તમામ લોકોની રજૂઆતો તથા પ્રશ્નોનો જવાબદારી પૂર્વક અને સંતોષકારક પ્રતિઉત્તર આપવામાં આવ્યો હતો. જેથી આ લોક સુનાવણીનો સુખદ નિરાકરણ આવ્યું હતું. અને સાથેસાથે લોક સુનાવણીમા ઉપસ્થિત લોકોએ RSPL લિમિટેડ (ઘડી કંપની) ના આવનારા પ્રોજેક્ટને આવકારી સમર્થન આપ્યું હતું. આ લોક સુનાવણીના કાર્યક્રમમાં દ્વારકાના ધારાસભ્ય પબુભા માણેક, ભાટિયાના લોહાણા અગ્રણી દ્વારકાદાસભાઈ રાયચુરા (મોટાભાઈ) તેમજ અન્ય આગેવાનો અને આરએસપીએલના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# રાજ્યની ૧૧ પબ્લિક યુનિવર્સિટીઓમાં તા. ૯ ઓક્ટોબરથી નવીન અધિનિયમની જોગવાઈઓ લાગુ પડશે

ગાંધીનગર તા.૬

મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ રાજય સરકારના ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ મંત્રી ઋષિકેશ પટેલ દ્વારા પંદરમી વિધાનસભાના સત્રમાં ગુજરાત પબ્લિક યુનિવર્સિટીઝ બીલ - ૨૦૨૩ મૂકવામાં આવ્યુ હતું. જે વિધાનસભામાંથી પસાર થયા બાદ રાજ્યપાલ શ્રી ની મંજૂરી માટે મોકલવામાં આવ્યું હતું. રાજ્યપાલની મંજૂરી મળ્યા બાદ સમગ્ર રાજયમાં આ નવીન એકટની જોગવાઈઓ ૯ મી ઓક્ટોબર ૨૦૨૩થી લાગુ થનાર છે તેમ ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યુંછે.

અત્રે નોંધનીય છે કે, આ એકટ અંતર્ગત વડોદરાની ધ મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઓફ બરોડા, અમદાવાદની ગુજરાત યુનિવર્સિટી , આણંદની સરદાર પટેલ યુનિવર્સિટી, સુરતની વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી , રાજકોટમાં આવેલી સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, ભાવનગરની મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટી, પાટણની હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, ડૉ.બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, કચ્છમાં આવેલી ક્રાંતિગુરુ શ્યામજી કૃષ્ણ વર્મા કચ્છ યુનિવર્સિટી, જૂનાગઢની ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, ગોધરાની શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટીને સમાવિષ્ટ કરવામાં આવી છે.

આ એકટની જોગવાઈઓથી ૧૧ પબ્લિક યુનિવર્સિટીની સ્વાયત્તા, ગુણવત્તા અને સંચાલન શક્તિમાં વધારો થશે તેમ મંત્રી શ્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું.

યુનિવર્સિટીના કુલપતિની ટર્મ પાંચ વર્ષની રહેશે. એક ટર્મ પૂર્ણ થયા બાદ અન્ય યુનિવર્સિટીના કુલપતિ તરીકે પાંચ વર્ષ ફરી વખત નિમણૂંક કરી શકાશે. જેનાથી યુનિવર્સિટીને કૌશલ્યવાન, ડાયનેમિક કુલપતિ પ્રાપ્ત થશે અને યુનિવર્સિટી સિસ્ટમને સ્થાપિત હિતો માટે ઉપયોગ કરવાના મુદ્દાઓનો પણ અંત આવશે.

આ વિધેયકની જોગવાઈઓના પાલનથી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP) ૨૦૨૦માં થયેલ સૂચનોનું અમલીકરણ વધુ સારી રીતે થઈ શકાશે. સુયોગ્ય સંકલનથી યુનિવર્સિટીઓ દ્વારા ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરવા માટેની સુવિધાઓનો યોગ્ય ઉપયોગ થઈ શકાશે. સુગઠિત નાણાંકીય અંકુશ આવશે. વિવિધ ક્ષેત્રોમાં પરિવર્તનાત્મક સંશોધનોને વેગ મળશે અને યુનિવર્સિટીને વધુ ઓટોનોમી પ્રાપ્ત થશે તેમ મંત્રીશ્રીએ કહ્યું હતું. આ એક્ટ અંતર્ગત યુનિવર્સિટીમાં વિવિધ ઓથોરિટીઝની પણ જોગવાઈ કરાઈ છે. જે અંતર્ગત બોર્ડ ઓફ મેનેજમેન્ટ યુનિવર્સિટીની મુખ્ય નિર્ણયકર્તા અને પોલિસી મેકિંગ ઓથોરિટી હશે. એક્ઝિક્યુટિવ કાઉન્સિલ બોર્ડ ઓફ મેનેજમેન્ટના માર્ગદર્શન હેઠળ રોજિંદા વહીવટ અને જરૂરી ફરજો નિભાવશે. એકેડમિક કાઉન્સિલ શિક્ષણ, સંશોધન, વિસ્તરણ, મૂલ્યાંકન અને શૈક્ષણિક નીતિઓ ઘડવામાં ખુબ જ મહત્વની ભૂમિકા ભજવશે. યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર દ્વારા કોલેજના અધ્યાપકો, આચાર્યો, યુનિવર્સિટીના પ્રોફેસરો, અધ્યક્ષોની નિમણૂકમાં ૩૩% મહિલા સભ્યોની જોગવાઈ કરાઈ છે. યુનિવર્સિટીમાં સેનેટ અને સિન્ડિકેટને સ્થાને બોર્ડ ઓફ મેનેજમેન્ટ કાર્યરત બનશે. નવા અભ્યાસક્રમો, સંસાધન અને સંસોધનને વેગ મળશે.

# ખંભાળિયાના કેશોદ ગામે દલિત વસ્તી સંપર્ક અભિયાન હાથ ધરાયું





(કુંજન રાડીયા દ્વારા)

જામ ખંભાળિયા, તા.૬

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિનના સેવા પખવાડિયાની ઉજવણીના ભાગરૂપે ખંભાળિયા તાલુકાના કેશોદ ગામે દલિત વસ્તી સંપર્ક અભિયાન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. દેવભૂમિ દ્વારકા જિલ્લા ભાજપ પ્રમુખ મયુરભાઈ ગઢવીના માર્ગદર્શન હેઠળ કેશોદ ગામના ગ્રામ પંચાયતના સદસ્ય તથા જિલ્લા ભાજપ મંત્રી ડેર તેમજ જિલ્લા ભાજપ અનુસૂચિત જાતિના પૂર્વ પ્રમુખ હરેશભાઈ ડગરા, સહિતના આગેવાનો - કાર્યકરોની ઉપસ્થિતિમાં કેશોદ ગામે સ્થાનિકોને કેન્દ્ર સરકાર તથા રાજ્ય સરકારની વિવિધ યોજનાઓથી માહિતગાર કરવામાં આવ્યા હતા. કેશોદ વિસ્તારના ૫૬ જેટલા પરિવારજનોને પ્રધાનમંત્રી આવાસ અને આંબેડકર આવાસ યોજના હેઠળ મળેલા લાભોને લોકોએ આવકારી અને કાર્યકરો - આગેવાનોનું સ્વાગત કરી, ફૂલહાર દ્વારા અભિવાદન કર્યું હતું. આ આયોજનમાં તાલુકા ભાજપ અનુસૂચિત જાતિ મોરચાના પ્રમુખ જીતુભાઈ ડગરા, નથુભાઈ ડોરુ, લખુભાઈ ચાવડા, એડવોકેટ મનીષ બોચિયા, હિતેશ બારોટ વિગેરે જોડાયા હતા. આ પ્રસંગે પ્રબુદ્ધ નાગરિકોનું સન્માન પણ કરવામાં આવ્યું હતું.

# ડાંગર, મકાઈ, બાજરી, જુવાર, રાગીની લઘુત્તમ ટેકાના ભાવથી ખેડૂતો પાસેથી સીધી ખરીદી થશે

(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ તા. ૬

ખેડૂતોને તેઓના પાકના પોષણક્ષમ ભાવ મળી રહે તે માટે ખરીફ માર્કેટિંગ સીઝન ૨૦૨૩-૨૪માં રાજ્ય સરકાર દ્વારા લઘુત્તમ ટેકાના ભાવે ડાંગર, મકાઈ, બાજરી, જુવાર તથા રાગીની ખરીદી સીધી ખેડૂતો પાસેથી કરવામાં આવનાર છે. આ ખરીદી ગુજરાત રાજ્ય નાગરિક પૂરવઠા નિગમ દ્વારા થશે. જેમાં પ્રતિ ક્વિન્ટલ ડાંગર (કોમન) રૂા.૨૧૮૩, ડાંગર (ગ્રેડ-એ) રૂા.૨૨૦૩, મકાઈ રૂ.૨૦૯૦, બાજરી રૂા.૨૫૦૦, જુવાર (હાઈબ્રિડ) રૂા.૩૧૮૦, જુવાર (માલદંડી) રૂા.૩૨૨૫, રાગી રૂા.૩૮૪૬ ટેકાના ભાવે ખરીદી કરાશે. રસ ધરાવતા ખેડૂતોએ વી.સી.ઈ. મારફતે જરૂરી આધાર પુરાવા સાથે, તા. ૧ ઓક્ટોબરથી ૩૧ ઓક્ટોબર દરમિયાન ઓનલાઈન નોંધણી કરાવવાની રહેશે. વધુ વિગતો માટે ગ્રામ પંચાયતનો સંપર્ક કરી શકાશે. ખરીફ માર્કેટિંગ સીઝન અંતર્ગત તા. ૧ નવેમ્બરથી ૧૫ જાન્યુઆરી સુધી ખરીદી કરાશે. રજિસ્ટ્રેશન કરાવેલા ખેડૂતોને એસ.એમ.એસ. મારફતે જાણ કરાશે. નોંધણી માટે કોઈ મુશ્કેલી જણાય તો હેલ્પ લાઈન નંબર ૮૫૧૧૧ ૭૧૭૧૮ તથા ૮૫૧૧૧ ૭૧૭૧૯ ઉપર સંપર્ક કરવાનો રહેશે.

# વાવવા આપેલી જગ્યા પર અનધિકૃત રીતે કબજો જમાવી દેતા ટિંબડીના શખ્સ સામે લેન્ડ ગ્રેબિંગ હેઠળ કાર્યવાહી

જામ ખંભાળિયા, તા.૬

ભાણવડ તાલુકાના ટિંબડી ગામે રહેતા રામાભાઈ નાથાભાઈ હુણ નામના ૬૦ વર્ષના રબારી વૃદ્ધ દ્વારા પોલીસમાં જાહેર કરેલી વિગત મુજબ આ જ ગામના ડાયા ઉર્ફે ભુપત બાવા શામળા નામના શખ્સને તેમણે પોતાની રેવન્યુ સર્વે નંબર ૨૩૫ ની આશરે સાડા પાંચ વીઘા જેટલી જમીનની વર્ષ ૨૦૧૨માં ખરીદી કરી અને થોડા સમય બાદ આરોપી ડાહ્યા ઉર્ફે ભુપતને વાર્ષિક રૂા.૧૦,૦૦૦ થી ખેડવા માટે આપી હતી. આ જમીન આરોપી ખેડતા હતા. પરંતુ તેના દ્વારા છેલ્લા પાંચેક વર્ષથી ફરિયાદી રામાભાઈ રબારીને આપવાના થતા પૈસા નહીં આપી અને આ જમીન ખાલી પણ ન કરતા આ અંગે રામાભાઈ દ્વારા ડાયા શામળા સામે આશરે રૂપિયા ૨૭ લાખની કિંમત પર ગેરકાયદેસર રીતે કબજો કરી રાખી અને આ જમીન પચાવી પાડવા સબબ ધોરણસર ફરિયાદ નોંધાવવામાં આવી છે.

# ખંભાળિયામાં રવિવારે નેત્ર નિદાન કેમ્પ - વિનામૂલ્યે મોતીયોના ઓપરેશન કરી અપાશે

(કુંજન રાડીયા દ્વારા)

જામ ખંભાળિયા, તા.૬

ખંભાળિયાની જાણીતી સેવા સંસ્થા માનવસેવા સમિતિના ઉપક્રમે અત્રે જામનગર રોડ ઉપર આવેલી લલીતાબેન પ્રેમજીભાઈ બદીયાણી હોસ્પિટલ ખાતે આગામી રવિવાર તા. ૮ મીના રોજ સવારે ૯ થી ૧૧ વાગ્યા સુધી વિના મૂલ્યે નેત્ર નિદાન, સારવાર તથા દવા વિતરણ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.

મુંબઈ લાયન્સ કલબના પ્રમુખ કરિશ્માબેન નિખિલભાઈ બરછાના આર્થિક સહયોગથી યોજવામાં આવેલા આ નેત્ર કેમ્પમાં શિવાનંદ મિશન - વીરનગરની પ્રખ્યાત આંખની હોસ્પિટલના તબીબો તથા ટેક્નિશીયનો સેવાઓ આપશે. ઓપરેશનની જરૂરિયાતવાળા દર્દીઓને વીરનગર લઈ જઈ અને આધુનિક પદ્ધતિથી મોતીયોનું ઓપરેશન કરી અને નેત્રમણી પણ વિનામૂલ્યે મૂકીને અત્રે પરત લાવવામાં આવશે.

આ કેમ્પનો મહત્તમ લાભ લેવા ખંભાળિયા તથા આસપાસના વિસ્તારના લોકોને માનવસેવા સમિતિના પ્રમુખ ધીરેનભાઈ બદીયાણી દ્વારા અપીલ કરવામાં આવી છે. આ કેમ્પ માટે સમિતિના સદસ્યો, કાર્યકરો દ્વારા જહેમત ઉઠાવવામાં આવી રહી છે.

# જૂનાગઢમાં શકિતની આરાધનાના પર્વ નવરાત્રી મહોત્સવને ભાવભેર ઉજવવા તડામાર તૈયારી

## પ્રાચીન-અર્વાચીન રાસની રમઝટ માટે શહેરમાં આવેલા વિવિધ ગરબી મંડળો ઉપરાંત જ્ઞાતિ સમાજો દ્વારા પણ પાર્ટી પ્લોટમાં રાસોત્સવનું થઈ રહ્યું છે આયોજન












(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૬

શકિતની આરાધનાના પર્વ એવા નવરાત્રી મહોત્સવનું પર્વ નજીક આવી રહ્યું છે. ત્યારે જૂનાગઢ સહિત સમગ્ર સૌરાષ્ટ્રમાં માતાજીના નવલા નોરતાને ઉજવવા અનેરો થનગનાટ જોવા મળી રહ્યો છે. જૂનાગઢ શહેરમાં નવરાત્રી મહોત્સવને ભકિતભાવ પુર્વક અને ઉમંગભેર ઉજવવાની તડામાર તૈયારીઓ ચાલી રહી છે. આ શહેરમાં વિવિધ વિસ્તારોના નામાંકિત ગરબી મંડળો દ્વારા પ્રાચીન રાસ-ગરબાની તૈયારીઓ પુરજોશથી થઈ રહી છે. બાળાઓના સુંદરમજાના રાસ અને માતાજીની આરાધનારૂપે ગવાતા ગરબાઓની તૈયારીઓ કરવામાં આવી રહી છે. પ્રાચીન ગરબાઓની સાથે અર્વાચીન રાસની પણ તૈયારીઓ શરૂ થઈ ચુકી છે અને આગામી તા. ૧૫ ઓકટોબરથી નવરાત્રીનો પ્રારંભ થવાનો છે ત્યારે બજારોમાં પણ સાંજના સમયે ભારે રોનક જોવા મળી રહી છે અને નવરાત્રીને અનુલક્ષીને ખેલૈયાઓ દ્વારા ડાંડીયાથી લઈ વર્તમાન સમયના ટ્રેન્ડ અનુસાર પોષાક સહિતની ખરીદી કરવામાં આવી રહી છે. તો બીજી તરફ ગરબી મંડળના સંચાલકો તેમજ જે તે જ્ઞાતિ સમાજ દ્વારા આયોજીત થતા રાસ-ગરબાના કાર્યક્રમો અંગેની પણ તૈયારીઓ થઈ રહી છે. આજે તો આધુનિક સંગીત સિસ્ટમ અપનાવવામાં આવી રહી છે ત્યારે વાંજીત્રોના સુર મેળવવાથી લઈ અને ગરબી મંડળના સંચાલકો પણ સજ્જ થઈ ગયા છે.

જૂનાગઢ શહેરમાં નવરાત્રી મહોત્સવને ધ્યાને લઈ અને તેમની તૈયારીરૂપે લગભગ તમામ જ્ઞાતિઓની દિકરીઓ માટે વિવિધ પાર્ટી પ્લોટસ કે મેદાનો ભાડે રાખીને આગવું આયોજન કરવામાં આવે છે. આ પ્રકારના આયોજનોમાં લેઉવા પટેલ, કડવા પટેલ, સિંધી સમાજ, લોહાણા સમાજ, સમસ્ત બ્રાહ્મસમાજ, પ્રજાપતિ સમાજ, મહેર સમાજ, આહિર સમાજ સહિતની જ્ઞાતિઓ મુખ્ય છે. આ જ્ઞાતિ આધારીત ગરબી મહોત્સવોમાં મોટાભાગે જે તે જ્ઞાતિના આગેવાનો દ્વારા ફકત એક જ જ્ઞાતિની દિકરીઓ માટે રાસોત્સવનું આયોજત થતું હોય છે. જૂનાગઢના નરસિંહ મહેતાના ચોરાની ગરબી, રંગમહેલ ઉપરાંત ગાંધીગ્રામ ગરબી મંડળ, વણઝારી ચોક વિસ્તારની પ્રાચીન ગરબીઓ દશકાઓથી યોજાતી આવી છે. આ પ્રાચીન રાસ-ગરબામાં પણ કેટલીક ખાસ વિશેષતા જોવા મળે છે. સળગતી ઈંઢોણીનો રાસ કે હાથમાં દિવડાઓ પ્રગટાવી ગરબે રમતી બાળાઓના રાસ જોવા એ વિસ્તારોમાં હકડેઠઠ માનવ મેદની એકઠી થાય છે. જૂનાગઢ શહેરમાં અસ્સલ કાઠીયાવાડી લઢણથી ગવાતા ગીતોની આ પ્રાચીન ગરબીઓના લગભગ ૧૦૦ જેટલા આયોજનો થાય છે. જેને શેરી કે મહોલ્લાની નાની બાળાઓના ગરબાઓ પણ કહેવામાં આવે છે. નવરાત્રી દરમ્યાન ઘરે-ઘરે જઈ કે ચોક્કસ મંદિર ઉપર જઈ બહેનો નવરાત્રી દરમ્યાન નવે દિવસો દરમ્યાન એક સ્થાને બેસી સમુહ ગરબા ગાય તેને બેઠા ગરબા કહેવાય છે. જૂનાગઢમાં નાગર જ્ઞાતિ ઉપરાંત બ્રાહ્મણ જ્ઞાતિમાં આ પ્રકારના બેઠા ગરબાની પ્રથા સદીઓથી જાણીતી હોવાનું જણાવાય છે. દરમ્યાન જૂનાગઢ શહેરમાં ગાંધીગ્રામ વિસ્તારમાં આવેલી ગાંધીગ્રામ ગરબી મંડળ પણ છેલ્લા કેટલાય વર્ષોથી નવરાત્રી ઉત્સવને ખુબ જ ભાવપુર્વક ઉજવવામાં આવે છે. ગાંધીગ્રામ ગરબી મંડળના કાર્યકર્તાઓ દ્વારા ભારે જહેમત ઉઠાવવામાં આવી રહી છે અને નવરાત્રી મહોત્સવની ઉત્સાહભેર તૈયારી કરવામાં આવી રહી છે.

આ ગરબીની ખાસ વિશેષતા એ છે કે અહી રમનારી નાની બાળાઓ પાસે ફકત અને ફકત એક રૂપીયો જ ટોકનરૂપે ફી લેવામાં આવે છે અને અહીં નાની બાળાઓ દ્વારા રમતા વિવિધ રાસને નિહાળવા લોકો ઉમટી પડતા હોય છે.

આ ઉપરાંત જૂનાગઢના સુખનાથ ચોક વિસ્તારમાં દશકાઓથી યોજાતી નરસિંહ મહેતાના ચોરાની ગરબી મહોત્સવના આયોજનમાં હિન્દુ-મુસ્લિમ પરિવારોનો ખુબ સાથ મળે છે. આ હિન્દુ પવિત્ર તહેવારને ઉજવવા મુસ્લિમ કાર્યકરો પણ ખુબ ઉત્સાહથી કાર્યરત બની જાય છે. અહીના મુસ્લિમ આગેવાનો ફકત આયોજનમાં ભાગ જ નથી લેતા પરંતુ આર્થિક રીતે પણ તેમનો ફાળો હોય છે. હિન્દુ-મુસ્લિમ દિકરીઓ માટે ગરબી માટેનું સ્ટેજ તૈયાર કરવું. મંડપ વગેરે સહિત વ્યવસ્થાથી માંડી ઘણીબધી કામગીરી અહીં વર્ષોથી હિન્દુ-મુસ્લિમ યુવાનો કે સદગૃહસ્થો સાંભળી રહ્યા છે. અહીં આ ગરબી મહોત્સવ જોવા શહેરભરમાંથી વિશાળ સંખ્યામાં લોકો ઉમટી પડે છે. જૂનાગઢની પ્રાચીન ગરબીઓમાં વણઝારી ચોકની ગરબી ખુબ જાણીતી છે. આ ગરબીમાં નવરાત્રી દરમ્યાન ફકત સ્ટેજ જ નહી આખા વિસ્તારને કમાનોથી શણગારવામાં આવે છે અને ચોકના લગભગ ૪૦ થી ૫૦ એપાર્ટમેન્ટ અને રહેઠાણોમાંથી સેંકડો બાળાઓ કાઠીયાવાડી જુના લઢણવાળા ગીતો અને તબાલા-હાર્મોનીયમના તાલે ગરબો ઘુમે છે. જૂનાગઢ સમસ્ત બ્રહ્મસમાજ સંગઠન દ્વારા ફકત મહિલાઓ સંચાલિત રાસોત્સવનું વિશિષ્ટ આયોજન કરવામાં આવ્યું છે. આ આયોજન અંગે સમસ્ત બ્રહ્મસમાજના જીલ્લા પ્રમુખ પ્રફુલભાઈ ત્રિવેદીએ જણાવ્યું છે કે, જૂનાગઢના બાયપાસ રોડ સ્થિત ગ્રીનસીટીની બાજુમાં ક્રિષ્ના ફાર્મ ખાતે તા. ૧૫ થી ૨૪ ઓકટોબર દરમ્યાન ફકત મહિલાઓ દ્વારા જ સંચાલિત અને વરિષ્ઠ મહિલા આગેવાન હેમાબેન આચાર્યની આગેવાની હેઠળ બ્રહ્મ રાસોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. આ મહિલા સંચાલિત રાસોત્સવમાં ગાયકો તરીકે પણ હાર્દિકા દવે તથા સ્મિતાબેન વિગેરે મહિલાઓ કાર્યરત રહેશે. ૨૦૦૦ દિકરીઓ રાસ રમી શકે તેવા આ નિઃશુલ્ક આયોજનનું સમગ્ર સંચાલન મહિલાઓ દ્વારા જ કરાશે અને આ આયોજન માટે બ્રહ્મ સમાજના મહિલાઓની વિવિધ સમિતિઓ બનાવી વ્યવસ્થાનું વિકેન્દ્રીકરણ કરવામાં આવ્યું છે.

નવરાત્રી મહોત્સવ એટલે માં જગદંબાની ભકિતના દિવસો અહી બ્રાહ્મણ પરિવારો ખાસ કરીને ભટ્ટ અટક ધરાવતા શ્રી ગૌડ માળવીય બ્રાહ્મણ પરિવારોમાં માતાજીના મંદિરે ૯ દિવસ સુધી રાત-દિવસ અખંડ દિવો રાખી માતાજી સમક્ષ સ્તુતી અને ભકિતભાવથી પૂજન કરી નવરાત્રી મહોત્સવની ઉજવણી કરવામાં આવે છે.

આમ જૂનાગઢની નવરાત્રી એટલે ફકત મોટા સ્પીકરો અને ધુમધડાકા, ગાયકી સાથે જ ઉજવાતી નવરાત્રી નહી પણ પરંપરાગત ભકિતભાવથી ઉજવાતી નવરાત્રી પણ કહેવી પડે. આમ જૂનાગઢ શહેરમાં આગામી નવરાત્રી મહોત્સવને ઉત્સાહભેર, ભાવભેર અને ઉમંગભેર ઉજવવાની તડામાર તૌયારીઓ ચાલી રહી છે.


પશ્ચિમ રેલવે – ભાવનગર ડિવિઝન

[illegible]

નં. W116/NIT/E Tender/2023 24/WA/23 તારીખ : 29-09-2023 ક્રમાંક નં.1: ઈ-ટેન્ડર નં. 106/2023-24-R. [illegible] 3, 6, 7, 10, 12, 13, 15 [illegible] ટેન્ડર મૂલ્ય (રૂ.): ₹ 23,80,000.00 ઈએમડી (રૂ.): ₹ 47,600.00 ક્રમાંક નં.2: ઈ-ટેન્ડર નં. 107/ 2023-24. [illegible] ટેન્ડર મૂલ્ય (રૂ.): ₹ 1,83,26,953.51, ઈએમડી (રૂ.): ₹ 2,41,600.00, બંને ટેન્ડરો માટે: બિડીંગ શરૂ થવાની તારીખ: 11/10/2023, બિડીંગ બંધ થવાની તારીખ: 25/10.2023. [illegible] www.ireps.gov.in પર 29-09-2023 [illegible]

અમને ફોલો કરો: twitter.com/WesternRly


# જૂનાગઢ તાલુકાના પાદરીયા ગામે આધેડની હત્યા : ૪ આરોપીની ધરપકડ કરતી પોલીસ



(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૬

જૂનાગઢ તાલુકાના પાદરીયા ગામના ચાર શખ્સોએ પ્લાસવા ગામના એક આધેડને અકળ કારણોસર આડેધડ લાકડાના ધોકાઓ વડે મરણતોલ ફટકાઓ મારીને હત્યા કરી નાખતા ચકચાર મચી જવા પામી છે. સવારે આધેડનો મૃતદેહ મળતા પોલીસે તપાસ કરીને ચારેય ઈસમો સામે હત્યાનો ગુનો દાખલ કર્યો છે. આ અંગે પોલીસે આપેલી વિગત અનુસાર જૂનાગઢ તાલુકાના પાદરીયા ગામના પંકજ કિશોરભાઈ સોંદરવા (ઉ.વ.૩૩) રહે. સિધ્ધાર્થનગરએગામના નાગા ફોગા આડેદરા, રાકેશ બાલુ બારૈયા, મયુર ઉર્ફે મેમાન મેઘજી ચુન અને જૈમીન જેન્તી કોળી નામના ચાર શખ્સો સામે તાલુકા પોલીસમાં ફરિયાદ નોંધાવી છે. વિનોદભાઈ પ્લાસાવા ગામે રહીનો એકલવાયું જીવન ગાળે છે. વિનોદભાઈ જયારે જયારે પંકજના ઘરે આવતા ત્યારે જમવાનું અને વાપરવા પૈસા આપતા હતા ત્યારે સાંજના સમયે પંકજ ગામમાં પાનની દુકાને બેઠો હતો. ત્યારે તેના કાકા વિનોદભાઈ લોહીલુહાણ હાલતમાં આવ્યા અને કહ્યું કે, મને ગામના નાગા મેર અને રાકેશ કોળીએ માર્યો છે. તે સમયે તેઓએ સારવાર કરવાની ના પાડી અને સમોસા ખાઈને જતા રહ્યા હતા. સવારે માલુમ પડયું કે, વિનોદભાઈ ગામના સોમનાથ સોસાયટી પાસેના ઓશો આશ્રમ પાસે પડયા હતા. જોયું તો તેના શરીર ઉપર મરણતોલ ફટકા માર્યા હોયતેવા નિશાન હતા. આ અંગે ગામના સરપંચને જાણ કરી અને પોલીસને જાણ કરવામાં આવી હતી. જૂનાગઢ તાલુકા પોલીસ સ્ટેશન ઘટના સ્થળે પહોંચી અને તપાસની કામગીરી હાથ ધરી હતી. એવું પણ બહાર આવ્યું હતું કે, આરોપીઓએ વિનોદભાઈને માર મારી અને તેમને ઢસડીને માર મારી અને લોહીલુહાણ હાલતમાં ફેંકીનો નાસી ગયા હતા. ગંભીર ઈજા થવાથી વિનોદભાઈનું મૃત્યું થયું હતું. પોલીસે તપાસ કરતા ગામના ઉપરોકત ચારેય આરોપીએ લાકડાના ધોકા જેવા સાંઠાઓ વડે આડેધડ માર મારતા વિનોદભાઈનું મોત થયું હતું. દરમ્યાન પંકજભાઈ કિશોરભાઈ સોંદરવાની ફરિયાદના આધારે નાગાભાઈ ઓડેદરા, રાકેશ બારૈયા, મયુર ઉર્ફે મેમાન મેઘજીભાઈ, જૈમીન જેન્તીભાઈ વિગેરે સામે કલમ ૩૦૨, ૩૨૩, ૧૧૪, એટ્રોસીટી એકટ-૧ (આર) (એચ) ૩ (૨) (૫) -એજીપીએકટ કલમ ૧૩૫ મુજબ ગુનો દાખલ કરવામાં આવેલ છે.

જૂનાગઢ તાલુકા પોલીસ સ્ટેશનના પીએસઆઈ જે.ડી. દેસાઈ દ્વારા આરોપીઓ વિરૂધ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો અને ઈન્ચાર્જ જૂનાગઢ એસસી/એસટી સેલના પોલીસ અધિકારી હિતેષ ધાંધલીયાના માર્ગદર્શન હેઠળ તપાસનો ધમધમાટ ચાલી રહ્યો છે. આરોપીઓની અટક કરવામાં આવી છે અને આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.


## જમીન, મકાન, દુકાન લે-વેચ માટે

રક્ષર સુવર્ણભૂમિમાં બ્લોક નં. ૧૨૦૨ વેચવાનો છે. ૩૧૦૦ કાર્પેટ એરીયા, 4BHK તથા દાસારામ પ્રાઈમમાં ૩/૪ માં ગ્રાઉન્ડ ફલોરમાં ૧૨૫૦નાં ૨ ગાળા વેચવાના છે.
તેમજ કોમર્શીયલ તથા મિલ્કત ભાડે ચડેલી મિલ્કત લેવી હોય તો મળશે.

**મયંક એસ્ટેટ**
**રસીકભાઈ પટેલ**
**મો. ૯૪૨૭૩ ૭૭૯૧૭**


# જૂનાગઢના સાબલપુર ચોકડી પાસે મંજુરી વિના ધમધમતો નેક્ષા કારનો શો-રૂમ આખરે સીલ કરતું મનપા તંત્ર




(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૬

જૂનાગઢ રાજકોટ હાઈવે ઉપર સાબલપુર ચોકડી નજીક આવેલ નેક્ષા કારના શોરૂમને મનપાએ સીલ મારી દીધું હતું. અનઅધિકૃત બાંધકામમાં છેલ્લા ૨ વર્ષથી શોરૂમ ધમધમતો હતો. જોકે, શોરૂમને સીલ મારવાની વાત છૂપાવવા એસટીપીઓ બિપીન ગામીતે લાખ પ્રયાસ કર્યા હતા પરંતુ તેના કમનસિબે તેની કોશિષ નાકામિયાબ રહી હતી. એસટીપી બિપીન ગામીતનું કારના શોરૂમને સિલ મારવાની વિગતો છૂપાવવાનું રહસ્ય વધુ ઘેરૂ બન્યું છે. જૂનાગઢ -રાજકોટ હાઈવે ઉપર સાબલપુર ચોકડી નજીક મારૂતી સુઝુકીની નેક્ષા કારના ડિલરનો શોરૂમ આવેલો છે. દરમ્યાન ગુરૂવારની સાંજના સમયે એસટીપીઓ બિપીન ગામીત અને દબાણ શાખાના સ્ટાફનો કાફલો નેક્ષાના શોરૂમે ધસી ગયો હતો અને શોરૂમને સિલ મારવાની કામગીરી હાથ ધરી હતી. ખાસ કરીને આ શોરૂમ મનપાની મંજૂરી વિના જ અનઅધિકૃત રીતે બાંધકામ કરીને બનાવાયો હતો. આ શોરૂમ છેલ્લા બે વર્ષથી મંજૂરી વિના જ ચાલતો હતો. મનપા દ્વારા અગાઉ પણ નોટિસો અપાઈ હતી. તેમ છતાં નોટિસોની પરવાહ કર્યા વિના શોરૂમ ધમધમતો હતો જેને ગુરૂવારે સીલ મારી દીધું હતું. દરમિયાન આ શોરૂમના માલિક રાજકોટના હોવાનું ચર્ચાઈ રહ્યું છે. સવાલ એ ઉઠવા પામે છે કે, એસટીપીઓ બીપીન ગામીતે ચાર્જ સંભાળ્યાના આટલા સમય સુધી કેમ સીલ મારવાની કામગીરી હાથ ન ધરી ? હવે અચાનક કેમ સીલ મારવાનું યાદ આવ્યું ? સીલ મારવાની કામગીરી તો સારી કામગીરી કહેવાય, છતાં તેને છુપાવવાનો પ્રયાસ રહસ્યમય બન્યો છે તેવી ચર્ચા થઈ રહી છે.


## ઉધઈથી બચો..

૧૦ વર્ષની ગેરંટી સાથે આપના બંગલા, દુકાન, ટેનામેન્ટ, મકાન, ઓફિસમાં ઈન્જેકશન દ્વારા ઉધઈ ટ્રીટમેન્ટ કરી આપીશું.

**સચિનભાઈ**
**મો. ૯૮૨૫૯ ૭૬૨૫૧**

## ઓફર...ઓફર...

M. 99787 06355
☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨

તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.

એકસચેંજ ઓફર

LED TV રૂા. 6500* થી શરૂ

ફ્રીઝ ૯૫૦૦ થી શરૂ

MI-GL

ઘરઘંટી ૯૫૦૦ થી શરૂ

**બીના ઈલેક્ટ્રોનિક્સ**

Kelvinator

MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્લ્ડ.
LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ

0% ફાઈનાન્સ 0% ડોકયુમેન્ટ ચાર્જ

જે.પી. ચોટાઈ કોમ્પલેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.

માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.

## ૐ નેચર કયોર સેન્ટર
**ડો. સી.ડી. ઓઝા**

તમામ પ્રકારની નૈસર્ગિક ટ્રીટમેન્ટ ઉપલબ્ધ જેવી કે

- શીરોધારા : માઈગ્રેન, માથાનો દુઃખાવો, તણાવ, ચિંતા, ડીપ્રેશન, અપચો, કબજીયાત, કંપન, વાળ ખરવા, ચામડીના રોગો તથા સ્વસ્થ વ્યકિત માટે
- નસ્ય : સાઈનસ, નાક બંધ થઈ જવું, એલર્જી, ચિંતા
- નેત્ર તર્પણ : આંખનાં નંબર ઉતારવા, આંખમાં બળતરા થવી, આંખ આવવું, આંખોમાંથી પાણી નીકળવું
- જાનુ બસ્તિ : ગોઠણનાં દુઃખાવા
- કટિબસ્તિ : કમરમાં દુઃખાવો, સાઈટીકા, પગમાં ખાલી ચડવી
- મડ બાથ : ચામડીના રોગો ઉપરાંત સ્ટીમ બાથ, અભ્યંગ, ગ્રીવા બસ્તિ, પોટલી મસાજ જેવા ઉપચારો

ઉપર મુજબની તમામ ટ્રીટમેન્ટ રોગોમાં તથા સ્વસ્થ વ્યકિત દ્વારા પણ કરાવી શકાય છે.

**દરરોજ સાંજે ૭ થી ૮**
**નિષ્ણાંત આયુર્વેદ તબીબ દ્વારા મફત નિદાન કરી આપવામાં આવશે**

ગીરીરાજ મેઈન રોડ, ક્રિષ્ના પ્રોવીઝન સ્ટોર સામે, નોબલ સ્કુલ પાસે, જૂનાગઢ. મો. ૯૮૯૮૭ ૨૬૦૦૨